અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ જુલાઈ ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ ૧૫ | અંક : ૩૫૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### રાત્રે એક ડમ્પરે બેકાબૂ બની એક ઝુંપડાંમાં સૂતા પરિવારને કચડી નાખ્યો

। (એજન્સી) લખનઉ, તા.૨૦ ।

ઉત્તરપ્રદેશની રાજધાની લખનઉમાં ભયાનક અકસ્માત સર્જાયો છે. બીબીડી યુનિવર્સિટી નજીક અયોધ્યા હાઈવે પર શુક્રવાર રાત્રે એક ડમ્પરે બેકાબૂ બની એક ઝુંપડાંમાં સુતા પરિવારને કચડી નાખ્યો હતો. કપચી ભરેલુ ડમ્પર બેકાબુ બનતાં હાઈવે નજીક એક ઝૂંપડાંમાં ઘૂસી ગયુ હતું. ઘરમાં સુઈ રહેલા દંપત્તિ અને તેમના બે બાળકોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. એક સાત વર્ષની બાળકી માંડ માંડ બચી છે. મહિલા આઠ માસની ગર્ભવતી હતી. બારાબંકીના જૈતપુર નિવાસી ઉમેશ ટાઈલ્સ કારીગર હતો. જે હાઈવે નજીક ઝૂંપડામાં પત્નિ નીલમ દેવી , પુત્ર ગોલૂ અને સની અને પુત્રી વૈષ્ણવી સાથે રહેતા હતા. શુક્રવારે તેઓ રાત્રે ઘરમાં ગાઢ નિંદ્રામાં હતાં. ત્યારે અચાનક એક ડમ્પરે ચારેયના જીવ લઈ લીધા હતા. વૈષ્ણવી આ અકસ્માતનો ભોગ બનતાં બનતાં બચી હતી. પોલીસે મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. ડમ્પર ચાલકની ધરપકડ કરવામાં આવી છે. નીલમના ભત્રીજા ધરમસિંહે એફઆઈઆર નોંધાવી છે. પોલીસે મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. ડમ્પર ચાલકની ધરપકડ કરવામાં આવી છે. નીલમના ભત્રીજા ધરમસિંહે એફઆઈઆર નોંધાવી છે.

# રાજ્ય સરકારે મુખ્ય શિક્ષક માટેના બદલી માટેના નિયમો જાહેર કર્યા

## લાંબા સમયથી બદલી નિયમોની પ્રતિક્ષા કરી રહેલા HTAT મુખ્ય શિક્ષકોના વિશાળ હિતમાં રાજ્ય સરકાર દ્વારા બદલી નિયમો જાહેર કરવામાં આવ્યા

। ગાંધીનગર, તા.૨૦ ।

રાજ્યની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો માટે સૌથી મોટા સમાચાર આવ્યા છે. રાજ્ય સરકારે મુખ્ય શિક્ષક માટેના બદલીના નિયમો જાહેર કર્યા છે. મુખ્ય શિક્ષક HTAT ના બદલીના નિયમો જાહેર કરવામાં આવ્યા છે. મુખ્ય શિક્ષકો દ્વારા ગાંધીનગર ખાતે બદલીના નિયમો જાહેર કરવા આંદોલન કરાયું હતું, જેનો સુખદ અંત આવ્યો છે. લાંબા સમયથી બદલીના નિયમો તૈયાર થઈ રહ્યા હતા. શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે બદલીના નિયમો અંગે ટ્વીટર કર્યું છે. શિક્ષણ મંત્રીએ ટ્વિટમાં કહ્યું કે, ગૂરૂપૂર્ણિમા નિમિત્તે ગુજરાતના ગુરુજનોને રાજ્ય સરકારની ભેટ.. માન. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોના બદલીના નિયમો જાહેર. રાજ્ય સરકારનાં પારદર્શી, પ્રતિબધ્ધ અને પ્રમાણિક પ્રયાસોનું પરિણામ ગુરુજનોને અર્પણ.

રાજ્ય સરકારનો HTAT મુખ્ય શિક્ષકોના માટે સંવેદનશીલ નિર્ણય. લાંબા સમયથી બદલી નિયમોની પ્રતિક્ષા કરી રહેલા HTAT મુખ્ય શિક્ષકોના



વિશાળ હિતમાં રાજ્ય સરકાર દ્વારા બદલી નિયમો જાહેર કરવામાં આવે છે.

● શિક્ષણ વિભાગના તા.૨૨/૦૬/૨૦૧૧ ના ઠરાવથી RTE ACT ૨૦૦૯ હેઠળ HTAT મુખ્ય શિક્ષકની નવી કેડર ઉભી કરવામાં આવેલ.

● આ દરમિયાન HTAT મુખ્ય શિક્ષકની કેડરને શિક્ષણ વિભાગના તાઃ- ૧૫/૦૩/૨૦૨૧ ના ઠરાવથી શૈક્ષણિક કેડર જાહેર કરવામાં આવેલ. તેથી મુખ્ય શિક્ષકોની માંગણી હતી કે તેઓને વહીવટી કર્મચારીના બદલીના સિધ્ધાતો લાગુ પાડવા જોઈએ નહી.

● આ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી જેનો જરૂરી અભ્યાસ કરી સરકારશ્રી આજ રોજ HTAT મુખ્ય શિક્ષકની બદલીના નિયમો જાહેર કરે છે .

(૧) મહેકમ ગણવાની પધ્ધતિ

● બાલવાટીકાથી ધો-૫ માં ૧૫૦ કે તેથી વધુ વિધાર્થી સંખ્યા હોય, ત્યારે ૧ મુખ્ય શિક્ષક મળવાપાત્ર થાય.

● ધો-૬ થી ૮ માં ૧૦૦ કે તેથી વધુ વિધાર્થી સંખ્યા હોય, ત્યારે ૧ મુખ્ય શિક્ષક મળવાપાત્ર થાય.

● બાલવાટીકાથી ધો-૮ માં ૧૫૦ કે તેથી વધુ વિધાર્થી સંખ્યા હોય, ત્યારે ૧ મુખ્ય શિક્ષક મળવાપાત્ર થાય.

(૨) જિલ્લા આંતરિક બદલીની માંગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલની શાળામાં ઓછામાં ઓછી ૩ વર્ષની નોકરી પૂર્ણ થયેલ હોવી જોઈશે.

(૩) જિલ્લા ફેર બદલીની માંગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલના જિલ્લામાં ઓછામાં ઓછી ૫ વર્ષની નોકરી પૂર્ણ થયેલ હોવી જોઈશે. ૫૦ % જગ્યાઓ અગ્રતાથી અને ૫૦ % શ્રેયાનતાથી ભરવાની રહેશે.

(૪) તબીબી કિસ્સાઓની બદલી, રાષ્ટ્રીય/રાજય સુરક્ષા હેઠળના અધિકારી કર્મચારીઓના મુખ્ય શિક્ષક પતિ/પત્નીની બદલીઓ, રાજયના વડા મથકના બિન બદલીપાત્ર અધિકારી/કર્મચારીઓના મુખ્ય શિક્ષક પતિ/પત્નીની બદલીઓ જેવા કિસ્સાઓમાં પણ બદલી અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

### કાર્યકાળ પુરો થવામાં બાકી હતો ૫ વર્ષનો સમયગાળો

# UPSCના ચેરમેન મનોજ સોનીએ આપ્યું રાજીનામું

**આ પ્રસંગે મોદીએ મુંબઈમાં કાર્યક્રમમાં હાજરી આપી**

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

UPSCના ચેરમેન મનોજ સોનીએ અંગત કારણોસર રાજીનામું આપ્યું છે. જૂનના અંતમાં આપવામાં આવેલા તેમના રાજીનામાને સ્વીકારવાની સત્તાવાર માહિતી બહાર આવી નથી. સૂત્રોનું કહેવું છે કે હાલ ડીઓપીટીએ રાજીનામું સ્વીકાર્યું નથી. સોનીનો કાર્યકાળ ૨૦૨૯ માં સમાપ્ત થવાનો હતો, પરંતુ અનુપમ મિશન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેમણે રાજીનામું આપ્યું છે. UPSCના ચેરમેન મનોજ સોનીએ ૨૦૨૯માં તેમનો કાર્યકાળ પૂરો થાય તે પહેલા રાજીનામું આપી દીધું છે. તેમણે ૨૦૧૭માં UPSCના સભ્ય તરીકે ચાર્જ સંભાળ્યો અને



૨૦૨૩માં અધ્યક્ષ બન્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર સોની હવે ગુજરાતના અનુપમ મિશન માટે વધુ સમય ફાળવવા માંગે છે. રિપોર્ટ્સ અનુસાર મનોજ સોની પીએમ નરેન્દ્ર મોદીના ખાસ છે. વર્ષ ૨૦૦૫માં તેમણે જ મનોજ સોનીની વડોદરા, ગુજરાતમાં સ્થિત એમ એસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે નિમણૂક કરી હતી.

### અરવિંદ કેજરીવાલ ડોકટરો દ્વારા સૂચવવામાં આવેલ ડાયટ ચાર્ટને અનુસરતા ન હોવાનો પણ પત્રમાં ઉલ્લેખ

# કેજરીવાલ જાણી જોઈને જેલમાં ઓછી કેલરીવાળો લઈ રહ્યા છે ખોરાક

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦।

લેફ્ટનન્ટ ગવર્નરના મુખ્ય સચિવ વીકે સક્સેનાએ દિલ્હીના મુખ્ય સચિવને પત્ર લખ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે અરવિંદ કેજરીવાલ જેલમાં જાણીજોઈને ઓછી કેલરીવાળો ખોરાક લઈ રહ્યા છે. કેલરી ઓછી હોવાને કારણે તેમનું વજન ઘટી રહ્યું છે. કેજરીવાલ યોગ્ય આહાર નથી લઈ રહ્યા. ૬ જૂનથી ૧૩ જુલાઈ વચ્ચે યોગ્ય આહાર લેવામાં આવ્યો ન હતો. કેજરીવાલ ડાયટ ચાર્ટને અનુસરતા નથી. પત્રમાં જેલ અધિક્ષકના અહેવાલને



ટાંકીને લખવામાં આવ્યું છે કે એલજીએ મુખ્યમંત્રી દ્વારા સૂચવવામાં આવેલ તબીબી આહાર અને દવાઓનું સેવન ન કરવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કેજરીવાલ જાણીજોઈને ઓછી કેલરીવાળો ખોરાક લે છે. તે ડોકટરો દ્વારા આપવામાં આવેલ ડાયટ ચાર્ટનું પાલન કરી રહ્યા નથી. એલજી ઓફિસ દ્વારા લખવામાં આવેલા પત્ર અંગે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે કહ્યું, 'એલજી સાહેબ તમે શું મજાક કરી રહ્યા છો? શું કોઈ માણસ સુગર ઘટાડશે? જે ખૂબ જ જોખમી છે. એલજી સાહેબ, જો તમને રોગ વિશે ખબર ન હોય તો તમારે આવો પત્ર ન લખવો જોઈએ. ભગવાન ના કરે કે તમારા પર ક્યારેય એવો સમય આવે.બીજી તરફ દિલ્હી સરકારના મંત્રી આતિષીએ કહ્યું કે, 'ભાજપ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મારવાનું કાવતરું ઘડી રહ્યું છે.

### મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં મુશળધાર વરસાદ

# મુંબઈમાં ભારે વરસાદને પગલે અનેક વિસ્તાર પાણીમાં ગરકાવ થયા

**મુંબઈ માટે ૨૧ અને ૨૨ જુલાઈ ભારે વરસાદની શક્યતા**

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જેના પગલે કેટલાક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં ૨૦ જુલાઈ સવારથી જ મુશળધાર વરસાદ શરુ થયો છે. ભારે વરસાદને પગલે અનેક વિસ્તાર પાણીમાં ગરકાવ થયા હતા. રસ્તાઓ પર વરસાદના પાણી ફરી વળતા વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ સેવા પર પણ અસર જોવા મળી હતી. અનરાધાર વરસાદથી માયાનગરી મુંબઈ પાણી-પાણી થઈ ગયું હતું. શહેરમાં



અનેક લોકોના ઘરોમાં પણ-પાણી ઘુસી ગયા છે. વરસાદ વચ્ચે હવમાન વિભાગએ મુંબઈમાં ૨૧ જુલાઈ મધ્યમથી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. મુંબઈ માટે આગામી બે દિવસ ૨૧ અને ૨૨ જુલાઈ ભારે વરસાદની શક્યતા છે. તેમજ ૨૦ જુલાઈની રાત્રે લગભગ ૯ વાગ્યે હાઈટાઈડની ચેતવણી પણ જાહેર કરવામાં આવી છે.

# '...તો હું સત્તા સંભાળતા પહેલા યુદ્ધનો અંત લાવીશ' : ટ્રમ્પ

## અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી વચ્ચે ફોન પર વાતચીત થઈ છે

। (એજન્સી) અમેરિકા, તા.૨૦ ।

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી વચ્ચે ફોન પર વાતચીત થઈ છે. ટ્રમ્પે આ માહિતી આપી અને કહ્યુ કે રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પણ તેમના પર થયેલા ઘાતક હુમલાની નિંદા કરી છે. ટ્રમ્પે એ પણ જાહેરાત કરી છે કે જો તેઓ અમેરિકાના આગામી રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાશે તો તેઓ રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવશે. તેમણે કહ્યું કે, "હું પદ સંભાળતા પહેલા યુદ્ધનો અંત લાવીશ."યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથેની તેમની વાટાઘાટો વિશે માહિતી આપતા, રિપબ્લિકન ઉમેદવાર ટ્રમ્પે કહ્યું કે રાષ્ટ્રપતિ તરીકે તેઓ વિશ્વમાં શાંતિ લાવવાનો પ્રયાસ કરશે, અને તેથી તેમણે "હિંસા" સમાપ્ત કરવા માટે બંને પક્ષો સાથે વાટાઘાટ કરવાની આશા વ્યક્ત



કરી. ટ્રમ્પે કહ્યું કે યુક્રેનના રાષ્ટ્રપતિએ તેમને રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે નામાંકિત કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના નિવેદનમાં કહ્યું, "હું, તમારા (અમેરિકાના) આગામી રાષ્ટ્રપતિ તરીકે, વિશ્વમાં શાંતિ લાવીશ અને યુદ્ધનો અંત લાવીશ જેણે ઘણા લોકોના જીવ લીધા છે અને અસંખ્ય પરિવારોનો નાશ કર્યો છે. બંને પક્ષો (રશિયા-યુક્રેન) અમે સાથે આવીશું અને એવા સોદાની વાટાઘાટ કરો જે હિંસાનો અંત લાવશે અને સમૃદ્ધિનો માર્ગ મોકળો કરશે."યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પણ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર ટ્રમ્પ સાથેની વાતચીતની માહિતી આપી હતી. જો કે, તેમણે તેમની પોસ્ટમાં બે વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા આ યુદ્ધને સમાપ્ત કરવા અંગે આવી કોઈ ટિપ્પણી કરી નથી. તેમણે કહ્યું, "યુક્રેન રશિયન આતંકવાદનો પ્રતિકાર કરવાની અમારી ક્ષમતાને મજબૂત કરવામાં તેની મદદ માટે હંમેશા યુનાઈટેડ સ્ટેટ્સનો આભારી રહેશે. અમે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની વ્યક્તિગત બેઠકમાં ચર્ચા કરવા સંમત થયા છીએ કે કયા પગલાં ન્યાયી અને સાચી રીતે "તેને કાયમી બનાવી શકે છે." "ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે જો તેઓ ચૂંટણી જીતી જશે તો જાન્યુઆરીમાં તેઓ (રાષ્ટ્રપતિ પદ) સંભાળે તે પહેલા જ યુદ્ધનો અંત લાવશે. તેણે એમ પણ કહ્યું કે જો તે ફેબ્રુઆરી ૨૦૨૨માં રાષ્ટ્રપતિ હોત તો રશિયાએ યુક્રેનમાં તેના સૈનિકો ન મોકલ્યા હોત. ટ્રમ્પ આ પહેલા પણ ઘણી વખત રશિયા-યુક્રેન યુદ્ધ પર પોતાના વિચારો વ્યક્ત કરી ચૂક્યા છે. રોઈટર્સના અહેવાલ અનુસાર, તેણે ગયા વર્ષે કહ્યું હતું કે, "યુક્રેનને શાંતિ સમજૂતી સુધી પહોંચવા માટે કેટલાક પ્રદેશો (જે યુદ્ધ દરમિયાન તેણે રશિયાથી ગુમાવ્યા હતા) છોડવો પડી શકે છે."જો કે યુક્રેન પોતાની એક ઈંચ જમીન પણ છોડવા તૈયાર નથી. ઉદાહરણ તરીકે, રશિયાએ યુક્રેનના ચાર પ્રદેશો પર કબજો કર્યો છેઃ ડોનેટ્સક, ખેરસન, લુહાન્સ્ક અને ઝાપોરિઝિયા. રશિયાએ હાલમાં જ આ વિસ્તારોમાં જનમત સંગ્રહ કર્યો હતો અને સપ્ટેમ્બર ૨૦૨૨માં રાષ્ટ્રપતિ પુતિને આ વિસ્તારો પર કબજો કરવાની જાહેરાત કરી હતી.

### UPSC ચેરમેનના રાજીનામા પર કોંગ્રેસે કહ્યું

# કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું NTAના ચીફ કેમ બાકી

**UPSCમાં ચાલી રહેલા વિવાદને જોતા મનોજ સોનીને હાંકી કાઢવામાં આવશે તેવું સ્પષ્ટ લાગી રહ્યું હતું : કોંગ્રેસ**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ના અધ્યક્ષ મનોજ સોનીના રાજીનામા બાદ કોંગ્રેસે આજે શનિવારે દાવો કર્યો કે આવા ઘણા લોકો છે જેમણે સિસ્ટમને ભ્રષ્ટ કરી છે. પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે પ્રશ્ન કર્યો કે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ના વડા પ્રદીપ કુમાર જોશીને કેમ બચી ગયા? તેમણે કહ્યું કે, UPSCમાં ચાલી રહેલા વિવાદને જોતા મનોજ સોનીને હાંકી કાઢવામાં આવશે તેવું સ્પષ્ટ લાગી રહ્યું હતું. સત્તાવાર સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, UPSC અધ્યક્ષ મનોજ સોનીએ "વ્યક્તિગત કારણોસર" તેમના પદ પરથી રાજીનામું આપ્યું છે. તેમનો કાર્યકાળ મે ૨૦૨૯માં પૂરો થવાનો હતો. જયરામ રમેશે ઠ પર પોસ્ટ કરીને લખ્યું કે, "૨૦૧૪ પછી તમામ બંધારણીય સંસ્થાઓની પવિત્રતા, પ્રતિષ્ઠા, સ્વાયત્તતા અને વ્યાવસાયિકતાને ખરાબ રીતે નુકસાન થયું છે. પરંતુ સમયાંતરે સ્વયંભૂ નોન-બાયોલોજિકલ પ્રધાનમંત્રીને પણ એ કહેવા મજબૂર બનવું પડ્યું કે, 'હવે બહુ થઈ ગયું.' નરેન્દ્ર મોદી ૨૦૧૭માં UPSC સભ્ય તરીકે ગુજરાતમાંથી તેમના મનપસંદ 'શિક્ષણવિદો'માંથી એકને લાવ્યા અને તેમને ૨૦૨૩માં છ વર્ષની મુદત માટે અધ્યક્ષ બનાવ્યા. પરંતુ આ કહેવાતા પ્રતિષ્ઠિત સજ્જન હવે તેમનો કાર્યકાળ પૂરો થવાના પાંચ વર્ષ પહેલા રાજીનામું આપી ચુક્યા છે.



## ન્યૂઝ બ્રિફ

### ઉપરવાસમાં ભારે વરસાદથી વંથલીનો ઓઝત વિયર ડેમ ઓવરફ્લો થયો

। (એજન્સી) જુનાગઢ,તા.૨૦ ।

જુનાગઢના વંથલી ઓઝત વિયર ડેમ ઓવરફ્લો થયો છે. ઉપરવાસમાં અને સોરઠ પંથકમાં ભારે વરસાદને કારણે પાણીની આવક થઈ છે. ખેડૂતોનો જીવાદોરી સમાન ઓઝત વિયર ડેમ ઓવરફ્લો થયો છે. હાલ ડેમમાં ૧૦,૦૦૦ ક્યુસેક પાણીની આવક થઈ છે. મેઘરાજાએ સૌરાષ્ટ્રને ધમરોળી રહ્યાં છે. જેના પગલે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે જુનાગઢના વંથલી ઓઝત વિયર ડેમ ઓવરફ્લો થયો છે. ઉપરવાસમાં અને સોરઠ પંથકમાં ભારે વરસાદને કારણે પાણીની આવક થઈ છે. ખેડૂતોનો જીવાદોરી સમાન ઓઝત વિયર ડેમ ઓવરફ્લો થયો છે. હાલ ડેમમાં ૧૦,૦૦૦ ક્યુસેક પાણીની આવક થઈ છે. ઓઝત વિયર ડેમ ૧.૨૦ મીટરથી ઓવરફ્લો થયો છે. જેના પગલે વંથલી,આખા,ટીકર સહિતના ગામોને એલર્ટ કરાયા છે. નદીના પટમાં લોકોને ન જવા તંત્ર દ્વારા સૂચના અપાઈ છે. જેના પગલે વંથલી,આખા,ટીકર સહિતના ગામોને એલર્ટ કરાયા છે. નદીના પટમાં લોકોને ન જવા તંત્ર દ્વારા સૂચના અપાઈ છે.

### ભારતની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ 'જય સંતોષી માં' બનાવાર નિર્માતાનું નિધન

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

વર્ષ ૧૯૭૫માં બનાવાયેલી દેશની સૌથી મોટી બ્લૉકબસ્ટર ફિલ્મ 'જય સંતોષી માં'ના નિર્માતા સતરામ રોહરાનું નિધન થયું છે. ૮૫ વર્ષીય રોહરાએ વિશ્વને અલવિદા કહી દીધું છે, જોકે તેમની આ ફિલ્મ હંમેશા તેમની યાદ અપાવશે.

આ ફિલ્મે એવા રેકોર્ડો તોડ્યા છે, જેને આજસુધી કોઈપણ ફિલ્મ તોડી શકી નથી.

સતરામ રોહરાની સૌથી મોટી ફિલ્મ 'જય સંતોષી માં' હતી, જેણે બૉક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. એટલું જ નહીં. તેમની ફિલ્મ રિલિઝ થઈ ત્યારે ભારતીય સિનેમા જગતની સૌથી મોટી ફિલ્મ 'શોલે' પણ ક્લેશ થઈ હતી, જોકે મુશ્કેલ સ્પર્ધા વચ્ચે પણ 'જય સંતોષી માં'એ જોરદાર કમાણી કરી હતી.

હિન્દી સિનેમા જગતમાં ૧૯૭૫નું વર્ષ અમિતાભ બચ્ચનના વર્ષ તરીકે યાદ કરવામાં આવે છે, કારણ કે આ વર્ષે તેમની બે ફિલ્મો 'શોલે' અને 'દીવાર' સૌથી વધુ કમાણી કરનારી ટોપ ૫ ફિલ્મોમાં સામેલ હતી. જોકે આ જ વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ 'જય સંતોષી માં'એ ફિલ્મી પંડિતોના તમામ સમીકરણો બદલી નાખ્યા હતા અને ફિલ્મ સૌથી વધુ કમાણી કરવા મામલે 'શોલે' પછી બીજા ક્રમે હતી.

#### આખરે માતાએ અભયમની મદદ લીધી

## સગીરાએ ૩૨ વર્ષના પ્રેમી સાથે લગન કરવા તોફાન મચાવ્યું

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

રાજ્યમાં અવારનવાર માતા પિતાની હાલત પોતાના સંતાનો પર પડેલી ખરાબ સંગતના લીધે ન કહેવાય ન સહેવાય જેવી થતી હોય છે. ત્યારે વડોદરા જિલ્લામાં આવો જ વધુ એક કિસ્સો બનતાં છકી ગયેલી ૧૬ વર્ષની પુત્રીની શાન ઠેકાણે લાવવા વિધવા માતાએ અભયમની મદદ લીધી હતી. ૩૨ વર્ષના બોયફ્રેન્ડના પ્રેમમાં પડેલી ૧૬ વર્ષીય સગીરા ભણવામાં પણ ધ્યાન આપતી નથી અને લગ્ન કરવાની જિદે ચડી છે. પિતાનું છત્ર ગુમાવનાર સગીરા પર માતા અને ૧૬ વર્ષના ભાઈની જવાબદારી આવી પડી હતી. પરંતુ તે જવાબદારી નિભાવવાના બદલે પ્રેમમાં પાગલ જેવી થઈ ગઈ છે.

માતાએ અભયમની મદદ માંગતા કહ્યું હતું કે,મારી દીકરી મારા નાના પુત્રને ગરમ તવેથાના ડામ આપી ત્રાસ ગુજારી રહી છે. હજી તેની ઉંમર કરિયર બનાવવાની છે. પરંતુ તે લગ્નની જીદે ચડી છે અને મને પણ મારઝૂડ કરી રહી છે. તે ઘરમાંથી વારંવાર રૂપિયા ચોરીને તેના બોયફ્રેન્ડને આપી રહી છે.

અભયમની ટીમે સગીરાનું કાઉન્સેલિંગ કરી તેના બોયફ્રેન્ડની મુશ્કેલી વધશે તેવી કાયદાકીય સમજ આપી હતી.સગીરાને જવાબદારીનું ભાન કરાવતાં તેણે પોતાની ભૂલ કબૂલી હતી અને પરિવારનું ધ્યાન રાખી પગભર થવા લેખિતમાં બાંહેધરી આપી હતી. અભયમની ટીમે સગીરાનું કાઉન્સેલિંગ કરી તેના બોયફ્રેન્ડની મુશ્કેલી વધશે તેવી કાયદાકીય સમજ આપી હતી.સગીરાને જવાબદારીનું ભાન કરાવતાં તેણે પોતાની ભૂલ કબૂલી હતી અને પરિવારનું ધ્યાન રાખી પગભર થવા લેખિતમાં બાંહેધરી આપી હતી. અભયમની ટીમે સગીરાનું કાઉન્સેલિંગ કરી તેના બોયફ્રેન્ડની મુશ્કેલી વધશે તેવી કાયદાકીય સમજ આપી હતી. સગીરાને જવાબદારીનું ભાન કરાવતાં તેણે પોતાની ભૂલ કબૂલી હતી અને પરિવારનું ધ્યાન રાખી પગભર થવા લેખિતમાં બાંહેધરી આપી હતી.

#### છેલ્લા ૨૪ કલાકથી અનારાધાર વરસાદ વરસી રહ્યો છે

## ધોરાજીના ચિચોડમાં 3 કલાકમાં જ ખાબક્યો ૯ ઈંચ વરસાદ

### ગામમાંથી પસાર થતી નદીઓમાં ઘોડાપૂર આવ્યુ છે આ તરફ ભાડેર ગામમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ ઈંચ વરસાદથી ગામ બેટમાં ફેરવાયું છે

। (એજન્સી) રાજકોટ,તા.૨૦ ।

રાજકોટના ધોરાજી પંથકમાં છેલ્લા ૨૪ કલાકથી અનારાધાર વરસાદ વરસી રહ્યો છે. ધોરાજીના ચિચોડ ગામે ધોધમાર વરસાદ વરસવાનુ યથાવત છે. ચિચોડમાં ૩ કલાકમાં ૯ ઈંચ વરસાદ ખાબકી જતા નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ છે. ગામમાંથી પસાર થતી નદીઓમાં ઘોડાપૂર આવ્યુ છે. આ તરફ ભાડેર ગામમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ ઈંચ વરસાદથી ગામ બેટમાં ફેરવાયુ છે.રાજકોટના ધોરાજી બારે મેઘ ખાંભા જેવી સ્થિતિ થઈ છે. મેઘરાજાએ સમગ્ર ધોરાજી ઉપલેટા તાલુકાને ઘમરોળ્યો છે. ચિચોડ ગામમાં ત્રણ કલાકમાં ૯ ઈંચ વરસાદ ખાબકી જતા જળબંબાકારની સ્થિતિ છે. ગામમાંથી પસાર થતી નદીઓમાં ઘોડાપૂર આવ્યુ છે. ખેતરોમાં પાણીમાં ગરકાવ થયા છે. આ તરફ ઉપલેટા પંથકમાં ધોધમાર વરસાદથી ચોતરફ પાણી ભરાયા છે. પોરબંદર-રાજકોટ હાઈવે પર ખેતરમાં પાણી ભરાયા છે. વરસાદી પાણી ભરાતા ખેડૂતોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ધોરાજી ઉપલેટામાં ગઈકાલથી મેઘરાજા મહેર નહીં કહેર બનીને વરસી રહ્યા હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયુ છે. આ તરફ ધોરાજીના ભાડેર ગામમાં ૨૪ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. ભાડેર ગામમાં ધોધમાર વરસાદ થતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સમગ્ર ગામ બેટમાં પરિવર્તિત થયુ છે. નદી-નાળાઓમાં ઘોડાપૂરની સ્થિતિ છે. ભારે વરસાદ બાદ ગામના રહેણાંક વિસ્તારમાં પાણી ભરાતા લોકોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ન્યુ કલ્યાણ સોસાયટી વિસ્તારમાં પાણી ભરાતા સ્થાનિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

#### સાવલીનો રિપોર્ટ પોઝિટિવ

## શંકાસ્પદ ચાંદીપુરાથી વડોદરામાં પાંચ બાળકોનાં મોત થયા

। (એજન્સી) વડોદરા,તા.૨૦ ।

વડોદરામાં ૧થી ૧૭ જુલાઈ સુધીમાં વડોદરામાં ચાંદીપુરાથી ૫ બાળકોના શંકાસ્પદ મોત થયા છે. જેમાં સાવલીના મનિપુરાના બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સયાજી હોસ્પિટલમાં ગુરુવારે ત્રણ શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગમાં હડકંપ મચી જવા પામ્યો છે. પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકા ના કોટડા ગામે શંકાસ્પદ ચાંદીપુરમ વાયરસને લઈને ચાર વર્ષની માસુમ બાળકીનું મોત થયું હતું આ પૂર્વે ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામમાં પણ એક સપ્તાહ પૂર્વે ૯ વર્ષની બાળકીનું શંકાસ્પદ ચાંદીપુરમ વાયરસને લઈને વડોદરા ખાતે આવેલ પારુલ હોસ્પિટલ માં સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું બહાર આવ્યું હતું. આ બંને ઘટનાઓ ના પગલે જિલ્લા આરોગ્ય તંત્રની તપાસ ટીમો દ્વારા કોટડા અને



લાલપુરી ગામોમાં હાથ ધરેલા સર્ચ ઓપરેશન માં ચાંદીપુરમ ના વાયરસના ફેલાવવા માટે જવાબદાર કહેવાતી ૭૦ જેટલી સેન્ડ ફલાય ને શોધીને પૂણા ખાતે લેબોરેટરીમાં પરીક્ષણ માટે રવાના કરવાની તૈયારીઓ કરી છે..ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો કહેર વધ્યો છે. છેલ્લા ૯ દિવસમાં ૨૭થી વધુ ચાંદીપુરા વાયરસથી સંક્રમિત થયા હોવાના કેસ નોંધાયા છે, અને મોતનો આંકડો પણ ૨૫ સુધી પોહોંચ્યો છે, ત્યારે વડોદરાની સરકારી સયાજી હોસ્પિટલમાં પણ ચાંદીપુરા વાયરસના ત્રણ શંકાસ્પદ કેસ આવ્યા છે. સયાજી હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના ત્રણ કેસ ગ્રામ્ય વિસ્તરના છે. સયાજી હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસ માટે અલાયદો વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ચાંદીપુરા વાયરસ માટે કોઈ એન્ટી વાયરલ વેક્સિનની હજુ સુધી ખોજ થઈ નથી. એટલે આ વાયરસને ખતરનાક પણ માનવામાં આવે છે. ગોધરા તાલુકા ના કોટડા ગામે શંકાસ્પદ ચાંદીપુરમ વાયરસને લઈને ચાર વર્ષની માસુમ બાળકીનું મોત થયું હતું આ પૂર્વે ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામમાં પણ એક સપ્તાહ પૂર્વે ૯ વર્ષની બાળકીનું શંકાસ્પદ ચાંદીપુરમ વાયરસને લઈને વડોદરા ખાતે આવેલ પારુલ હોસ્પિટલ માં સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું બહાર આવ્યું હતેં.

#### વીજપુરવઠો ખોરવાયો

## વેરાવળના શિક્ષક કોલોની વિસ્તારમાં વીજપોલ ધરાશાયી

। (એજન્સી) વેરાવળ,તા.૨૦ ।

ગીર સોમનાથના વેરાવળમાં ધોધમાર વરસાદ બાદ ભારે નુકસાન જોવા મળ્યુ છે. વેરાવળમાં આવેલી શિક્ષક કોલોની વિસ્તારમાં વીજપોલ ધરાશાયી થયા હોવાનું સામે આવ્યું છે. એક સાથે અનેક વીજ પોલ તૂટી જતા વાયર રસ્તા પર જોવા મળ્યા છે. ગીર સોમનાથના વેરાવળમાં ધોધમાર વરસાદ બાદ ભારે નુકસાન જોવા મળ્યુ છે. વેરાવળમાં આવેલી શિક્ષક કોલોની વિસ્તારમાં વીજપોલ ધરાશાયી થયા હોવાનું સામે આવ્યું છે. એક સાથે અનેક વીજપોલ તૂટી જતા વાયર રસ્તા પર જોવા મળ્યા છે. વીજ પોલ તૂટીને અનેક લારી-ગલ્લા પર પડ્યા છે. જો કે ભારે વરસાદના પગલે સ્થળ પર કોઈ હાજર નહીં હોવાના કારણે જાનહાનિ ટળી છે. વીજ વિભાગે પુરવઠો બંધ કરીને સમારકામ હાથ ધર્યું છે. એકા એક વીજ પોલ ધરાશાયી થતા વીજ પુરવઠો ખોરવાયો છે.

#### યુવાનો પોર્ન જોઈને વધુને વધુ પ્રમાણમાં વિકૃત થવા લાગ્યા

## સુરતના ડીંડોલમાં એક યુવાને બાળકીને અશ્લીલ ક્લિપ બતાડી

। (એજન્સી) સુરત,તા.૨૦ ।

યુવાનો પોર્ન જોઈને વધુને વધુ પ્રમાણમાં વિકૃત થવા લાગ્યા છે. સુરતના ડીંડોલમાં એક યુવાને બાળકીને અશ્લીલ ક્લિપ બતાડી હતી. બાળકીએ માતાને વાત કરતાં તેની માતાએ ડીંડોલી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. માતાની ફરિયાદના આધારે ડીંડોલી પોલીસે નરાધમ યુવાનની ધરપકડ કરી હતી.

મોબાઈલ ફોનમાં અશ્લીલ ક્લિપ જોઈને વિકૃત થઈ રહેલા યુવકો હવે નાની બાળકીઓ સુદ્ધાને પણ છોડતા નથી. સુરતના ડિંડોલીમાં નવ વર્ષીય બાળકી પાસેથી યુવાનો ગુટકા મંગાવતા તે લઈ આવીને આપવા આવી હતી. તેના પછી યુવાને બાળકીને મોબાઈલ ફોનમાં અશ્લિલ વિડીયો બતાવી છેડતી કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

આ નવ વર્ષીય બાળકી ટ્યુશન ક્લાસથી ઘરે આવી રહી હતી. પોતાની સોસાયટી પહેલાં જ આવતી સોસાયટીમાં ૩૪ વર્ષીય જગદીશ નથુએ તેને બૂમ પાડી બોલાવી નજીકની દુકાનમાંથી ગુટકા લાવી આપવા જણાવ્યું હતું.

નજીકની સોસાયટીમાં રહેતા હોઇ પરિચિત હોઇ આ બાળકીએ ગુટકો લાવી આપ્યો હતો. તે વખતે આ યુવકે તેને હાથ પકડી પોતાની પાસે બેસાડી લીધી હતી અને મોબાઈલ ફોનમાં અશ્લીલ વીડિયો ક્લીપ બતાવી હતી.

ડઘાઈ ગયેલી બાળકી ઘરે જઈ કહી દેશે તેવી શંકા જતાં બાળકીને ઘરે નહિ કહેવા ધમકાવી પણ હતી. બાળકીએ જોકે ઘરે જઈ માતાને તમામ વાત કરતાં પરિવાર ડીંડોલી પોલીસ મથકે પહોંચ્યો હતો. નજીકની સોસાયટીમાં રહેતા હોઇ પરિચિત હોઇ આ બાળકીએ ગુટકો લાવી આપ્યો હતો. તે વખતે આ યુવકે તેને હાથ પકડી પોતાની પાસે બેસાડી લીધી હતી અને મોબાઈલ ફોનમાં અશ્લીલ વીડિયો ક્લીપ બતાવી હતી.

ડઘાઈ ગયેલી બાળકી ઘરે જઈ કહી દેશે તેવી શંકા જતાં બાળકીને ઘરે નહિ કહેવા ધમકાવી પણ હતી. બાળકીએ જોકે ઘરે જઈ માતાને તમામ વાત કરતાં પરિવાર ડીંડોલી પોલીસ મથકે પહોંચ્યો હતો.

#### નાના મોટા જળાશય પૈકી ૯ ડેમ ઓવરફ્લો થયા

## જૂનાગઢમાં ભારે વરસાદે વેરી તારાજી, ૭૫ માર્ગ બંધ, ૬૨ ગામનો સંપર્ક ખોરવાયો

। (એજન્સી) જૂનાગઢ,તા.૨૦ ।

જૂનાગઢ જિલ્લામાં વરસેલા ભારે વરસાદને પગલે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને, સાવચેતીના ભાગરૂપે ૧૪ રૂટ પર દોડતી એસટી સેવા હાલ પુરતી સ્થગિત કરવાની ફરજ પડી છે. સમગ્ર જૂનાગઢ જિલ્લામાં આવેલા નાના મોટા જળાશય પૈકી ૯ ડેમ ઓવરફલો થયા છે

જૂનાગઢ જિલ્લામા પડેલા સાર્વત્રિક વરસાદથી તારાજી સર્જાઈ છે. સમગ્ર જૂનાગઢ જિલ્લાના ૭૫ જેટલા રસ્તાઓ ઉપર વરસાદી પાણી ફરી વળતા, વાહનોની અવર જવર માટે બંધ કરી દેવાયા છે. ધોધમાર વરસેલા વરસાદનું પાણી જૂનાગઢ જિલ્લાના ૬૨ ગામની ફરતે ફરી વળ્યું હોવાથી જમીન માર્ગે આ ગામોનો સંપર્ક થઈ શકે તેમ નથી. જો કે જિલ્લા કલેકટર કચેરીએ કંટ્રોલ રૂમ મારફતે ગામનો સંપર્ક કરીને સ્થિતિ અંગે માહિતી મેળવી છે. જૂનાગઢ જિલ્લામાં વરસેલા ભારે વરસાદને પગલે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને, સાવચેતીના ભાગરૂપે ૧૪ રૂટ પર દોડતી એસટી સેવા હાલ પુરતી સ્થગિત કરવાની ફરજ પડી છે. સમગ્ર જૂનાગઢ જિલ્લામાં આવેલા નાના મોટા જળાશય પૈકી ૯ ડેમ ઓવરફલો થયા છે. ઓવરફ્લો થયેલા જળાશયને કારણે હેઠવાસમાં આવતા ગામને એલર્ટ કરાયા છે. માળીયામા ઘસમસતા પૂરના પાણીમાં એક ઈકો કાર ચાલક પાણીમાં તણાઈ ગયો હોવાનો બનાવ બન્યો હતો. જો કે, આ ઈકો કારચાલક સહી સલામત રીતે મળી આવતા તંત્રે હાશકારો અનુભવ્યો છે. જિલ્લા કલેકટર તંત્ર દ્વારા લોકોને બિન જરૂરી અવરજવર ના કરવા માટે અપીલ કરાઈ છે. માળીયામા ઘસમસતા પૂરના પાણીમાં એક ઈકો કાર ચાલક પાણીમાં તણાઈ ગયો હોવાનો બનાવ બન્યો હતો. જો કે, આ ઈકો કારચાલક સહી સલામત રીતે મળી આવતા તંત્રે હાશકારો અનુભવ્યો છે.

## વિશેષ

#### અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને ચાંદીપુરા વાયરસ મુદ્દે બેઠક યોજાઈ

# વિડિયો કોન્ફરન્સમાં જિલ્લા-તાલુકા વહીવટીતંત્રના અધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિકારી-કર્મીઓ સહિતના લોકો જોડાયા

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને ચાંદીપુરા વાયરસ મુદ્દે બેઠક યોજાઈ હતી. જેમાં કલેકટરશ્રીએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તાલુકા કક્ષાએ કરાઇ રહેલ કામગીરી બાબતે સમીક્ષા કરી હતી. જેમાં જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ સહિત સબંધિત વિભાગના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ વિડિયો કોન્ફરન્સમાં આરોગ્ય તંત્ર દ્વારા ચાંદીપુરા વાયરસને અટકાવવા કરાઈ રહેલ કામગીરી બાબતે વિસ્તૃત ચર્ચા કરી સમીક્ષા કરી હતી. જેમાં તમામ તાલુકા અને પાલિકા કક્ષાએ વેસ્ટ મેનેજમેન્ટ અને સેનિટેશન કરવા, સાથે સાથે વિવિધ આરોગ્ય ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી, ગ્રામ્ય કક્ષાના ઘરોમાં અને શાળાઓમાં સફાઈ, સામાન્ય લોકો અને શાળાઓમાં જાગૃતિ લાવવા જેવી બાબતો પર સમીક્ષા હાથ ધરાઈ હતી.

ચાંદીપુરા વાયરસથી ૯ માસથી ૧૪ વર્ષ સુધીનાં બાળકો સંક્રમિત થતા હોય છે. અમદાવાદ જિલ્લામાં આગમચેતીના ભાગરૂપે જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ આ વિડિયો કોન્ફરન્સમાં વાયરલ એક્કેફેલાઈટીસ (ચાંદીપુરા) વાયરસના સંક્રમણ, પ્રભાવિત થવા વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. વધુમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા મળે સૂચનાઓ મુજબ આ વાયરસ રોગના નિયંત્રણ









અને નિવારણ કામગીરીના અગમચેતીના ભાગરૂપે એલર્ટ મોડ પર રહી ત્વરિત પગલાં લેવા કલેકટરશ્રી દ્વારા સૂચન કરાયું હતું.

વધુમાં, જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રના તબીબોને પણ આ રોગના સંક્રમણથી બચવાની ગાઈડલાઈન અને પ્રાથમિક સારવાર આપવા બાબતે પણ જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા રાજ્યના આરોગ્ય વિભાગની ગાઈડલાઈન મુજબ બાળરોગ નિષ્ણાતોને પણ તાલીમ આપવામાં આવી હતી. જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે કરાઈ રહેલ કામગીરી બાબતે જરૂરી સૂચના આપી માર્ગદર્શન આપ્યું હતું અને તંત્રને એલર્ટ મોડ પર રહેવા સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી ડૉ. શૈલેષ પરમાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ, તાલુકા પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા હેલ્થ ઑફિસર સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ વિડિયો કોન્ફરન્સમાં આરોગ્ય તંત્ર દ્વારા ચાંદીપુરા વાયરસને અટકાવવા કરાઈ રહેલ કામગીરી બાબતે વિસ્તૃત ચર્ચા કરી સમીક્ષા કરી હતી. જેમાં તમામ તાલુકા અને પાલિકા કક્ષાએ વેસ્ટ મેનેજમેન્ટ અને સેનિટેશન કરવા, સાથે સાથે વિવિધ આરોગ્ય ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી, ગ્રામ્ય કક્ષાના ઘરોમાં અને શાળાઓમાં સફાઈ, સામાન્ય લોકો અને શાળાઓમાં જાગૃતિ લાવવા જેવી બાબતો પર સમીક્ષા હાથ ધરાઈ હતી.

ચાંદીપુરા વાયરસથી ૯ માસથી ૧૪ વર્ષ સુધીનાં બાળકો સંક્રમિત થતા હોય છે. અમદાવાદ જિલ્લામાં આગમચેતીના ભાગરૂપે જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ આ વિડિયો કોન્ફરન્સમાં વાયરલ એક્કેફેલાઈટીસ (ચાંદીપુરા) વાયરસના સંક્રમણ, પ્રભાવિત થવા વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. વધુમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા મળે સૂચનાઓ મુજબ આ વાયરસ રોગના નિયંત્રણ અને નિવારણ કામગીરીના અગમચેતીના ભાગરૂપે એલર્ટ મોડ પર રહી ત્વરિત પગલાં લેવા કલેકટરશ્રી દ્વારા સૂચન કરાયું હતું.

વધુમાં, જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રના તબીબોને પણ આ રોગના સંક્રમણથી બચવાની ગાઈડલાઈન અને પ્રાથમિક સારવાર આપવા બાબતે પણ જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા રાજ્યના આરોગ્ય વિભાગની ગાઈડલાઈન મુજબ બાળરોગ નિષ્ણાતોને પણ તાલીમ આપવામાં આવી હતી. જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે કરાઈ રહેલ કામગીરી બાબતે જરૂરી સૂચના આપી માર્ગદર્શન આપ્યું હતું અને તંત્રને એલર્ટ મોડ પર રહેવા સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી ડો. શૈલેષ પરમાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ, તાલુકા પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા હેલ્થ ઑફિસર સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## મહિલાએ તેના સાળા સાથે મળીને પતિની કરી હત્યા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

દિલ્હીને અડીને આવેલા હરિયાણાના ગુરુગ્રામમાં તેના સાળા સાથે તેના પતિની હત્યાના કેસમાં કોર્ટે તેની પત્ની અને યુવકને આજીવન કેદની સજા ફટકારી છે. મહિલાએ તેના પિતરાઈ ભાઈ-ભાભી સાથે મળીને તેના પતિની હત્યા કરાવી હતી. હત્યાની આ ઘટના લગભગ પાંચ વર્ષ પહેલા બની હતી પરંતુ આ કેસમાં મહિલાને માત્ર સજા મળી છે. દિલ્હીને અડીને આવેલા હરિયાણાના ગુરુગ્રામમાં પતિની હત્યા કરવા બદલ કોર્ટે પત્ની અને તેના સાળાને આજીવન કેદની સજા ફટકારી છે. પોલીસે જણાવ્યું હતું કે એક મહિલાએ તેના પિતરાઈ ભાઈ-ભાભીની મદદથી તેના પતિની હત્યા કરી હતી. તેમણે જણાવ્યું કે એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જજ તરુણ સિંઘલે બંને ગુનેગારોને ૧૦-૧૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. ન્યૂઝ એજન્સી અનુસાર, નવેમ્બર ૨૦૧૯માં થયેલી હત્યા માટે મહિલા અને તેના પતિના પિતરાઈ ભાઈને દોષી ઠેરવવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, સંદીપને સિહી ગામથી દ્વારકા એક્સપ્રેસ વે તરફ જતા રોડ પર ગોળી વાગી હતી. તેણે જણાવ્યું કે તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો પરંતુ સારવાર દરમિયાન તેનું મોત થઈ ગયું હતું.પોતાની ફરિયાદમાં સંદીપના ભાઈએ તેની પત્ની જ્યોતિ અને સચિન પર ગોળી મારી હત્યા કરવાનો આરોપ લગાવ્યો હતો. પોલીસે જણાવ્યું કે ફરિયાદ બાદ સેક્ટર ૩૭ પોલીસ સ્ટેશનમાં હત્યાની એફઆઈઆર નોંધવામાં આવી હતી.

## પાકિસ્તાનમાં હિંદુઓ અને ખ્રિસ્તીઓની વસ્તી વધી, મુસ્લિમોમાં ઘટાડો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

પાકિસ્તાનમાં હિન્દુઓ અને શીખો જેવા લઘુમતી સમુદાયોની સ્થિતિ કોઈનાથી છુપી નથી. પરંતુ તાજેતરની વસ્તી ગણતરીના આંકડા દર્શાવે છે કે પાડોશી દેશમાં હિન્દુઓની વસ્તીમાં થોડો વધારો થયો છે પરંતુ પાકિસ્તાનની કુલ વસ્તીમાં તેમનો હિસ્સો ઘટ્યો છે. તે જ સમયે, મુસ્લિમોની વસ્તીમાં થોડો ઘટાડો નોંધવામાં આવ્યો છે.ગયા વર્ષની વસ્તી ગણતરીના સત્તાવાર આંકડા અનુસાર, પાકિસ્તાનમાં હિન્દુઓની વસ્તી ૨૦૧૭માં ૩૫ લાખથી વધીને ૨૦૨૩માં ૩૮ લાખ થઈ ગઈ છે. હવે તે પાકિસ્તાનનો સૌથી મોટો લઘુમતી સમુદાય બની ગયો છે.પાકિસ્તાની અખબાર ડોનના અહેવાલ મુજબ, પાકિસ્તાન બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સએ ગુરુવારે ૭મી વસ્તી અને આવાસ વસ્તી ૨૦૨૩ ના પરિણામો જાહેર કર્યા. ૨૦૨૩માં પાકિસ્તાનની કુલ વસ્તી ૨૪,૦૪,૫૮,૦૮૯ હતી. આંકડા દર્શાવે છે કે કુલ વસ્તીમાં મુસ્લિમોનો હિસ્સો ૨૦૧૭ના ૯૬.૪૭ ટકાથી થોડો ઘટીને ૨૦૨૩માં ૯૬.૩૫ ટકા થયો છે. તે જ સમયે, છેલ્લા છ વર્ષમાં તમામ મુખ્ય ધાર્મિક લઘુમતીઓની વસ્તીમાં વધારો થયો છે. જો કે, કુલ વસ્તીના ટકાવારીમાં તેમનો હિસ્સો મિશ્ર ચિત્ર રજૂ કરે છે. હિંદુઓની વસ્તી ૨૦૧૭માં ૩૫ લાખથી વધીને ૨૦૨૩માં ૩૮ લાખ થઈ હતી, પરંતુ કુલ વસ્તીમાં તેમનો હિસ્સો ૧.૭૩ થી ઘટીને ૧.૬૧ ટકા થયો હતો, જે દર્શાવે છે કે અન્ય લઘુમતી સમુદાયો ઝડપી દરે વૃદ્ધિ પામ્યા છે.ખ્રિસ્તીઓની વસ્તી પણ ૨૬ લાખથી વધીને ૩૩ લાખ થઈ ગઈ છે. કુલ વસ્તીમાં તેમનો હિસ્સો પણ ૧.૨૭ થી વધીને ૧.૩૭ ટકા થયો છે. અહમદીઓની વસ્તીની સાથે કુલ વસ્તીમાં તેમનો હિસ્સો પણ ઘટ્યો છે. તેમના સમુદાયનું કદ ૨૦૧૭ માં ૧૯૧,૭૩૭ (૦.૦૯ ટકા) થી ૨૯,૦૫૩ ઘટીને ૧૬૨,૬૮૪ (૦.૦૭ ટકા) થયું.



વેજલપુર વોર્ડ ના કાઉન્સિલર દિલીપ બગડીયા વેજલપુર નાગરિક સેવા સમિતિ ના ખજાનચી ગીરીશ શુકલ શાળાના ટ્રસ્ટી .નાગરિક સેવા સમિતિ ના મંત્રી નલિન સુતરિયા ના હસ્તે ઉદ્ઘાટન કરવા મા આવ્યુ આ પ્રસંગે શાળા ના આચાર્ય પ્રકાશ જાની દ્વારા આભાર વિધી કરવામા આવી હતી

### દેખાવમાં ભયંકર, બોમ્બ શોધવામાં નિષ્ણાત...

# પેરિસયોજાનારી ઓલિમ્પિકની સુરક્ષા માટે ભારતીય K9 કૂતરાઓની ટીમ તૈનાત કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

આગામી સપ્તાહથી પેરિસમાં યોજાનારી ઓલિમ્પિક ગેમ્સ માટે દસ વિશેષ પ્રશિક્ષિત ભારતીય CAPF અને સ્પેશિયલ કમાન્ડો ફોર્સના શ્વાનને ફ્રાન્સ મોકલવામાં આવ્યા છે. વાસ્તવમાં, ભારતમાં આયોજિત G20 સમિટ દરમિયાન ભારતીય સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF), ખાસ કરીને ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ (ITBP) K9 યુનિટના શાનદાર કાર્યને જોતા, ફ્રાંસ સરકારે ભારત સરકારને વિનંતી કરી છે કે પેરિસ ઓલિમ્પિકમાં તોડફોડ વિરોધી મદદ પૂરી પાડવા માટે K9s ની ટુકડી મોકલવા વિનંતી કરવામાં આવી હતી.વિદેશ મંત્રાલય (MEA) એ ફ્રેન્ચ વિનંતીને ગૃહ મંત્રાલય (MHA) અને K9 સેલ, પોલીસ



આધુનિકીકરણ વિભાગને મોકલી હતી. એક મીટિંગ પછી નિર્ણય લેવામાં આવ્યો કે દરેક CAPF તેના બે K9s અને હેન્ડલર્સને પેરિસ ઓલિમ્પિકમાં મોકલશે. આ માટે, ITBP, CRPF, SSB, AR અને NSGમાંથી કુલ દસ K9s શ્વાન પસંદ કરવામાં આવ્યા છે, જેનું નેતૃત્વ ડૉ. મંજૂર અહેમદ, 2IC (Vet) ITBP, MHA K9 સેલ કરશે. CAPF K9 ટુકડી ૧૧ જુલાઈના રોજ પેરિસ પહોંચી, જ્યાં ભારતીય રાજદૂતે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. એક સુરક્ષા અધિકારીએ જણાવ્યું કે ભારત અને ફ્રાન્સની સરકારો વચ્ચેના આ પ્રથમ સહયોગ માટે કૂતરાઓને ૧૦ અઠવાડિયાની વિશેષ તાલીમ આપવામાં આવી હતી.

આ શ્વાન ઉગ્ર દેખાતા બેલ્જિયન માલિનોઈસ જાતિના છે, જેનો ઉપયોગ દેશના વિવિધ આંતરિક સુરક્ષા થિયેટરમાં થાય છે જેમ કે નક્સલ વિરોધી કામગીરી અને આતંકવાદ વિરોધી કામગીરી, પાયદળ પેટ્રોલિંગ અને બોમ્બ શોધવા માટે તોડફોડ વિરોધી શોધ, ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IEDs). અને દુષ્કર્મીઓ કાર્યો કરે છે.

## ચૂંટણીમાંથી ખસી જવાની માંગ વચ્ચે જો બિડેને પાર્ટીની એકતા પર ભાર મૂક્યો



। (એજન્સી) અમેરિકા, તા.૨૦ ।

ડેમોક્રેટિક સાંસદોની જો બિડેનની રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી બહાર નીકળવાની સતત માંગ વચ્ચે, તેમણે પાર્ટીના વરિષ્ઠ નેતાઓને રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પના ડાર્ક વિઝન સામે એક થઈને લડવાની અપીલ કરી છે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ આ સપ્તાહથી તેમનું ચૂંટણી પ્રચાર ફરી શરૂ કરશે અને કહ્યું કે તેઓ ટ્રમ્પને હરાવી દેશે. શુક્રવારે કોંગ્રેસના મોટાભાગના ડેમોક્રેટિક સભ્યોએ તેમને (બિડેન)ને ચૂંટણીમાંથી ખસી જવાની અપીલ કરી હતી. ટ્રમ્પ વિરૂદ્ધ તેમની ચર્ચા બાદ તેમની ચૂંટણીમાંથી બહાર થવાની માગણીઓ થઈ રહી છે. આના પર બિડેને ભારપૂર્વક કહ્યું કે તેઓ ટ્રમ્પને હરાવી શકે છે. તે થોડા સમય માટે તેના પરિવાર સાથે પ્રવાસ કરી રહ્યો હતો અને કેટલાક સમયથી તેના સાથીદારો પર વિશ્વાસ કરી રહ્યો હતો.બિડેને કહ્યું કે ટ્રમ્પે રિપબ્લિકન નેશનલ કન્વેન્શનમાં રાષ્ટ્રપતિ પદની ઉમેદવારી સ્વીકારતા તેમના ભાષણમાં ભવિષ્યનું અંધકારમય દર્શન દર્શાવ્યું છે. તેણે રાજકીય વાર્તાલાપને તેના નસીબ અને તેના પ્રતિસ્પર્ધીના એજન્ડાથી દૂર રાખવાનો પ્રયાસ કર્યો અને આવતા અઠવાડિયે પ્રચાર ટ્રાયલ પર પાછા ફરવાની યોજના બનાવી. બિડેને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની પાર્ટીના કેટલાક સૌથી વરિષ્ઠ સભ્યોની ચિંતા હોવા છતાં તેમની પાસે ટ્રમ્પ સામે વિજયનો માર્ગ છે. સાથે મળીને, એક પક્ષ તરીકે અને એક દેશ તરીકે, અમે તેને મતપેટી પર હરાવી શકીએ છીએ. જોખમ મહાન છે અને પસંદગી સ્પષ્ટ છે. અમે સાથે મળીને જીતીશું. તે જ સમયે, બિડેનના એક દિવસ પહેલા, તેમની ઝુંબેશ અધ્યક્ષ જેન ઓ'મેલી ડિલિયન, રાષ્ટ્રપતિના સમર્થનમાં લપસી ગયાની કબૂલાત કરતા, કહ્યું કે તે સંપૂર્ણપણે રેસમાં છે.

### બેંકમાંથી રૂ. ૯૭૫ કરોડની છેતરપિંડીનો આરોપ

## EDએ મુંબઈની નાદાર કંપનીના ભૂતપૂર્વ CMDની ધરપકડ કરી

### બેંક ઓફ બરોડામાંથી રૂ. ૯૭૫ કરોડની લોન સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં (MIL)ના ભૂતપૂર્વ ચેરમેન અને MDની ધરપકડ

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ મંધાના ઈન્ડસ્ટ્રીઝ (MIL)ના ભૂતપૂર્વ ચેરમેન અને MDની ધરપકડ કરી છે. બેંક ઓફ બરોડામાંથી રૂ. ૯૭૫ કરોડની લોન સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં EDએ તેમની ધરપકડ કરી છે. ધરપકડ બાદ તેને શુક્રવારે જ PMLA કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાંથી કોર્ટે તેને છ દિવસ માટે ED કસ્ટડીમાં મોકલી દીધો હતો.

રૂ. ૯૭૫ કરોડથી વધુની કથિત બેંક લોન છેતરપિંડી સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસની તેની તપાસના ભાગરૂપે EDએ મુંબઈ સ્થિત નાદાર કંપનીના ભૂતપૂર્વ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (CMD) પુરુષોત્તમ છગનલાલ મંધાનાની ધરપકડ કરી છે. ગુરુવારે ધરપકડ કરાયેલા પુરુષોત્તમ મંધાના મંધાના ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સીએમડી છે, જે ફડચામાં ગઈ છે અને હવે તે જીબી ગ્લોબલ લિમિટેડ તરીકે ઓળખાય છે.




શુક્રવારે સ્પેશિયલ પીએમએલએ કોર્ટમાં રજૂ કર્યા બાદ તેને છ દિવસ માટે ED કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો.બેન્ક ઓફ બરોડા દ્વારા રૂ. ૯૭૫.૦૮ કરોડની છેતરપિંડી કરવાની ફરિયાદ પર સીબીઆઈની બેન્ક ળોડ એન્ડ સિક્યુરિટી બ્રાન્ચ (BSFB) દ્વારા દાખલ કરવામાં આવેલી FIRના આધારે ઈઢએ પુરુષોત્તમ મંધાના, મનીષ મંધાના, બિહારીલાલ મંધાના અને અન્યની તપાસ શરૂ કરી હતી. EDના જણાવ્યા અનુસાર, આ કેસમાં સીબીઆઈએ હજુ સુધી કોઈ ચાર્જશીટ દાખલ કરી નથી.

## ઉત્તરાખંડમાં પણ કાવડ માર્ગની દુકાનો પર માલિકનું નામ લખવું પડશે

। દહેરાદૂન, તા.૨૦ ।

ઉત્તરપ્રદેશની જેમ હવે ઉત્તરાખંડમાં પણ કાવડ યાત્રાના માર્ગ પર દુકાનદારો, હોટેલ તથા ઢાબાવાળાઓએ ભાવપત્રકની સાથે પોતાના માલિકનું નામ લખવું પડશે. હરિદ્વાર પોલીસે રેસ્ટોરન્ટના માલિકોને કાવડ યાત્રા પર નામ લખવા માટે આદેશ આપ્યો છે. હરિદ્વારના એસએસપી પરમેન્દ્ર ડોબાલે જણાવ્યું કે કાવડ માર્ગ પર જે હોટેલ, ઢાબા, રેસ્ટોરન્ટ કે લારી-ગલ્લા કે રેકડીવાળા છે, તેમણે પોતાના માલિકોના નામ ફરજિયાત પણે લખવા પડશે. આ આદેશનો ભંગ કરનારની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. અહીંયા નોંધવું રહ્યું કે, તાજેતરમાં હરિદ્વારમાં કેટલાક સંગઠનોએ પોલીસની સામે માંગ ઉઠાવી હતી કે કાવડ માર્ગ પર શિવભક્તોને કોઈ પરેશાની થાય નહીં, એટલા માટે દુકાનદારો દુકાન પર પોતાના માલિકના નામ ચોક્કસપણે લખે. ત્યાર પછી હવે પોલીસે મામલાને ગંભીરતાથી લઈને આ નિર્ણય લીધો છે. પ્રિયંકાએ ટીકા કરીઃ આદેશ પાછા ખેંચવા માગ, કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડરાએ કાંવડ યાત્રા રૂટ પર ખાવા-પીવાની વસ્તુઓ વેચતા દુકાનદારોને તેમના નામ લખવાના સરકારના આદેશની ટીકા કરી છે અને કહ્યું છે કે આ બંધારણ પર હુમલો છે અને તેને પાછા ખેંચી લેવાની માગણી કરી છે. ઠ પર હિન્દીમાં એક પોસ્ટમાં પ્રિયંકાએ કહ્યું હતું કે અમારું બંધારણ દરેક નાગરિકને અધિકાર આપે છે.

### અનેક માર્ગો ડાયવર્ટ કરવામાં આવશે

## નૂહમાં બ્રજમંડળ જલાભિષેક યાત્રાની વીડિયોગ્રાફી થશે

### ૨૨મી જુલાઈના રોજ નૂહમાં યોજાનારી બ્રજમંડળ જલાભિષેક યાત્રા માટે પોલીસે તૈયારીઓ શરૂ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

૨૨મી જુલાઈના રોજ નૂહમાં યોજાનારી બ્રજમંડળ જલાભિષેક યાત્રાને લઈને પોલીસ હાઈ એલર્ટ પર છે. આ વખતે સમગ્ર યાત્રાની વિડીયોગ્રાફી થશે અને સમગ્ર યાત્રા પર ડ્રોન કેમેરાથી નજર રાખવામાં આવશે. તેમજ યાત્રાને ધ્યાનમાં રાખીને પોલીસ પણ અનેક રૂટ ડાયવર્ટ કરવાનું આયોજન કરી રહી છે. સાથે જ ગત વર્ષની જેમ કોઈ અનિચ્છનીય બનાવ ન બને. નૂહ પોલીસ-પ્રશાસન તે માટે અનેક યોજનાઓ બનાવી રહ્યું છે. આ સાથે પોલીસે એક એડવાઈઝરી જારી કરીને યાત્રામાં આવનારા લોકોના હથિયાર, લાકડીઓ અને લાઉડ મ્યુઝિક સિસ્ટમ પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. આ અંગે નૂહના એસપી વિજય પ્રતાપે જણાવ્યું કે ૨૨ જુલાઈના રોજ યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત કરવામાં આવશે. આ વખતે પોલીસ ફોર્સ ગત વર્ષ કરતા વધુ રહેશે.



નૂહમાં કેએમપી સહિત અન્ય માર્ગો પરથી આવતા વાહનોનું ચેકિંગ કરવામાં આવશે. ગયા વર્ષે નલ્હદ મંદિરના પર્વત પરથી બદમાશો દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ વખતે ત્યાં પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસ અધિક્ષકનું કહેવું છે કે બ્રજમંડળ જલાભિષેક યાત્રાને લઈને એડવાઈઝરી જારી કરવામાં આવી છે. આ વખતે પોલીસ કોઈ પણ પ્રકારની ઢીલ રાખવાના મૂડમાં નથી. આ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જિલ્લાની તમામ સરહદો સીલ કરવામાં આવશે અને જિલ્લામાં આવતા-જતા લોકોની તપાસ કરવામાં આવશે. વહીવટીતંત્ર દ્વારા બંને સમુદાયના લોકો સાથે ઘણી બેઠકો પણ કરવામાં આવી છે.

### યુપીમાં ભાજપની હારનું કારણ સામે આવ્યું છે

## શું બિનયાદવ ઓબીસી અને બિનજાટવ સમર્થકો પાર્ટીથી અંતર રાખી રહ્યા છે?

### ઉત્તર પ્રદેશ બીજેપી અધ્યક્ષે લોકસભા ચૂંટણી ૨૦૨૪માં પાર્ટીના ખરાબ પ્રદર્શનના કારણો અંગે પાર્ટી હાઈકમાન્ડને રિપોર્ટ સોંપ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦।

ઉત્તર પ્રદેશ બીજેપી અધ્યક્ષે લોકસભા ચૂંટણી ૨૦૨૪માં પાર્ટીના ખરાબ પ્રદર્શનના કારણો અંગે પાર્ટી હાઈકમાન્ડને રિપોર્ટ સોંપ્યો છે. આ અહેવાલમાં ભાજપની હારના અનેક કારણો દર્શાવવામાં આવ્યા છે. આ પૈકી, રાજ્યમાં પાર્ટીના વોટ શેરમાં ૮ ટકાનો ઘટાડો, કુર્મી અને મૌર્યનું ઓછું સમર્થન અને દલિત મતોમાં ઘટાડો પક્ષના નબળા પ્રદર્શનના કારણો તરીકે મુખ્ય રીતે સૂચિબદ્ધ છે.પાર્ટીમાં આંતરિક વિખવાદ વચ્ચે આ અહેવાલ આગમાં બળતણ ઉમેરી રહ્યો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ચૂંટણી હાર માટે 'અતિ આત્મવિશ્વાસ'ને જવાબદાર ગણાવ્યો હતો. જ્યારે તેમના નાયબ કેશવ પ્રસાદ મૌર્યએ આ વાતનું ખંડન કર્યું અને કહ્યું કે 'સંગઠન સરકાર કરતા મોટું છે.'અહેવાલમાં ભાર મૂકવામાં આવ્યો છે કે રાજ્ય એકમે તેના મતભેદોને તાત્કાલિક ઉકેલવા જોઈએ. ઉપરાંત, આ તફાવતને 'આગળ વિરુદ્ધ પછાત' સંઘર્ષમાં ફેરવાતો અટકાવવા માટે, પાયાના સ્તરે કામ શરૂ કરવું જોઈએ.ભાજપે ૨૦૧૪માં ઉત્તર પ્રદેશની ૮૦ લોકસભા બેઠકોમાંથી ૭૧ અને ૨૦૧૯માં ૬૨ બેઠકો જીતી હતી.



તેણે ૨૦૧૭ માં રાજ્યની વિધાનસભા ચૂંટણી જીતી હતી અને ૨૦૨૨ માં પણ રાજ્યમાં તેની સત્તા જાળવી રાખી હતી. લોકસભા ચૂંટણીની વાત કરીએ તો ઉત્તર પ્રદેશમાં ભાજપનો વોટ શેર ૨૦૦૯માં ૧૮ ટકાથી વધીને ૨૦૧૪માં ૪૨ ટકા અને ૨૦૧૯માં ૫૦ ટકા થયો હતો. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓમાં, પાર્ટીને બિન-યાદવ ઓબીસી (૩૧ ટકાનો વધારો) માંથી ૬૦ ટકા અને બિન-જાટવ અનુસૂચિત જાતિ (૩૭ ટકાનો વધારો) માંથી ૪૫ ટકા સમર્થન મળ્યું હતું. પાર્ટીએ તેનો સામાજિક આધાર બ્રાહ્મણ-બનિયા સમુદાયની બહાર વિસ્તાર્યો અને બિન-યાદવ ઓબીસી અને બિન-જાટવ દલિતોને તેના ગણોમાં સામેલ કર્યા.

### મોદીની માઇક્રોબ્લોગિંગ સાઇટ Xના ૧૦૦ મિલિયન ફોલોઅર્સ થયા

## એલોન મસ્કે X પર ૧૦૦ મિલિયન ફોલોઅર્સ સુધી પહોંચવા બદલ મોદીને અભિનંદન આપ્યા

### પોપ ળાન્સિસ ૧૮ મિલિયન અનુયાયીઓ સાથે ત્રીજા સ્થાને છે, જ્યારે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્ડોગનના ૧૭ મિલિયન અનુયાયીઓ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

અબજોપતિ ઉદ્યોગપતિ એલોન મસ્કએ શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ટ્વિટર પર સૌથી વધુ ફોલો કરવામાં આવતા વિશ્વ નેતા બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. પીએમ મોદીની માઈક્રોબ્લોગિંગ સાઈટ Xના ૧૦૦ મિલિયન ફોલોઅર્સ થઈ ગયા છે. ઈલોન મસ્કે પોસ્ટ કર્યું, 'વર્લ્ડ લીડર બનવા પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન!' અબજોપતિ ઉદ્યોગપતિ એલોન મસ્કએ શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ટ્વિટર પર સૌથી વધુ ફોલો કરવામાં આવતા વિશ્વ નેતા બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. પીએમ મોદીની માઈક્રોબ્લોગિંગ સાઈટ ઠના ૧૦૦ મિલિયન ફોલોઅર્સ થઈ ગયા છે. ઈલોન મસ્કે પોસ્ટ કર્યું, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સૌથી વધુ ફોલો કરવામાં આવતા વિશ્વ નેતા બનવા બદલ અભિનંદન.'વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૦૦ મિલિયન ફોલોઅર્સ સાથે ટ્વિટર (અગાઉનું ટ્વિટર) પર સૌથી વધુ અનુસરવામાં આવતા વિશ્વ નેતા છે. તેમના પછી અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન છે, જેમના



૩૭ મિલિયન ફોલોઅર્સ છે. પોપ ળાન્સિસ ૧૮ મિલિયન અનુયાયીઓ સાથે ત્રીજા સ્થાને છે, જ્યારે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્ડોગનના ૧૭ મિલિયન અનુયાયીઓ છે. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડોના ૧૫ મિલિયન ફોલોઅર્સ છે, જે તેમને યાદીમાં પાંચમા સ્થાને રાખે છે.યુનાઈટેડ કિંગડમના ભૂતપૂર્વ વડા પ્રધાન ઋષિ સુનકના ૧૦ મિલિયન ફોલોઅર્સ છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનના ૮ મિલિયન અનુયાયીઓ છે, અને UAEના વડા પ્રધાન અને દુબઈના શાસક મોહમ્મદ બિન રશીદ અલ મક્તૌમના ૬ મિલિયન અનુયાયીઓ છે.

## તંત્રી લેખ...

# સ્વાસ્થ્ય માટે હાનિકારક માનવામાં આવતી ખાદ્ય ચીજોનું પ્રચલન યથાસંભવ સીમિત

વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ એટલે કે યુજીસીએ તમામ યુનિવર્સિટી અને કોલેજોને એ યોગ્ય નિર્દેશ આપ્યા કે તેઓ પોતાને ત્યાં હાનિકારક ખાદ્ય ચીજોનું વેચાણ રોકે અને તેમને બદલે પૌષ્ટિક અને સ્વાસ્થ્યવર્ધક ખાદ્ય સામગ્રી ઉપલબ્ધકરાવે. પરંતુ આટલા નિર્દેશ માત્રથી સ્થિતિમાં કદાચ જ કોઈ બદલાવ આવે. તેનો અંદેશો એટલા માટે છે કારણ કે યુજીસી દ્વારા આવી પહેલ તો પહેલાં પણ કરાઈ ચૂકી છે. સંભવતઃ પહેલાં આપવામાં આવેલ નિર્દેશોની અવગણનાને કારણે જ તેણે ફરીથી નિર્દેશ આપવાની જરૂર પડી રહી છે. જરૂરિયાત માત્ર એ જ નથી કે શિક્ષણ સંસ્થાઓમાં હાનિકારક ખાદ્ય પદાર્થોની ઉપલબ્ધતાને નિયંત્રિત કરવામાં આવે. એની સાથે જ એ પણ જરૂરી છે કે સ્વાસ્થ્ય માટે હાનિકારક માનવામાં આવતી ખાદ્ય ચીજો અને પીણાંનું પ્રચલન યથાસંભવ સીમિત કરવામાં આવે, કારણ કે બાળકો અને યુવાઓમાં એવા ખાદ્ય પદાર્થો લોકપ્રિય થતા જાય છે, જે તેમના સ્વાસ્થ્ય માટે યોગ્ય નથી. વિભિન્ન અધ્યયનોમાં વારંવાર એ સામે આવી રહ્યું છે કે જંક ફૂડ કહેવાતા ખાદ્ય પદાર્થ યુવા પેઢીના સ્વાસ્થ્યને ચોપટ કરવાનું કામ કરી રહ્યા છે, પરંતુ તેના ચલણને ઓછું કરવા માટે જેવા ઉપાય કરવા જોઈએ, એવા થઈ રહ્યા નથી. એનાથી પણ ખરાબ વાત એ છે કે જરૂરી નિયમ-કાયદાના અભાવમાં સ્વાસ્થ્ય માટે હાનિકારાક ડબ્બાબંધ ખાદ્ય પદાર્થોનું વેચાણ વધતું જાય છે. પ્રોસેસ્ડ ફૂડ એટલે કે પ્રસંસ્કૃત ખાદ્ય સામગ્રીનો ઉપયોગ તો થોડો પણ સ્વીકાર્ય છે, પરંતુ અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડનો નિયમિત ઉપભોગ તો એક રીતે બીમારીઓને નિમંત્રણ જ છે. સમસ્યા એ છે કે તેનું પણ ચલણ ઝડપથી વધવા લાગ્યું છે અને કેટલીય વાર જોવા મળે છે કે એવા ખાદ્ય પદાર્થો બનાવનારા નક્કી કરાયેલા માપદંડોની ઉપેક્ષા જ કરે છે. આપણા દેશમાં ખાદ્ય પદાર્થો સંદર્ભે જે નિયમ-કાયદા છે તેવી અવગણના જ વધારે થાય છે. એનું જ દુષ્પરિણામ છે કે દેશમાં ભેળસેળિયા ખાદ્ય પદાર્થોના વેચાણ પર જરા પણ અંકુશ નથી લાગી રહ્યો. એવું નિયામક અને નિરીક્ષણ સંસ્થાઓની સુસ્તી અને લાપરવાહી તથા ભ્રષ્ટાચારને કારણે થઈ રહ્યું છે. ચિંતાજનક તો એ પણ છે કે હાનિકારીક જાહેર કરાયેલી સામગ્રીનો સરોગેટ જાહેરાતો દ્વારા ખુલ્લેઆમ પ્રચાર કરાઈ રહ્યો છે. હવે તો એવી જાહેરાતો અને જાણીતી હસ્તીઓ પણ કરી રહી છે. તેમ છતાં એવું લાગે છે કે કોઈને કોઈ પરવા નથી કે ક્યાં શું ખોટું થઈ રહ્યું છે. નિશ્ચિત રૂપે સ્વાસ્થ્યની ચિંતા કરવી માત્ર સરકારો અને તેમની એજન્સીઓની જ જવાબદારી નથી.

# પ્રજાતંત્રમાં અંતિમ વ્યક્તિ સુધી ત્યારે જ પહોંચી શકાય, જ્યારે લોકસેવક નૈતિક મૂલ્યો સાથે ચાલે

આજે આપણી આસપાસ કેટલીક એવી ઘટનાઓ બની રહી છે, જે ભારતીય નોકરશાહીની છબિને ધૂમિલ કરે છે. ભારતીય સિવિલ સર્વન્ટ્સ કેવી રીતે નૈતિક દુવિધાઓમાંથી પસાર થાય છે અને ત્યારે તેમના નિર્ણય લેવાની પ્રક્રિયા કઈ રીતે ક્ષમતાઓથી પ્રભાવિત થાય છે, તે જોવાની વસ્તુ છે. કોઈપણ પ્રજાતંત્રમાં અંતિમ વ્યક્તિ સુધી ત્યારે જ પહોંચી શકાય, જ્યારે લોકસેવક નૈતિક મૂલ્યો સાથે ચાલે. લોકસેવા પ્રેરણા, વ્યક્તિગત કર્તવ્યનિષ્ઠા, સજાગતા, આચાર સંહિતા અને નૈતિક નેતૃત્વ જેવા ગુણો પર નિર્ભર કરે છે. આજે સવાલોનો અંબાર છે. શું બધા લોકસેવક સારા આચરણનું અનુસરણ કરી રહ્યા છે? સૌથી મુખ્ય પ્રશ્ન એ છેકે જો લોકસેવા ભારતનું સ્ટીલ માળખું છે, તો શું કેટલાક લોકસેવકોનું આચરણ એના પર બટ્ટો નથી લગાવતું? યાદ રાખીએ કે સરદાર પટેલે ભારતના પોલાદી લોકસેવા માળખા પાસે શું આશા રાખી હતી. લેખક-શોધકર્તા વિશાલ ગુપ્તાએ પોતાના અધ્યયન ‘ભારતીય પ્રશાસનિક સેવા (આઈએએસ) અને ક્રોની કેપિટલિઝમ : એક સમીક્ષા પત્ર’માં ભારતીય પ્રશાસનિક સેવા સામે આવતી કેટલીય સમસ્યાઓ વિશે વિસ્તારથી તર્ક આપ્યા છે. તેઓ લખે છે, ‘ભારતે બ્રિટિશ વડાપ્રધાન ચર્ચિલની કહેલી વાતોને ખોટી સાબિત કરવા માટે બહુ ખરાબ પ્રદર્શન નથી કર્યું. પરંતુ આજે ભ્રષ્ટાચાર ભારતના લોકાચારનો હિસ્સો બની ગયો છે.’ જ્યારે જાહેર સંસાધનોને ફાળવવાનો ફેંસલો કરવાનો હોય છે, તો કેટલીય વાર ક્રોની કેપિટલિઝમ કે લૂંટારું મૂડીવાદ હાવી થઈ જાય છે. અધિકારીઓ વિચારવા લાગે છે કે આ કામમાંથી મને શું મળશે? બેશક, આપણા નોકરશાહી માળખાની કમજોરીઓ વગદારો, અમીરો, પૂંજીપતિઓને વ્યવસ્થાના દોહનનો મોકો આપે છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે સ્વતંત્રતા વાસ્તવમાં નૈતિકતાથી જ સુરિક્ષત રહે છે. આપણા બંધારણમાં ‘આપણે ભારતના લોકો’ની પ્રતિધ્વનિ હતી અને આપણા પહેલા રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે આ દિવસને પરિભાષિત કરતાં કહ્યું હતું કે ભારત એક ગણતંત્ર બનીને પૂર્વગ્રહથી મુક્ત થઈને વિશ્વ મંચ પર પ્રવેશ કરી ગયું છે, પરંતુ મુશ્કેલી જુઓ, એક લાલ બત્તી કે આુડી કે પૈસાની ચાહતે તેને પૂર્વગ્રહથી મુક્ત નથી થવા દેતી જે એક યોગ્યતમ યુવાને ભારે-ભરખમ નોકરશાહ બનાવી દે છે. સત્તા અને સુવિધા ભોગવવાની દાનત હાવી થઈ જાય છે કે નૈતિકતા ભૂલાઈ જાય છે. અનેક લોકસેવકોના જીવનમાં ઘમંડ, લાલચ અને રોબ જ બધું થઈ જાય છે. એવું નથી કે સારા લોકસેવકો નથી, પરંતુ હંમેશાં વ્યવસ્થામાં તેમની ભૂમિકાને સીમિત કરી દેવામાં આવે છે. કેટલાક બહુ સારા અધિકારીઓને કારણે દેશનો છેવાડાનો માણસ લોકસેવકો તરફ આશાભરી નજરે જુએ છે અને માને છે કે તેના હિતોની રક્ષા સાહેબ કરશે. ટ્રેઈની આઈએએસ પૂજા ખેડકરનું દૃષ્ટાંત તાજું જ છે, જેણે લોકોના વિશ્વાસને ડગાવી દીધો છે. પદનો વ્યક્તિગત લાભ લેવાની પ્રવૃત્તિ એ હદે વધી રહી છે કે તેમાં અધિકારીઓના માતા-પિતા પણ પાછળ નથી રહેતા. તેમને હવે લાગવા માંડ્યું છે કે આપણું હવે કોઈ કશું નહીં બગાડી શકે. વાસ્તવમાં નૈતિકતા અને મૂલ્યોનું પ્રશિક્ષણ બુનિયાદી પ્રશિક્ષણમાં જ નહીં, પરંતુ દરેક સ્તરે ચાલુ રહેવું જોઈએ. સેવામાં નૈતિકતાના આધાર પર જ પદસ્થાપના, લાભ અને પદોન્નતિનું આકલન થવું જોઈએ. લાખો યુવાઓ લોકસેવક બનવાની તૈયારી કરે છે, એમના સુધી વિશ્વાસ અને નૈતિકતાનો સંદેશ કોણ પહોંચાડશે? શું લોકસેવા આયોગ પાસે કોઈ યોજના છે? કે પછી યેનકેન પ્રકારે, ત્યાં સુધી કે બનાવટી કાગળોના આધાર પર અધિકારી બનતાં રોકવાના ઉપાય કરી શકાય છે? આ ભાવિ લોકસેવકો વિશે જ નહીં, પરંતુ લોકસેવા આયોગ વિશે પણ વિચારવાનો સમય છે.

**સંસાર સંન્યાસ બંનેને જોડતી કડી રૂપ જ્ઞાન બાબત ગહન વિચારશીલ બની જીવનની સાચી સમજનો બોધ આપનાર**

# હિન્દુ સનાતન ધર્મમાં ઈશ્વર કરતાં પણ ગુરુ મહાન છે! કારણ કે, ગુરુ વિના જ્ઞાન આવશે ક્યાંથી!!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સમગ્ર હિન્દુ સનાતન ધર્મમાં ગુરુને ખૂબ જ મહત્વ અપાય છે અને ગુજરાત, સૌરાષ્ટ્રનાં, મોટાભાગના પંથકોમાં ગુરુપૂર્ણિમાનો બહુ મોટો ઉત્સવ થાય છે, કારણકે આ ભૂમિમાં બહુ બધા બુદ્ધ પુરુષ થયાં છે, આજે હિન્દુ સંસ્કૃતિને માનનારા તમામ પ્રાંતોમાં ગુરુ વંદનાના મહોત્સવ થશે.**

આજે અષાઢ સુદ પૂર્ણિમાએ ભગવાન વેદ વ્યાસનો જન્મ થયો હોવાથી, આપણે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવીએ છીએ. ગુરુનું સ્થાન બહુ જ મોટું છે, અને ગુરુ વિના જીવનમાં શાંતિ સુધી પહોંચી શકાતું નથી. એ મહત્વને સમજી અને આજે ગુરુ પૂજા અર્ચના કરવામાં આવે છે. હિન્દુ સનાતન ધર્મમાં ઈશ્વર કરતાં પણ વધું મહત્વ ગુરુને આપવામાં આવે છે, અને ગુરુપૂર્ણિમાનો ઉત્સવ આવે છે, તો ગુરુ શબ્દનો યથાર્થ અર્થ શું છે!: કે જેને કારણે ગુરુનું આટલું મોટું પદ છે, એ જાણીએ. ગુરુ એટલે ગુ રુ = “ગુ” એટલે અંધકારને રુ એટલે પ્રકાશ! એટલે કે અંધકાર દૂર કરી સાત્વિકતાનાં અજવાળાં પાથરનાર તત્વ એટલે ગુરુ. હિન્દુ સનાતન ધર્મનો પાયો મજબૂત કરવા પૂજ્ય બાપુ વારંવાર ગુરુ તત્વ વિશે આપણને બોધ આપે છે.એમના કહેવા મુજબ ગુરુ એટલે ગઉરઉ જેમાં બે વર્ણાક્ષર અને એક સ્વર આવે છે. પણ બંને સ્વરનો અર્થ અલગ અલગ છે. “ગ“ એટલે ગંભીર, “ઉ”એટલે ઉદાર, “ર” રહસ્ય, ઉ એટલે ઉદ્ઘાટિત કરવું. એમણે તો આમ કહી પુરું કર્યું પણ આપણે સ્વતંત્ર ચિંતન કરીએ. ગંભીરઃ સંસાર સંન્યાસ બંનેને જોડતી કડી રુપ જ્ઞાન બાબત ગહન વિચારશીલ બની જીવનની સાચી સમજનો બોધ આપનાર. ઉદારઃ સમજ આવતા ચાહે સંસાર હો યા સંન્યાસ!; દરેક સાથે ઉદારતાથી વર્તન કરનાર અને ઉદારતાથી દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરનાર. રહસ્યઃ શિષ્યની સમજ પરિપક્વ થતાં “પીંડ એ ચ બ્રહ્માંડે” સૂત્ર મુજબ પ્રકૃતિના ગુઢ રહસ્યોને ખોલનારુ તત્વ. ઉદ્ઘાટિત કરવુંઃ અહમ બ્રહ્માસ્મિ એટલે કે ખુદના ઈશ્વર તત્વને કણેકણમાં વસતાં ઈશ્વર તત્વ સાથે સંયોજીને સત્ય પ્રેમ અને કરુણા રુપી ઈશ્વર તત્વને ઉદ્ઘાટિત કરનાર. આમ માનવ જન્મ સાર્થક કરનાર તત્વ એટલે ગુરુ અને એટલે જ આપણે ત્યાં “ગુરુ ગોવિંદ દોનું ખડે કાકે લાગૂ પાય”! એવી એક સાખી પણ પ્રચલિત છે. તો આવા મહત્વના દિવસે આપણે સૌ આપણાં સદગુરુના વચનો નિભાવીશું, એવી ગુરુદક્ષિણા આપીને આ તહેવારની મહત્તા વધારીએ. સમગ્ર હિન્દુ સનાતન ધર્મમાં ગુરુને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે અને ગુજરાત, સૌરાષ્ટ્રનાં, મોટાભાગના પંથકોમાં ગુરુપૂર્ણિમાનો બહુ મોટો ઉત્સવ થાય છે, કારણકે આ ભૂમિમાં બહુ બધા બુદ્ધ પુરુષ થયાં છે. આજે હિન્દુ સંસ્કૃતિને માનનારા તમામ પ્રાંતોમાં ગુરુ વંદનાના મહોત્સવ થશે, ગુરુદેવની જય, સદગુરુ કૃપા હી કેવલમ, ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ, તેમજ ગુરુ ગોવિંદ દોનો ખડે કીસકો લાગુ પાય! જેવા નારાઓથી ગુરુના સ્થાનકો ગુંજી ઉઠશે. પણ આ વાત તો આપણે ગુરુ તત્વ શું છે એને વિશે કરી પણ સદગુરુ શિષ્યને કંઈ રીતે અન્યથી વિશેષ બનાવે છે એ વાત કરીએ તો. સાચાં શિષ્ય માટે ધ્યાન કરવા માટે, સદગુરુનું મંગલ સ્વરૂપ પર્યાપ્ત છે, પૂજા કરવા માટે તેનાં ચરણ, અને ગુરુના વચનો જ તેના જીવન મંત્ર બની તેને કાયમ દોરે છે, અને ગુરુકૃપા તેને મોક્ષ તરફ લઈ જાય છે.

**ધ્યાનં મૂલમ ગુરુ મૂર્તિ,**
**પૂજા મૂલમ ગુરુ પદમ,**
**મંત્રં મૂલમ ગુરુ વાક્યમ,**
**મોક્ષ મૂલમ ગુરુ કૃપા...**

સદગુરુ તો અમૂલ્ય રત્નોની ખાણ છે, અને સાધકના વ્યક્તિત્વને વિરલ બનાવી, અસ્તિત્વની સમું ઊભો રહેવાને લાયક બનાવે છે. આમ તો ગુરુ શબ્દમાં જ તેનો મહિમા સમાયેલો છે. ગુ રુ એટલે કે ગુ એટલે અંધકાર અને રુ એટલે પ્રકાશ, સાધકના જીવનના તમામ અંધકારને દૂર કરી અને પ્રકાશ તરફ લઈ જનારને ગુરુ કહેવામાં આવે છે. સદગુરુની ઉપલબ્ધિઓની વાત શિષ્ય શું કરી શકે! શિષ્યની એવી કોઈ હેસિયત જ નથી! પણ તેની દરેક સમસ્યાનું નિદાન સદગુરુ પાસે હોય છે. શિષ્યનાં તમામ સવાલોનાં જવાબ પણ તેની પાસે હોય છે. સદગુરુ સાધક શિષ્યને કંઈ રીતે સમસ્યા ભરેલા જીવનથી શાંતિ દ્વાર સુધી લઈ જાય છે! જ્યાં કેવળ નગદ આનંદ અને પરમ પ્રેમ રુપ સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા છે. સૂર્ય સમક્ષ લાવે છે:: સૂર્ય સમક્ષ લાવવું એટલે સાધકને જગાડે છે, તેના અંતરાત્માને ઢંઢોળે છે, અને જાગૃતિની દરેક પરિભાષાની શક્યતા સમજાવે છે. બદલાતા સમયમાં જીવન એટલું સંઘર્ષ, અને તણાવને ગ્રસ્ત હોય છે, કે અનીતિ પણ નીતિ ના રુપાળા વસ્ત્ર પહેરીને આવે છે! અને એટલે જીવનમાં હર ક્ષણની જાગૃતિ બહુ જરૂરી છે, તો જ જીવન સુંદર આયામ સુધી પહોંચી શકે! સૂર્ય રોજ તપે છે, તો ક્યારેક પોતાના તેમજ અન્યના જીવનને પ્રકાશવા માટે તપવું પણ જરૂરી છે. આ ઉપરાંત સૂર્ય રોજ પોતાના નિયત સમયે ઉદય પામે છે, અને નિયત સમયે અસ્ત પામે છે. એટલે ઉજ્જવળ કારકિર્દીને પણ ક્યારેક વિરામ આપવો પડે, કે અસ્ત થાય તો એનાથી ડરવું નહીં. સૂર્ય રાય રંક કે કાળા ધોળાનો ભેદ કરી પ્રકાશતો નથી, એટલે આપણે પણ આપણા હું પણાને ભૂલી સૌમાં એ જ ઈશ્વર તત્વ છે એ સતત યાદ રાખીને સૌની સાથે નો વ્યવહાર બને એટલો પ્રેમ ભર્યો રાખવો. સત્ય સમક્ષ લાવે છે:: સત્યની પરિભાષા કરવી મુશ્કેલ છે, કારણ કે દરેકના સમય, સંજોગો, અને અનુભવ પ્રમાણે તેનું સત્ય હોય, અને આ જ વાત સદગુરુ સમજાવે છે. એટલે કે પોતે સ્વીકારેલા સત્યની જીદ ન કરતાં દરેકના સત્યનો પણ આદર કરવો જોઈએ. આ ઉપરાંત નીતિથી મોટું કોઈ સત્ય નથી માટે જીવનમાં અનીતિ ક્યારેય ન આવે તેનું ધ્યાન રાખવું. નીતિ, રાગ દ્વેષ, મોહ માયા, કે ઈચ્છા આકાંક્ષા અપેક્ષા ઉપેક્ષાથી પણ ઉપર છે. માટે ક્યારેય અહમ કે અહંકારનાં વર્ચસ્વ તળે અન્ય કોઈ વિકારને કારણે નીતિ દૂષિત ન થાય તે પણ જોવું રહ્યું. શબ્દ સમક્ષ લાવે છે:: શબ્દ ને આપણે ત્યાં બ્રહ્મ કહે છે, અને વેદ વેદાંતમાં ઈશ્વરનું સૌથી શ્રેષ્ઠ અને છેલ્લું સ્વરૂપ શબ્દ બાતાવાયુ છે, આ ઉપરાંત શબ્દને આકાશનું સંતાન કહેવામાં આવે છે, અને સાધકને એ શબ્દ બ્રહ્મની ઉપાસના કરવાની છે. ભારતીય સંસ્કૃતિની મૂળ વૈદિક પરંપરાઓને નિભાવવાની હોય છે. એટલે કે, માતૃદેવો ભવ, પિતૃ દેવો ભવ, આચાર્ય દેવો ભવ, અને અતિથિ દેવો ભવ, ને અનુસરવાનું છે. ઉદારતાવાદી થવું જોઈએ, મારે માનવતા વાદી થવું જોઈએ, મારે કર્તવ્ય નિષ્ઠ થવું જોઈએ, અને સહિષ્ણુ પણ થવું જોઈએ, આ વચનને જીવનભર નિભાવવાનું એટલે જ શબ્દ કે વચનની ઉપાસના. આમ સાધક શિષ્ય માટે સદગુરુ તેનું સકળ અસ્તિત્વ છે, તેના વ્યક્તિત્વને ઘડનાર પરમ શિલ્પ કાર છે, અને તેનામાં તમામ પ્રકારની વિદ્યાનું રોપણ કરનાર એક સમર્થ ગુરુ એટલે કે આચાર્ય પણ છે, અને જીવન રંગોને બેલેન્સ કરનાર એક ગજબનો ચિત્રકાર પણ છે.

**આપણા વેદ અને પુરાણો કહે છે કે અમર આત્માને તેના વાસ્તવિક સ્વરૂપમાં જ્ઞાન વિના જાણીશકાતો નથી**

# ગુરુ વિના સંસાર સાગરને કોઈ પાર કરી શકતું નથી, પછી ભલે તે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કેમ ના હોય?



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ગુરુ ગોવિંદ બંને ઉભા થયા અને તેમના ચરણ સ્પર્શ કર્યા, ભગવાન દિયામાં ભળેલા ગુરુ ગોવિંદનું બલિદાન હું શીખોની ગુરુ ભક્તિને વંદન કરું છું, એવો શિષ્ય જે ગુરુ ને સર્વોપરી માને છે, ગુરુના શબ્દોમાં ચાલે છે, ગુરુના વર્તુળને અનુસ રે છે, ગુરુના શબ્દોને માન આપે છે ધન્ય છે આવી ગુરુ ભક્તિ વ્યક્તિએ શીખવું જોઈએ, કોઈના ગુરુનો આદર કરવો જોઈએ, કોઈના ગુરુની વાતોનું પાલન કરવું જોઈએ.**

આજે અષાઢી પૂનમ રવિવાર એટલે ગુરૂ પૂર્ણિમા. આપણે આજે ગુરૂનું મહાત્મય જાણીએ. ‘ગુ’ એટલે અંધકાર અને રુ એટલે પ્રકાશ. અજ્ઞાનનો અંધકાર દૂર કરીને જ્ઞાનનો પ્રકાશ પ્રગટાવનારને ગુરુ કહેવાય છે.ગુરુના પદ માટે આપણને ઘણું માન છે. ભગવાન શંકરે કહ્યું છે. ‘ગુરુ બિનુ ભવનિધિ તરાઈના કોઈ, જો બિરંચી કસમ હોઈ એટલે ગુરુ વિના સંસાર સાગરને કોઈ પાર કરી શકતું નથી, ભલે તે બ્રહ્મા,વિષ્ણુ,મહેશ હોય? શાસ્ત્રોમાં ભગવાન કરતાં ગુરુનો મહિમા વધુ જણાવવામાં આવ્યો છે. ભગવાન રામ પોતે જ્યારે પણ ભગવાનશ્રી સાથે પૃથ્વી પર આવ્યા ત્યારે તેમણે પણ ગુરુઓની સેવા કરી, ગુરુઓને નમન કરી ને જ્ઞાન પ્રાપ્ત કર્યું. ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુદેવો મહેશ્વર ગુરુ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ તેઓ સાક્ષાત ભગવાન છે, છતાં તેમણે પોતે માનવ સ્વરૂપ ધારણ કરીને જગતને સમજવાના હેતુથી ગુરુઓની સેવા કરી બાય ધ વે, મનુષ્ય જન્મ થી જ કોઈને કોઈને ગુરુ બનાવે છે સૌ પ્રથમ ગુરુએ માતાપિતા છે, જે વ્યક્તિનું પાલન-પોષણ કરે છે અને તેને સંસારના માર્ગે આગળ લઈ જાય છે. આ પછી એવા શિક્ષણ ગુરુઓ છે જે વ્યક્તિને તમામ સાંસારિક જ્ઞાન આપે છે. એવા લોકો છે જે તમને દુન્યવી જ્ઞાનનો ઉપદેશ આપીને વ્યક્તિને પ્રબુદ્ધ કરે છે. આ પછી અને અંતે એવા આધ્યાત્મિક શિક્ષકો છે જે વ્યક્તિને આ દુનિયામાંથી દુઃખ-આનંદ, નુકસાન-લાભ અને કાર્યોના વાવાઝોડામાંથી બહાર કાઢે છે અને તેમને તેમના આત્મામાં સ્થિત રહેવાનું અને દુન્યવી દુષ્ટતાથી મુક્ત થવાનું શીખવે છે. ગણતરી પર નજર કરીએ તો દુનિયામાં કોઈ પણ કામ કરતા પહેલા તે શીખવું જરૂરી છે. ઉદાહરણ તરીકે, છોકરીએ જે રીતે રોટલી બનાવતા શીખવું પડે છે, તેણે તેની માતાનો આશ્રય લેવો પડે છે. માતા તેને પોતાની સંગતમાં રાખે છે અને તેને રોટલી બનાવવાની અને રોલ કરવાની કળા શીખવે છે. તો જયારે ગુરુની મદદ વિના દુનિયાનું નાનું નાનું પણ કરવું શક્ય નથી,તો પછી આ સંસારના દુષ્ટ વર્તુળમાંથી બહાર નીકળવું કેવીરીતે શક્ય છે? આ પૃથ્વી પર જેટલા પણ મહા પુરુષો થયા છે. આ બધાએ કોઈને કોઈ ગુરુનો સંગ મેળવ્યો છે, તેમની સેવા કરી છે અને તેમની કૃપા પચાવી છે અને વિશ્વમાં પોતાનું નામ પ્રસિદ્ધ કર્યું છે. કાયમ માટે અમર બની ગયો છે. બાળક ધ્રુવ જેને તેના પિતાએ દત્તક લેવાનું નક્કી કર્યું હતું. જે બાળક ધ્રુવને પિતાનો ખોળો મળ્યો ન હતો જ્યારે એ જ બાળક ધ્રુવને નારદ જી જેવા ગુરુ મળ્યા અને ગુરુ મંત્રનો જાપ કર્યો, ત્યારે તેને એક સંસારી પિતાની વાત તો રહેવા દો, ખુદ ભગવાનના ખોળામાં બેસવાનું નક્કી થયું. સ્વામી વિવેકાનંદ જેમનું બાળપણનું નામ નરેન્દ્ર હતું. તેઓ ઘણી સંસ્થાઓમાં ગયા, ઘણી વ્યક્તિઓ, ઘણી આધ્યાત્મિક વ્યક્તિઓને મળ્યા પરંતુ જ્યારે તેઓ સ્વામીરામકૃષ્ણ પરમહંસજીના શિષ્ય બન્યા ત્યારે જ તેઓ નરેન્દ્રમાંથી’ સ્વામી વિવેકાનંદ’ બની શક્યા. સ્વામી વિવેકાનંદને આજે કોણ નથી ઓળખતું? ભગવાનની કૃપા વિના ગુરુ નથી,ગુરુ વિના જ્ઞાન નથી. આત્મા વિના ગામ નથી, માત્ર વેદ પુરાણ. એટલે કે ભગવાનની કૃપા વિના શિક્ષક નથી અને શિક્ષક વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આપણા વેદ અને પુરાણો કહે છે કે અમર આત્માને તેના વાસ્તવિક સ્વરૂપમાં જ્ઞાન વિના જાણીશકાતો નથી. ધન્ય છે એવા ગુરુ, જેના ચરણોમાં અનેક સજ્જનો થયા છે. જો વાસ્તવિકતા જોવામાં આવે તો જ્યારે પણ પૃથ્વી પર ભાર વધે છે, પાપ વધે છે, અનાચાર અને અત્યાચાર વધે છે, ત્યારે જ ભગવાન પોતે સમર્થ સદગુરુના રૂપમાં અવતાર લે છે. સંતનો આત્મા અને ભગવાનનો આત્મા એક છે. સંતશ્રી તુકારામજી શ્રી એકનાથજી, જ્ઞાનેશ્વર મહારાજ, રાજા જનક, સુખદેવજી, દત્તાત્રેય ભગવાન અને શંકરાચાર્ય વગેરે આવા અનેક મહાન આત્મા સમર્થ સદગુરુઓ આ પૃથ્વી પર આવ્યા અને મનુષ્યને જીવન જીવવાનો સાચો માર્ગ શીખવ્યો અને જન્મના દુઃખોનો નાશ કર્યો. મૃત્યુ. કર્યું.સાચો શિષ્ય જે પોતાના ગુરુના આશ્રયમાં રહે છે અને તેમની આજ્ઞાનું પાલન કરે છે. કોઈ તેને નુકસાન પહોંચાડી શકે નહીં. ગુરુ એવી કળા આપે છે કે વ્યક્તિની કુંડળીના ગ્રહો અને કાર્યોનો હિસાબ બદલતા વાર નથી લાગતી. જે વ્યક્તિ સાચા ગુરુની સેવા કરે છે તેની રોજ દિવાળી હોય છે. શીખ સમાજમાં ગુરુને ભગવાન કરતાં પણ ઊંચો દરજ્જો આપવામાં આવ્યો છે. ગુરુ ગોવિંદ બંને ઉભા થયા અને તેમના ચરણ સ્પર્શ કર્યા, ભગવાન દિયામાં ભળેલા ગુરુ ગોવિંદનું બલિદાન હું શીખોની ગુરુ ભક્તિને વંદન કરું છું. એવો શિષ્ય જે ગુરુને સર્વોપરી માને છે. ગુરુના શબ્દોમાં ચાલે છે, ગુરુના વર્તુળને અનુસ રે છે, ગુરુના શબ્દોને માન આપે છે ધન્ય છે આવી ગુરુ ભક્તિ વ્યક્તિ એ શીખવું જોઈએ, કોઈના ગુરુનો આદર કરવો જોઈએ, કોઈના ગુરુની વાતોનું પાલન કરવું જોઈએ આજના સમયમાં ઘણાએવાલોકો છે જે ઘણા બધા ગુરુ બનાવે છે. બધાને ગુરુ કહેવાય આ સારુંનથી જો કે ગુરુની કોઈ ઓળખ નથી, પરંતુ આજે પણ કળયુગના સમય ને ધ્યાનમાં લઈને કેટલાક વિચારો કરી શકાય છે. પિતૃ શરીરમાં જન્મ આપે છે. પણ સાચા ગુરૂ આપણને એ દેહમાં રહેતા પરબ્રહ્મ પરમાત્માના દર્શન કરાવે છે અને પરમાત્મામાં જ સ્થાપિત કરે છે. વ્યક્તિના આંતરિક આત્માને જાગૃત કરે છે. તેમનો મહિમા અકથ્ય છે. ગુરુ મોટા પાપોનું પરિણામ ચપટીમાં પતાવી દે છે. જેમ શિષ્ય સાચા સદગુરુની શોધ કરે છે. તેવી જ રીતે, સદગુરુ પણ સાચા શિષ્યની શોધ કરે છે. તેને આપો તેવી જ રીતે, સદગુરુ પણ સાચા શિષ્યની શોધ કરે છે. તેમના પર સંપૂર્ણ કૃપા વરસાવવા માંગે છે, તેમને ગુરુપદમાં સ્થાપિત કરવા માંગે છે. પણ આજે કળયુગના સમયમાં આવા સાચા સદગુરુ મળી જાય, પણ સાચો શિષ્ય ન મળે.મોટા ભાગના શિષ્યો માત્ર સાંસારિક મોહ, માયા મેળવવા ઈચ્છે છે. મારે ઘર જોઈએ છે, ગુરુજી, મને દુકાન જોઈએ છે, ગુરુજી, મારે પત્ની જોઈએ છે. સંપત્તિ જોઈએ છે. પરંતુ શિક્ષક જે શિક્ષણ આપવા માંગે છે તે લેવા માંગતા નથી. કળયુગની અસર વધી રહી છે,તેથી સાવચેત રહો કપટી શિક્ષક લોભી શિષ્ય બંને નરકમાં થેલમથેલા.આજના ગુરુ ઈચ્છે છે કે શિષ્યનું ખિસ્સું કપાય અને શિષ્ય ગુરુને છેતરે ગુરુ અને શિષ્ય વચ્ચેનો પિતા અને પુત્ર કરતાં વધુ છે. શાસ્ત્રોમાં ગુરુ કેવી રીતે પોતાના શિષ્યના કર્મનું ચપટીમાં સમાધાન કરે છે. આના ઘણા ઉદાહરણો છે. એક વાર ગુરુ નાનકદેવજી આસપાસ ફરતા ફરતા એક શેઠ શાહુ કારની જગ્યાએ પહોંચ્યા.તે શેઠ શાહુકારે દેવીની ખૂબ સેવા કરી. મેં ખૂબ જ પ્રેમથી ભોજન કરાવ્યું મારા પોતાના હાથે ગુરુજીના ચરણ સ્પર્શ કર્યા, હવામાં પંખા લગાવ્યા અને ખૂબ જ ઉત્સાહિત અને આનંદ થયો કે ભગવાને મને ખૂબ આશીર્વાદ આપ્યા છે કે આજે ગુરુ મારા ઘરે આવ્યાછે.રાત્રે બધા આરામ કરવા લાગ્યા.રાત્રે સ્વપ્ન દરમિયાન તેણે પોતાને એક મહાન પીડિત, લાચાર અને બીમાર તરીકે જોયો. આ સપનું જોઈનેતે આખીરાત મુશ્કેલી માં હતો.સવારે ઉઠીને તેને ખૂબ જ આશ્ચર્ય થયું કે આટલા મોટા વિદ્વાનને જોયા પછી પણ મેં આવું સ્વપ્ન કેમ જોયું? મારી આખી રાત કાળી થઈ ગઈ.શું આમાં પણ કોઈ રહસ્ય હશે? તેમણે નાનકદેવજીને આ વિશે પૂછ્યુંકે તમારા ગુરુજી જેવા મહાન આત્માના દર્શન કર્યા પછી વ્યક્તિનું મન પ્રસન્ન રહેવું જોઈએ શુ સપના જોવા જોઈએ પણ મારી સાથે ઊલટું થયું. ગુરુ નાનકદેવજી એ કહ્યું, પુત્ર, સંતોના મહિમાને કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ રીતે સમજી શકતું નથી. તમે સ્વપ્નમાં જે રોગ લાચારી અને પીડા જોઈ છે. કે તમારું તમારા કર્મોને લીધે તમારે ભોગવવું પડ્યું પરંતુ માત્ર ઋષિની સેવા કરવાથી તમારા ઘણા વર્ષોના રોગ માત્ર એક જ રાતમાં કપાઈ ગયા અને તે પણ સ્વપ્નમાં જ દૂર થઈ ગયા. ભગવાન પોતાનું અપમાન સહન કરે છે, પરંતુ ગુરુનું અપમાન ક્યારેય સહન કરતા નથી. એકવાર દેવર્ષિ નારદ વૈકુંઠમાં પ્રવેશ્યા, ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજીએ તેમનો ખૂબ જ આદર કર્યો. આદિ નારાયણે નારદજીનો હાથ પકડીને તેમને આરામ કરવા કહ્યું એક તરફ ભગવાન વિષ્ણુ નારદજીના ચરણોમાં માલીશ કરી રહ્યા છે અને બીજી તરફ લક્ષ્મીજી પંખો ફૂંકી રહ્યા છે. નારદજી કહે ભગવાન હવે છોડો, આ લીલા શેની છે? હે નાથ આ રહસ્ય શું છે, સમજાવવાની યુક્તિ તમે મારા પગ દબાવો છો અને માતા પંખો સહન કરે છે.નારદ બોલ્યા,તમે ગુરુઓની દુનિયામાંથી આવ્યા છો. મહાપુરુષોની દુનિયામાંથી આવ્યા.યમપુરીમાં પાપોનો અનુભવ થાય છે, પુણ્યનું ફળ વૈકુંઠમાં મળે છે, પણ મૃત્યુલોકમાં સદગુરુની પ્રાપ્તિ થાય છે અને આત્મા કાયમ માટે મુક્ત થઈ જાય છે. એવું લાગે છે કે તમે એક યા બીજા ગુરુનો આશ્રય લઈને આવ્યા છો. ભગવાને આ બધું નારદજીને પોતાની ભૂલનો અહેસાસ કરાવવા માટે કર્યું. મનોરંજન કરતા હતા. નારદજીએ કહ્યું, હે ભગવાન, હું ભક્ત છું. પણ નિગ્રા છું. જો તમારે આ જાણવું હોય તો જાઓ.

## કયા દેશની કેરી સારી, ભારતની કે પાકિસ્તાનની?



ભારતના મલીહાબાદની કે પાકિસ્તાનના શહેર મુલતાનની, કઈ કેરી શ્રેષ્ઠ છે? આ સવાલ વિદેશમાં રહેતા લોકો માટે જેમ 'વિરાટ કોહલી શ્રેષ્ઠ છે કે બાબર આઝમ' જેવી ચર્ચામાં બદલાઈ જાય છે. દક્ષિણ એશિયાના આ બંને દેશ કેરી માટે જાણીતા છે. દુનિયાની ૪૦ ટકા કેરી ભારતમાં થાય છે, પરંતુ નિકાસની દૃષ્ટિએ પાકિસ્તાન અને ભારત લગભગ સરખા છે. એવામાં ફળોનો રાજા કહેવાતા આ ફળની ખેતી વિશે ભારત અને પાકિસ્તાન બંનેમાંથી કોણ આગળ છે, આ ચર્ચામાં પડતા પહેલાં અમે બંને દેશના ખેડૂતો સાથે વાત કરીને જાણવાનો પ્રયાસ કર્યો કે તેમની કેરી કેમ ખાસ છે. કેરી પ્રત્યેના તેમના પ્રેમ અંગે જાણીતા શાયર મિર્ઝા ગાલિબે એક વાર કહ્યું હતું કે કેરીમાં માત્ર બે ખૂબી હોવી જોઈએ, એક તો તેની મીઠાશ અને તેની માત્રા વધુ હોવી જોઈએ. જોકે ભારતના 'મૅન્ગોમૅન' કલીમુલ્લાહ ખાન આમાં ઉમેરો કરે છે કે, "તેની ઘણી બધી જાતો પણ હોવી જોઈએ", કારણ કે મલીહાબાદમાં તે આ કારણથી જ મશહૂર છે. કેરીની અલગ-અલગ જાત ઉછેરવા માટે જાણીતા કલીમુલ્લાહ ખાન કહે છે કે, ચૌસા, દશેરી અને લંગડો જેવી મશહૂર કેરીઓ સિવાય પણ કેરીની એક દુનિયા છે. તેઓ કેરીઓનાં નામ ગણાવે છે, 'ખાસુલખાસ, ગુલાબખાસ, શમસુલ અસમાર, બદરુલ અસમાર, મહમુદુલ અસમાર, અમીન કલા, અમીન ખુર્દ, સોરખા ખાલિસપુર, સોરખા મુર્શિદાબાદ, સોરખા શાહાબાદ, કચ્છ મીઠા, ગોલ ભદૈયાં, રામકેલા, ફજરી, હુસ્નઆરા, રતૌલ, જરદાલુ, બેગમપસંદ, બીજી તરફ પાકિસ્તાનના શહેર મુલતાનના ખેડૂત સોહેલ ખાન બાબર મજાક કરતા કહે છે કે મુલતાનના લોકો સાથે લોકો મિત્રતા જ એ માટે કરે છે, કારણ કે અહીંની કેરી મશહૂર છે. આવો, પહેલા મલીહાબાદ જઈએ અને ભારતની કેરી વિશે 'મૅન્ગોમૅન' પાસેથી જાણીએ. કેરીની ૩૦૦થી વધુ જાત ધરાવતો આંબો બદલાઈ રહેલા વાતાવરણ પછી ઉત્તર પ્રદેશના મલીહાબાદમાં પડેલા વરસાદે 'મૅન્ગોમૅન' કલીમુલ્લાહ ખાનના ચહેરા પર ખુશી લાવી દીધી છે. પરંપરાગત રીતે આંબા માટે પ્રખ્યાત આ પ્રદેશમાં આ વર્ષે અસામાન્ય ગરમી પડી, ગરમીમાં અસામાન્ય રીતે ઠંડી આવી અને આ દરમિયાન અકાળે વરસાદ પડવાથી કેરીના ઉત્પાદન પર ખરાબ અસર પડી. કલીમુલ્લાહ કહે છે કે, "૧૯૧૯માં મલીહાબાદમાં કેરીની ૧૩૦૦ જાત હતી, પરંતુ હવે સમગ્ર ઉત્તર પ્રદેશમાં લગભગ ૬૦૦ જાત પણ નથી બચી અને આ આંકડો ઘટી રહ્યો છે."

## કેન્સર સહિત અઢળક બીમારીઓ કરશે દૂર, વાળને સફેદ થવા દેશે નહીં આ છોડના ફળ



હરડેમાં લેક્સટીવ ગુણ હોય છે જેને કારણે શરીરની વધારાની ચરબી આપમેળે પીગળીને બહાર નીકળી જાય છે અને વજન ને સંતુલિત રાખી શકાય છે. ૬ ગ્રામ હરડેના પાવડરને ૧ ગ્લાસ પાણી માં ઉકાળી લો. જયારે પાણી અડધું રહે એટલે ગેસ પરથી ઉતારીલો. ઠંડુ થઈ જાય એટલે તેમાં એક ચમચી મધ નાખીને દરરોજ ભૂખ્યા પેટે પીવો. રિસર્ચમાં જણાવ્યા અનુસાર હરડેમાં જે ફેનોલિક્સ કંપાઉડ જોવા મળે છે. તે એન્ટીકાર્સિનોઝેનિક હોય છે એટલે કે તે કેન્સર કોશિકાઓને વધવા દેતું નથી. અધ્યયનમાં જણાવ્યા અનુસાર હરડેના ફળમાંથી કાઢવામાં આવેલા અર્કને જ્યારે કેન્સરથી પીડિત ઉંદરને આપવામાં આવ્યા તો બ્રેસ્ટ કેન્સરમાં જવાબદાર સેલ્સ ખતમ કરી દીધા. તો વળી અન્ય પ્રયોગમાં તે બોન કેન્સર અને પ્રોસ્ટેટ કેન્સરને પણ રોકવામાં સક્ષમ થઈ ગયું છે. હરડેથી અસ્થમા, ગળાની ખરાશ, ઉલ્ટી, હિચકી, ડાયરિયા, બવાસીર, અલ્સર, ગઠિયા, ડાયાબિટીસ, પેશાબ સંબંધિત તકલીફો સહિત કેટલીય બીમારીઓને કમ કરે છે અને કેટલીય બીમારી થવા દેતું નથી. આ છોડનું નામ વૈજ્ઞાનિક નામ ટર્મિનાલિયા ચેબુલા છે. તેને અંગ્રેજીમાં માયરોબાલન કહેવાય છે. ભારતમાં તેનું નામ હરીતકી અથવા હરડે છે. પણ તેને કેટલાય અન્ય નામથી ઓળખવામાં આવે છે. હરીતકીમાં એટલા ગુણ હોય છે કે તેને લઈને દુનિયાના કેટલાય દેશોમાં તેને લઈને રિસર્ચ થયા છે. સાયન્સ ડાયરેક્ટ જર્નલના જણાવ્યા અનુસાર, ટર્મિનાલિયા ચેબુલા ફક્ત ભારત અને ઈરાનમાં જોવા મળે છે. આ બંને દેશોમાં આ છોડનો કેટલીય બીમારીમાં સદીઓથી ઉપયોગ થાય છે. મધ્યકાલીન યુગમાં હરીતકીને લઈને ઈરાનમાં કેટલાય રિસર્ચ થયા છે અને તેના કેટલાય ગુણો દુનિયાની સામે રજૂ કર્યા છે. હરીતકીમાં એટલા ગુણ હોય છે કે, જો માણસ સીમિત માત્રામાં ઉપયોગ કરે તો, કેટલીય બીમારીથી મુક્ત થઈ જાય. તિબ્બતમાં હરીતકીને કિંગ ઓફ મેડિસીન કહેવાય છે. એનસીબીઆઈ જર્નલમાં છપાયેલ રિપોર્ટ અનુસાર, હરડેથી અસ્થમા, ગળાની ખરાશ, ઉલ્ટી, હિચકી, ડાયરિયા, બવાસીર, અલ્સર, ગઠિયા, ડાયાબિટીસ, પેશાબ સંબંધિત તકલીફો સહિત કેટલીય બીમારીઓને કમ કરે છે અને કેટલીય બીમારી થવા દેતું નથી. કેટલાય રિસર્ચમાં જોવા મળ્યું છે કે, હરડેમાં એન્ટી ઓક્સીડેંટ્સ, એન્ટીઆઈક્રોબિયલ, એન્ટી ડાયબેટિક, હેપેપ્રોટેક્ટિવ, એન્ટી ઈંફ્લામેટરી, એન્ટીમુટાઝેનિક, એન્ટીપ્રોલિફેરેટિવ, રેડિયોપ્રોટેક્ટિવ, કાર્ડિયોપ્રોટેક્વિ, એન્ટીઅર્થરાઈટિસ, એન્ટીકેરિઝ, ગેસ્ટ્રોઈંટેસ્ટાઈનલ ઈફેક્ટિવનેસ વગેરે ગુણ છે. હરડેનું ચૂર્ણ પાચન સંબંધિત તમામ પ્રકારની સમસ્યાઓથી છુટકારો અપાવે છે. હરડેમાં લેક્સેટિવ ગુણ હોય છે, જે આંતરડાના લાઈનિંગને રાહત પહોંચાડે છે પેટની બીમારીઓ માટે આ ટોનિકની માફક કામ કરે છે. તે ડાયરિયા અને ઉલ્ટીમાંથી રાહત અપાવે છે. પેટમાં ભેજને સુકવી લે છે અને ભૂખ જગાડે છે. તેમાં લેક્સેટિવ ગુણ હોય છે, જે પાચન સંબંધિત સમસ્યાઓથી છુટકારો અપાવે છે. હરેડને કોન્સ્ટિપેશનને પણ દૂર કરે છે. ત્યાં સુધી કે બવાસીરમાં થનારી બ્લીડિંગને પણ ઠીક કરે છે. કબજીયાતથી પીડાતી વ્યક્તિઓ એવા ઉપાયની શોધમાં રહે છે, જે નિયમિત લઈ શકાય. જે લેવાથી પેટ સવારે એક વખત સાફ થઈ જાય અને આંતરડાને નુકશાન ન થાય. કબજીયાત મટાડવા માટે અનેક ઔષધો બજારમાં ઉપલબ્ધ હોય છે.

## તમે કેળાની છાલ ખાવ છો કે નહીં? ફેંકી ન દેતા



આપણા વડીલો હંમેશાથી કહેતા આવ્યા છે કે ફળોને હંમેશા એમની છાલ સાથે જ ખાવા જોઈએ, પરંતુ આપણામાંથી કેટલા લોકો એમની વાતને માનતા હશે તે તો આપ જાણોજ છો. તેમાંય કેળાની વાત આવે તો તો છાલ ખાવાનો કોઈ વિચાર પણ ના કરે પરંતુ જે વસ્તુને તમે ફેંકી રહ્યાં છો તેમાં છે ગુણોનો ભંડાર. દરેક સિઝનમાં મળે એવું ફળ એટલે કેળા. કેળા સ્વાસ્થ્ય માટે લાભકારી છે. દરરોજ એક-એક પાકેલું કેળું ખાવાથી ડિહાઈડ્રેશન અટકે છે. કેળાની છાલ વજન પણ ઘટાડે છે. જેમાં પ્રચુર માત્રામાં વિટામિન બી-૬, બી-૧૨ તેમજ મિનરલ્સ, પોટેશિયમ અને મેગ્નેશિયમ હોય છે. તે ફાઈબરનો સારો સ્ત્રોત છે. જે તમારી પાચનક્રિયાને સરખી કરવામાં મદદરૂપ થાય છે. મિત્રો તમને જણાવીએ કે તે જો કેળાની છાલ તમારા ચહેરા ઉપર નિખાર અને કોમળતા લાવી શકે છે. મિત્રો તમને જણાવીએ કે તે તો પછી તમારા વાળ માટે પણ સારી છે. વધુ માં જણાવીએ કે તે કેળા ની છાલ ને તમે હેર-માસ્ક ની જેમ પણ ઉપયોગ કરી શકો છો. તે કેળા ની છાલ વાળ ને નરમ બનાવે છે અને સાથે જ ચમક પણ લાવે છે. આંખની નીચે ડાર્ક સર્કલ થઈ ગયા છે? તો આ સમસ્યામાં પણ કેળાના છાલ ઉપયોગી નીવડે છે. આ માટે કેળાના છાલને બ્લેંડરમાં પીસી લેવી અને તેમાં એલોવેરે જેલ મિક્સ કરી આંખની નીચેના ભાગમાં લગાડવી. જ્યારે સુકાઈ જાય તો ધોઈ લો અને આ ઉપાય સતત કરવાથી ડાર્ક સર્કલમાં દૂર થઈ જશે.

## આરોગ્ય માટે ફાયદાકારક ડ્રેગન ફ્રૂટ ખાવું જોઈએ?



ડેન્ગયુનો રોગ થવાથી આપણા શરીરમાં કાઉન્ટ ઘટી જાય છે. જેના કારણે આપણું શરીર ખુબ જ નબળું પડી જાય છે. માટે આ એક ફળનું સેવન કરવાથી કાઉન્ટમાં વધારો કરી શક્ય છે. આ ફળમાં મળી આવતા નાના બ્લેક દાણા આપણા શરીરમાં થયેલ કમજોરી ને દૂર કરી દે છે. જો શરીરમાં શારીરિક કમજોરી, થાક, નબળાઈ જેવી સમસ્યા રહેતી હોય તો આ એક ફ્રુટનું સેવન કરવાથી દૂર થઈ જાય છે. સૌથી શક્તિ શાળી આ એક ડ્રેગન ફ્રૂટનું સેવન નિયમિત કરવાથી આપણા શરીરમાં રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે જેના કારણે આપણા શરીરમાં થતા અનેક રોગથી બચાવી રાખવાનું કામ કરે છે. ભારતમાં ડ્રેગન ફ્રૂટની લોકપ્રિયતા ખૂબ ઝડપથી વધી છે. તેને કેક્ટસ ફ્રૂટ, ડ્રેગન પર્લ ફ્રૂટ અને પિટાયા પણ કહેવાય છે. ડ્રેગન ફૂડ તેના અનોખા દેખાવ અને સ્વાદ માટે જાણીતું છે. ડ્રેગન ફ્રૂટ ખાવાથી આરોગ્યને ઘણા ફાયદા થાય છે. ભારતમાં ડ્રેગન ફ્રૂટની લોકપ્રિયતા ખૂબ ઝડપથી વધી છે. તેને કેક્ટસ ફ્રૂટ, ડ્રેગન પર્લ ફ્રૂટ અને પિટાયા પણ કહેવાય છે. ડ્રેગન ફૂડ તેના અનોખા દેખાવ અને સ્વાદ માટે જાણીતું છે. ડ્રેગન ફ્રૂટ ખાવાથી આરોગ્યને ઘણા ફાયદા થાય છે. તે કુદરતી રીતે ફેટ ફ્રી અને ફાઈબરથી ભરપૂર હોય છે. તેને નાસ્તામાં લેવાથી ભૂખ ઓછી લાગે છે. આ ઉપરાંત તે બ્લડ શુગર ઘટાડવામાં પણ મદદ કરે છે. તેમાં પ્રિબાયોટિક્સ હોય છે, જે તમારા આંતરડામાં પ્રોબાયોટિક્સ નામના તંદુરસ્ત બેક્ટેરિયાનો ખોરાક છે. તમારી સિસ્ટમમાં વધુ પ્રિબાયોટિક્સ મળે તો તમારા આંતરડામાં ગુડ અને બેડ બેક્ટેરિયાનું સંતુલન સુધારી શકાય છે. ડ્રેગન ફ્રૂટ તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવી શકે છે. તેમાં વિટામિન સી અને અન્ય એન્ટિઓક્સિડન્ટ્સ વધારે હોય છે, જે તમારી રોગપ્રતિકારક શક્તિ માટે સારા છે. તેમાં આયરનનું પ્રમાણ પણ ઊંચું હોય છે. સામાન્ય રીતે ફળોના સેવન માટે સવારનો સમય શ્રેષ્ઠ માનવામાં આવે છે. કારણ કે પાચન તંત્ર ફળોની શુગરને ઝડપથી ઓગાળી નાંખે છે અને તેને તમામ પોષક તત્વો આપે છે. ડ્રેગન ફ્રૂટને મિડ મિલ તરીકે અથવા રાત્રે પણ લઈ શકાય છે. રાત્રે લેવામાં આવે તો વધુ સારી ઊંઘમાં મદદ કરે છે. તેને તમારા ફળોના સલાડમાં અનાનસ અને કેરી જેવા ફળો સાથે ઉમેરી શકો છો. તેનો આઈસક્રીમ બનાવી શકો.

BOLLYWOOD NEWS FLASH

## સ્ત્રી ૨માં 'સરકટા' સાથે શ્રદ્ધા અને રાજકુમાર આતંક મચાવશે



ટ્રેલરમાં શ્રદ્ધા, રાજકુમાર, પંકજ, ખુરાના અને અભિષેક બેનર્જીને જોઈ શકાય છે

અંતે 'સ્ત્રી' ફ્રેન્ચાઈઝીની ફિલ્મોના ફૅન્સની આતુરતાનો અંત આવ્યો છે. હોરર કોમેડીનો ટ્રેન્ડ શરૂ કરનાર ફિલ્મની સિક્વલ 'સ્ત્રી ૨'નું ટ્રેલર લૉન્ચ થઈ ચૂક્યું છે. આ ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી જ તેની રાહ જોવાઈ રહી હતી. ટ્રેલરમાં શ્રદ્ધા કપુર, રાજકુમાર રાવ, પંકજ ત્રિપાઠી, અપારશક્તિ ખુરાના અને અભિષેક બેનર્જીને જોઈ શકાય છે. ૨ મિનિટ અને ૫૪ સેકન્ડનાં આ ટ્રેલરમાં ચંદેરીની સ્ત્રીને ભગાવનારી ગેંગ હવે એક નવું પરાક્રમ કરતી જોવા મળે છે, જેમાં તેઓ સરકટા નામના રાક્ષસનો સામનો કરવાની તૈયારી કરી રહ્યાં છે. હોરર સ્ટોરીની સાથે




એક નવું રહસ્ય પણ ખુલે છે, ત્યારે રાજકુમાર એટલે કે વિકી ચંદેરીનો રાજુકમાર બની જાય છે. સ્ત્રીઓ પર હુમલો કરતા સરકટાથી પોતાની ગર્લફ્રેન્ડ શ્રદ્ધા કપૂર અને ગામની બધી જ સ્ત્રીઓને બચાવવાનું બીડું રાજકુમાર ઝડપે છે. આ ફિલ્મનું ટ્રેલર જોઈને લાગે છે કે ફિલ્મ જેટલી કોમેડી છે, એટલી જ તે ડરાવે પણ છે. આ ફિલ્મના પહેલા ભાગમાં હતાં એ કલાકારોને યથાવત રખાયા છે. આ ઉપરાંત તેમને સાથ આપવા તમન્ના ભાટિયાનો કેમિયો પણ રજૂ કરાયો છે. તમન્નાની ઝલક ડાન્સ નંબરમાં ટ્રેલરમાં જોવા મળે છે. 'સ્ત્રી ૨'નાં પ્રોડ્યુસર જ્યોતિ દેશપાંડેએ આ ફિલ્મની રિલીઝ અક્ષય કુમારની 'ખેલ ખેલ મેં', જોહ્ન અબ્રાહમની 'વેદા' તેમજ 'જો જિતા વોહી સિકંદર' ફિલ્મ સાથે થતા ક્લેશ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે અમારી ટીમે આ ક્લેશ ટાળવા પ્રયત્ન કર્યા પણ ક્યારેક તમે એ ટાળી શકવાની સ્થિતિમાં હોતાં નથી. પહેલાં 'સ્ત્રી ૨' ૩૧ ઓગસ્ટે રિલીઝ થવાની હતી. પરંતુ પછી તેની રિલીઝ આગળ લઈ જવાઈ હતી. જ્યોતિએ કહ્યું, "જ્યારે ફિલ્મો વચ્ચે ક્લેશ થતો હોય ત્યારે માની લો કે, અમે 'જો જિતા વોહી સિકંદર'ના વિચાર સાથે આવીએ છીએ. વર્ષમાં ૫૨ અઠવાડિયા જ છે, આપણે શ્રાદ્ધમાં ફિલ્મ રિલીઝ નહીં કરીએ, આઈપીએલમાં નહીં કરીએ, રમઝાનમાં નહીં આવીએ, કોઈ ખાન આવી ગયા તો અમે નહીં આવીએ, એકાદી કોઈ મોટી સાઉથ ઈન્ડિયન ફિલ્મ આવી ગઈ.

### વરિષ્ઠ અભિનેતાએ આપેલું આ ટાસ્ક ન કરી શક્યા

## નવાઝુદ્દીન 'અભય'માં કમલ હાસનના ડાયલોગ કોચ હતા

### નવાઝુદ્દીન સિદ્દીકીએ જણાવ્યું કે તેણે કમાલ સાથે ૨૦૦૧ની ફિલ્મ 'આલાવંદન' (હિન્દીમાં 'અભય')માં કામ કર્યું હતું





સિદ્દીકીએ કહ્યું કે તે કમલ હાસનનું ઘણું સન્માન કરે છે અને તેની સાથે ડાયલોગ કોચ તરીકે પણ કામ કર્યું છે. નવાઝુદ્દીને જણાવ્યું કે તેણે કમાલ સાથે ૨૦૦૧ની બ્લોકબસ્ટર ફિલ્મ 'આલાવંદન' (હિન્દીમાં 'અભય')માં કામ કર્યું હતું. હવે એ સામાન્ય જ્ઞાન છે કે નવાઝુદીન સિદ્દીકીએ ભારતીય સિનેમાના દંતકથાઓમાંના એક કમલ હાસનની ફિલ્મમાં કામ કર્યું હતું અને તેનો રોલ કાપી નાખવામાં આવ્યો હતો. પરંતુ હવે નવાઝુદ્દીને કહ્યું છે કે માત્ર એક અભિનેતા તરીકે જ નહીં, તેણે કમલ હાસન સાથે અન્ય રોલમાં પણ કામ કર્યુ છે. નવાઝુદ્દીન સિદ્દીકીએ જણાવ્યું કે કેવી રીતે કમાલ સાથે કામ કરતી વખતે તેણે જોયું કે તે તેના કામનું કેટલું સન્માન કરે છે. તેણે એ પણ જણાવ્યું કે કેવી રીતે તે કમલ દ્વારા આપ વામાં આવેલા ટાસ્કમાં નિષ્ફળ ગયો હતો. ફિલ્મફેર સાથેની એક મુલાકાતમાં સિદ્દીકીએ કહ્યું હતું કે તે કમલ હાસનનું ખૂબ સન્માન કરે છે અને તેમની સાથે ડાયલોગ કોચ તરીકે પણ કામ કર્યુ છે. નવઝુદ્દીને જણાવ્યું કે તેણે કમાલ સાથે ૨૦૦૧ની બ્લોકબસ્ટર ફિલ્મ 'આલાવંદન' (હિન્દીમાં 'અભય')માં કામ કર્યું હતું. તેણે કહ્યું, 'હું કમલ હાસનને પ્રેમ કરું છું. તેમની ફિલ્મ 'અભય'માં પણ હું ડાયલોગ કોચ હતો. ત્યારે મારી પાસે કોઈ કામ નહોતું અને એન. એસ. ડી. (નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા)માં મારા એક સિનિયરે મને પૂછ્યું હતું કે શું મારે દક્ષિણમાં કામ કરવું છે. આ રીતે મેં ફિલ્મના હિન્દી ડાયલોગ્સ પર કામ કર્યું. કમલ હાસને પોતે એક વખત કહ્યું હતું કે નવાઝુદ્દીન સિદ્દીકીએ પણ ફિલ્મ 'હે રામ'માં કામ કર્યુ હતું. પરંતુ છેલ્લી ક્ષણે સર્જનાત્મક નિર્ણયને કારણે તેનો સીન કાપ વો પડ્યો. આ વિશે નવાઝુદ્દીને કહ્યું, 'શું ફરક પડે છે, આ તકોને કારણે મને કમાલ સાથે વાતચીત કરવાનો મોકો મળ્યો. એકવાર મેં તેમના માટે તુઘલકનું ભાષણ કર્યું ત્યારે મને ખૂબ ગર્વ થયો. તેણે મને પૂછ્યું કે શું હું એક જ વસ્તુ ૧૦ અલગ અલગ રીતે કરી શકું? મેં કહ્યું, 'સર, હું વધુમાં વધુ ૩-૪ રીતે કરી શકું છું.' પરંતુ તેઓ કરી શકે છે. તે એક નૃત્યાંગના છે અને તેના સમગ્ર શરીર પર નિયંત્રણ ધરાવે છે, તે એક મહાન અભિનેતા છે. જો કે, નવાઝુદ્દીને અગાઉ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે 'હે રામ'માં તેના સીન કપાઈ જવાથી તે એટલો દુઃખી થયો હતો કે તે ખરાબ રીતે રડવા લાગ્યો હતો. તેણે કહ્યું હતું કે કેવી રીતે કમલની પુત્રી શ્રુતિ હાસન તેને ચૂપ કરી છે.

### અમેરિકામાં ફિલ્મ-મ્યુઝિક ઈન્ડસ્ટ્રી અલગ-અલગ
### મેં મારી જાત ક્યારેય ફિલ્મ ઈન્ડસ્ટ્રીને વેચી નથી

## સ્વતંત્ર ગીતોનો 'યુફોરિયા' પાછો આવ્યા : પલાશ સેન

'માએરી' જેવા ગીતોથી જાણીતા બૅન્ડ 'યુફોરિયા'ના ગાયક પલાશ સેન કહે છે કે હવે ફરીથી સ્વતંત્ર ગીતોનો સમય આવી રહ્યો છે પરંતુ ઘણા યુવા સંગીતકારો સત્તા સામે સાચું બોલતાં ડરે છે. તેમણે થોડાં દિવસો પહેલાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું,"બિલકુલ, ઈન્ડિપેન્ડન્ટ મ્યુઝિક હવે ફરી સારા તબક્કામાં આવ્યું છે. લોકોએ હવે તેના વિશે વાત કરવાની શરૂ કરી દીધી છે. યુવા કલાકારો તંત્રમાં મજૂર બનવા માગતા નથી." મેં મારી જાત ક્યારેય ફિલ્મ ઈન્ડસ્ટ્રીને વેચી નથી, 'યુફોરિયા'નો વારસો આગળ વધશે, પલાશ સેન સંગીત ઉદ્યોગમાં કે સમાજમાં રાજકારણ ચાલતું હોવાનું સ્વીકારે છે. પરંતુ આ અંગે યુવા કલાકારો ચિંતિત છે કે નહીં, તે વિશે પલાશ સેન કહે છે,"હા છે જ, પણ તેઓ બોલી શકતા નથી. લોકો ડરે છે. કોઈ શક્તિશાળી વ્યક્તિ આવશે અને તમને કહી દેશે, તું બહુ વધારે બોલે છે,



તને કામ નહીં આપું." પલાશ સેનને લાગે છે કે ભારત કરતા અમેરિકાનો સંગીત ઉદ્યોગ વધુ સારી રીતે કામ કરે છે. "અમેરિકામાં ફિલ્મ અને મ્યુઝિક ઈન્ડસ્ટ્રી અલગ અલગ છે. જો તમારે કંઈક કરવું હોય તો તમારી ઈન્ડસ્ટ્રીમાં રહીને કરો ને. જો ફિલ્મ ઈન્ડસ્ટ્રીને તમારું સંગીત જોઈએ છે, તો તે લોકો તમારી પાસેથી ખરીદી લેશે. એ તમને કોઈ મજુર નહીં બનાવી દે કે બેસીને આ મુજબ બનાવી આપો." પલાશ સેન તેમનાં બે જાણીતા આલબમ 'ધૂમ' અને 'માએરી'ને ફરી લાવી રહ્યા છે.

આ આલ્બમનાં ગીતો માટે તેમણે અલગ અલગ નવા સંગીતકારો સાથે કોલબરેશન કર્યું છે. "આ આલબમમાં કેટલાંક નવા સંગીતકારો દેખાશે. અમે એવા અમુક કલાકારોને યુફોરિયાના વારસાને આગળ વધારવા માટે અમારી સાથે લઈ રહ્યા છીએ. મેં ક્યારેય મારી જાતને ફિલ્મ અન્ડસ્ટ્રીને વેચી નથી. મેં અને યુફોરિયાએ શું કર્યું છે તે આજના યુવાનો એક ટકો પણ સમજી શકે તો હું તેને મારી સફળતા માનીશ. આ વારસાને જાળવી રાખવા માટે હું સૌથી સારું આ જ કરી શકું તેમ છું." ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મજૂર તરીકે રહેવાના બદલે કલાકારે પોતાની પસંદગી મુજબના કામ કરવા જોઈએ.

# ચિત્રોડીયા માધ્યમિક શાળા ખાતે ગૌરીવ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાનુ આયોજન કરાયું





શ્રી ગાયત્રી માધ્યમિક શાળા ચિત્રોડીયામાં તારીખ ૧૯-૦૭-૨૦૨૪ ના રોજ ગૌરીવ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધા અને કેસ ગૂંથણ સ્પર્ધા તથા અન્ય જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ખૂબ જ ઉમંગ અને ઉત્સાહભેર ભાગ લીધો હતો આ પ્રસંગે ગૌ-રીવ્રતનો અનેરો મહિમા હકીકતમાં ઉજાગર થતો હોય એવું લાગતુ હતુ.

# દેવગઢ બારીઆ શ્રીમંત જયદીપસિંહ માધ્યમિક શાળામાં મહેંદી અને કેશ ગુંથન હરિફાઈ યોજાઈ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૦ ।



તારીખ ૧૯ ૭ ૨૦૧૨૪ ના રોજ દેવગઢ બારીઆ શહેર માં આવેલ શ્રીમંત જયદીપસિંહજી માધ્યમિક શાળામાં મહેંદી સ્પર્ધા અને કેશ ગુથન સ્પર્ધા નું આયોજન રાખવામાં આવેલ હતું જેમાં ધોરણ નવ થી ૧૨ ની તમામ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો તેમાં મહેંદી સ્પર્ધામાં કુલ ૩૦ છોકરીઓએ ભાગ લીધો હતો અને કેશ ગુથન સ્પર્ધામાં ૧૦ છોકરીઓએ ભાગ લીધો હતો . સ્પર્ધાના કન્વીનર શ્રીમતી એન કે જાડેજા અને શ્રીમતી આશા બહેને અગાઉ દિવસથી છોકરીઓને સૂચન કર્યું હતું અને નામો લઈને તારીખ ૧૯ ના રોજ આ કાર્યક્રમ કરવામાં આવ્યું હતું આ મહેંદી સ્પર્ધા દ્વારા અને કેસ ગુંથણ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી અનેક બહાર આવે અને તેમને પણ તેમની આવડત સમજાવે તે માટે આ કાર્યક્રમ રાખ્યો હતો અને ખૂબ જ ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ખુબ સરસ મહેંદી સ્પર્ધાઓ યોજાઈ અને કેશ ગુથણ સ્પર્ધા પણ ખૂબ જ સરસ રીતે પૂર્ણ થઈ. અંતે વિદ્યાર્થીઓએ આ સ્પર્ધા પૂર્ણ કર્યા પછી શાળાના આચાર્યશ્રીએ એમ . બી. ખાબડ સાહેબ, એ. પી. રાઠવા સાહેબ,પી એમ ચૌહાણ. ડી એસ પટેલ અને શ્રીમતી ધીંગા જે એમ દ્વારા નંબર આપવામાં આવ્યા હતા. જેમ કે નંબર આપવા ખૂબ જ અઘરા હતા પરંતુ ક્રમાંક આપવાના કારણે નંબર પણ આપ્યા ત્યાર બાદ દરેક વિદ્યાથી-ઓનું સન્માન કરતાં મધુર વચન દ્વારા શાળાના આચાર્યએ વિદ્યાર્થીનીઓને તો પ્રસાહિત કરતા શાબ્દિક વચનો કહ્યા અને દર વર્ષે વિદ્યાર્થીનીઓ સારી સંખ્યામાં ભાગ લે તેવું કહ્યું આમ શાળામાં મહેંદી સ્પર્ધા..

# દ્વારકામાં આભ ફાટ્યું! ૧૪ ઇંચ વરસાદમાં ગામેગામ જળબંબાકાર

## ખંભાળિયા પંથકમાં ૭ ઇંચ વરસાદ થયો, દ્વારકા અને ભાણવડ પંથકમાં ૫થી ૬ ઇંચ વરસાદ ખાબક્યો છે

। (માહિતી) દ્વારકા,તા.૨૦ ।

હવામાન ખાતાની આગાહી મુજબ દ્વારકા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. ગત રાત્રે ગાજવીજ સાથે શરૂ થયેલ ધોધમાર વરસાદ હાલ પણ સમગ્ર દ્વારકા જિલ્લાને તરબૂડી રહ્યો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા. ગત રાત્રે કલ્યાણપુર પંથક ૨ કલાકમાં ૬ ઈંચ વરસાદ સાથે હાલ સુધી ૧૪ ઈંચ જેટલો પડ્યો છે. ખંભાળિયા પંથકમાં ૭ ઈંચ, દ્વારકા અને ભાણવડ પંથકમાં ૫થી ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. કલ્યાણપુર પંથકના રાવલ ગામમાં આભ ફાટ્યા જેવી પરિસ્થિતિ જોવા મળી હતી. તો ભાટિયા - ભોગાત, લીંમડી - દ્વારકા, કલ્યાણપુર-હર્ષદ, પાનેલી-હરીપર વચ્ચેના માર્ગ પણ પાણી ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો હતો. તો બીજી તરફ ખંભાળિયા તાલુકામાં આવેલ સિંહણ ડેમ ઓવરફ્લો થયો હતો તો સલાયા અને ખંભાળિયા ગામમાં નીચાણ વારા વિસ્તારમાં પાણી ભરાયાં હતાં, તો સલાયા-બારાને જોડતો માર્ગ બંધ થયો હતો, ભાણવડ પંથકમાં વરસાદના પગલે સતસાગર ડેમ ઓવર ફલો થયો જેના પગલે ફલકુ નદી માં પુર આવતા ભાણવડની બજારોમાં પુર જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. બીજી ભાટિયાની બજારમાં પણ નદી સમાન પાણી જોવા મળ્યા હતા, તો જિલ્લાના મોટા ભાગના ખેતરોમાં પાણી ભરાયાં હતાં. જેનાથી પાક માં નુકશાની ભીતિ સેવાય રહી હતી. તો બીજી તરફ જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યા દ્વારા લોકો ને નીચાણ વારા વિસ્તારમાંથી સુરક્ષિત સ્થળે ખસી જવા આ-હવાન કરાયું હતું. તો ડેમ કે અન્ય જોખમી સ્થળે પાણીના પ્રવાહની નજીકના જવા અપીલ કરી હતી જેનાથી પાક માં નુકશાની ભીતિ સેવાય રહી હતી. તો બીજી તરફ જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યા દ્વારા લોકો ને નીચાણ વારા વિસ્તારમાંથી સુરક્ષિત સ્થળે ખસી જવા આહવાન કરાયું હતુ. તો ડેમ કે અન્ય જોખમી સ્થળે પાણીના પ્રવાહની નજીકના જવા અપીલ કરી હતી...

# ઝાલોદ આંગણવાડી વર્કરો તેમજ બહેનો દ્વારા વિવિધ વિસ્તારોમાં જઈ પોષણ સુધા યોજના વિશે માહિતી આપવામાં આવી




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

તારીખ:-૧૮/૦૭/૨૦૨૪ના રોજ ઝાલોદ તાલુકાના કદવાલ સેજાના કદવાલ ખેડા ૪ , નીમે વરોડ , બાજરવાડા ,આંગણવાડી કેન્દ્ર ખાતે આઈ.ઈ.સી. કાર્યક્રમમાં ગામના સરપંચ , સિડીપીઓ અને શાળાના આચાર્ય કાર્યક્રમમાં હાજર રહ્યા. જેમાં સીડીપીઓ દ્વારા ગામના પોષણ સુધા યોજનાના સગર્ભા માતાઓ,ધાત્રી માતાઓ, કિશોરીઓ,ભાઈઓ તથા બહેનો તેમજ સાસુ અને પતિ ને્ ૐઈ ના લાભ તથા પોષણ સુધા યોજનાના લાભ તેમજૈ ષ્ઢ્ઢજ ની અન્ય યોજના ઓ અંગે જાણકારી આપવા માં આવી. અને તેઓ્ ૐઈ ઘરે જાતે બનાવીને ખાય તેમજ ંર િમાંથી બનતી વાનગી,અને પોષણ સુધામાં આપવામાં આવતું મેનુ વિશે અને આહારમાં તેનો ઉપયોગ કરવાથી થતા ફાયદા અને આહારમાં સરગવાના પાનનો ઉપયોગ અને તેનું મહત્વ,બાળકને જન્મ આપ્યા પછી માતા સંપૂર્ણ આહાર લે તે અંગે સમજ આપવામાં આવી.સરપંચ દ્વારા પણ પોષ્ટિક આહાર નિયમિતપણે લેવા માટેની સલાહ સાથે વ્યસનથી દૂર રહેવા માટે પણ કહેવામાં આવ્યું. શાળા આચાર્ય દ્વારા પણ માતાની સ્વાસ્થ્યની અસર બાળક પર પડે છે તેથી બાળકની માતા સ્વસ્થ અને તંદુરસ્ત રહે તે માટે ખોરાક મહત્વનો ભાગ ભજવે છે તેમ સમજાવવામાં આવ્યું. જુદા જુદા ગામોમાં જાગૃતતા માટે અઠવાડિયામાં એક દિવસ સગર્ભા ધાત્રી માતા કિશોરીઓ ગામની અન્ય માતાઓ સાસુઓ તેઓના પતિ વગેરેને આહારમાં ટી એચ આર નો ઉપયોગ કરવા માટે તેમજ આંગણવાડી માંથી વિવિધ યોજનાઓના લાભ વિશે જાગૃતતા માટે તેમજ માંથી બનતી વિવિધ વાનગીઓનું નિદર્શન કરી માતાઓ તેમજ ગામના લોકોને સમજાવવા માટે તેમજ કુપોષણને ઘટાડવા માટે પ્રયત્ન કરવામાં આવે છે.

# સુરતમાં ડમ્પર ચાલક બન્યો યમરાજ, પિતાને કચડ્યા, પુત્રનો ચમત્કારિક બચાવ

। (માહિતી) સુરત,તા.૨૦ ।

સુરતમાં ડમ્પર ચાલક યમદૂત બનીને આવ્યો હતો. ડીંડોલીમાં વહેલી સવારે થયેલા અકસ્માતમાં પિતાનો ચમત્કારિક બચાવ થયો હતો અને પુત્રનુ ઘટનાસ્થળે મોત થયું હતું. સુરતમાં ડમ્પર ચાલક યમદૂત બનીને આવ્યો હતો. ડીંડોલીમાં વહેલી સવારે થયેલા અકસ્માતમાં પિતાનો ચમત્કારિક બચાવ થયો હતો અને પુત્રનુ ઘટનાસ્થળે મોત થયું હતું. આમ બેફામ ચાલતા ડમ્પરો મોતનું બીજું સરનામું બનીને ઉભરી આવ્યા છે. હવે જાણે ગમે ત્યારે ગમે તે કોઈને યમસદન પહોંચાડી દેવા તે આ ડમ્પરોની લાક્ષણિકતા બની ગઈ છે. વિદ્યાર્થીને પિતા સ્કૂલે મૂકવા જઈ રહ્યા હતા ત્યારે પુલ પર આ અકસ્માત નડ્યો હતો. બાઈક પર પિતાપુત્ર બંને સાથે જઈ રહ્યા હતા. ડમ્પર ચાલકને લોકોએ પકડી પોલીસના હવાલે કર્યો હતો. બેફામ ચાલતા ડમ્પરો સામાન્ય વાહનચાલકો અને પદચાલકો માટે યમદૂત બન્યા છે. સુરતમાં ડમ્પર ચાલક યમદૂત બનીને આવ્યો હતો. ડીંડોલીમાં વહેલી સવારે થયેલા અકસ્માતમાં પિતાનો ચમત્કારિક બચાવ થયો હતો અને પુત્રનુ ઘટના-સ્થળે મોત થયું હતું. આમ બેફામ ચાલતા ડમ્પરો મોતનું બીજું સરનામું બનીને ઉભરી આવ્યા છે. હવે જાણે ગમે ત્યારે ગમે તે કોઈને યમસદન પહોંચાડી દેવા તે આ ડમ્પરોની લાક્ષણિકતા બની ગઈ છે. વિદ્યાર્થીને પિતા સ્કૂલે મૂકવા જઈ રહ્યા હતા ત્યારે પુલ પર આ અકસ્માત નડ્યો હતો. બાઈક પર પિતાપુત્ર બંને સાથે જઈ રહ્યા હતા. ડમ્પર ચાલકને લોકોએ પકડી પોલીસના હવાલે કર્યો હતો. બેફામ ચાલતા ડમ્પરો સામાન્ય વાહનચાલકો અને પદચાલકો માટે યમદૂત બન્યા છે.

# ડમ્પરે વધુ એક વિદ્યાર્થીનો ભોગ લીધો, પરિવારનું હૈયાફાટ રુદન

। સુરત,તા.૨૦ ।

ફરી એકવાર સુરતમાં ડમ્પરચાલકે એક વિદ્યાર્થીને મોતને ઘાટ ઉતાર્યો હતો. જેમાં બાઈક પર પિતા સાથે જઈ રહેલા ધોરણ ૧૦નો વિદ્યાર્થીને ડમ્પરે કચડી નાખતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બાદમાં લોકોએ ડમ્પર ચાલકને ઝડપી લીધો હતો. પોલીસને જાણ કરાતા પોલીસ આવી પહોંચી હતી અને તેને પોલીસને સોંપી દેવાયો હતો.આ બનાવની વિગત મુજબ ડિંડોલી વિસ્તારમાં તુકારામ યાદવ પરિવાર સાથે રહે છે. તેમનો ૧૫ વર્ષીય પુત્ર સાહિલ હાલ ધોરણ ૧૦માં અભ્યાસ કરી રહ્યો છે. સાહિલ હાલ લિંબાયત નીલગિરિની સાર્વજનિક સ્કૂલમાં મરાઠી માધ્યમમાં અભ્યાસ કરતો હતો.સાહિલ પિતા સાથે જ બાઈક પર દરરોજ સ્કૂલે જવા નીકળતો હતો. આજે સવારે સાહિલ અને તેના પિતા તુકારામ બાઈક લઈને ઘરેથી નીકળ્યા હતા. પિતા-પુત્ર બાઈક પર સાંઈ પોઈન્ટથી નવાગામ જતા બ્રિજ પર પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પૂરપાટ ઝડપે ધસી આવેલા ડમ્પરચાલકે બાઈકને અડફેટે લીધી હતી. ડમ્પરની ટક્કરના કારણે બાઈક પરથી પિતા અને પુત્ર બંને રોડ પર પટકાઈ ગયા હતા. સાહિલ રોડની વચ્ચેની સાઈડ પટકાયો હતો, જેથી તેના પર ડમ્પર ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું. જ્યારે તેના પિતા ડિવાઈડરની સાઈડ પટકાવાને કારણે બચી ગયા હતા.

બનાવ અંગે જાણ થતાં જ પોલીસ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. બ્રિજ પર અકસ્માતના પગલે મોટી સંખ્યામાં વાહનચાલકો એકઠા થઈ ગયા હતા. ત્યાર બાદ ડિંડોલી પોલીસ દ્વારા આ ડમ્પરચાલકની અટક કરી હતી. ૧૫ વર્ષીય દીકરાનું મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. પોતાના દીકરાનું પોતાની જ નજર સામે મોતના પગલે ઘટનાસ્થળે માતા-પિતાના હૈયાફાટ રુદનથી શોકનો માહોલ છવાઈ ગયો હતો. આ અકસ્માત સ્થળેથી મૃતદેહને પોસ્ટ-મોર્ટમ અર્થે સ્મિમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ડિંડોલી પોલીસે આ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાંથી ઝડપાયું હથિયારોની હેરાફેરીનું નેટવર્ક, બાતમીના આધારે આ બંને આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા

## આ બંને આરોપીઓ રાજસ્થાનના જેસલમેર તેમજ પાલીના રહેવાસી છે આરોપીઓને રામોલ પોલીસે હથિયાર સાથે પકડી પાડ્યા છે




। (માહિતી) અમદાવાદ,તા.૨૦ ।

રામોલમાંથી હથિયારોની હેરાફેરીનું નેટવર્ક ઝડપાયું છે. CTM પાસેથી ત્રણ પિસ્ટલ અને કારતુસ સાથે બે આરોપીની ધરપકડ કરી છે. રામોલ પોલીસની ગિરફતમાં દેખાતા આરોપીઓના નામ છે. પ્રયાગ સિંગ જોધા તેમજ અંશુમાન સિંગ દેવડા. આ બંને આરોપીઓ રાજસ્થાનના જેસલમેર તેમજ પાલીના રહેવાસી છે. આરોપીઓને રામોલ પોલીસે હથિયાર સાથે પકડી પાડ્યા છે. વિગતવાર વાત કરીએ તો રામોલ પોલીસની ટીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, જે દરમિયાન બાતમી મળી હતી કે રામોલ સીટીએમ એક્સપ્રેસ હાઈવે નજીકથી હથિયારની હેરાફેરી થનાર છે. જે બાતમીના આધારે આ બંને આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા. આરોપીઓની તપાસ કરતાં આરોપી ઓ પાસેથી ભારતીય બનાવટની ત્રણ પિસ્તોલ તેમજ ૮ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. જેથી રામોલ પોલીસે હથિયાર ની હેરાફેરી નો ગુનો દાખલ કરી બંને આરોપીઓની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી. આરોપીઓની વધુ પૂછપરછ કરતા સામે આવ્યું કે પાંચેક દિવસ પહેલા તેઓ મધ્ય પ્રદેશ ખાતે હથિયાર ની ખરીદી કરવા માટે ગયા હતા. વસંતસિંગ નામના મધ્યપ્રદેશના સેંદવા ગામના રહેવાસીનો સંપર્ક કરી તેની પાસેથી આ ત્રણે પિસ્તોલ અને કારતૂસ ખરીદ્યા હતા. જે હથિયારો લઈને બંને આરોપી ઓ રાજસ્થાન ખાતે ભવાની ચૌધરી અને અશોક બિસ્નોઈ નામના વ્યક્તિને આપવા માટે નીકળ્યા હતા પરંતુ તે પહેલા જ રામોલ પોલીસ ના હાથે પકડાય ગયા હતા. આ બંને આરોપીઓ એમ પીથી ખરીદીને રાજસ્થાન ખાતેના આરોપીઓ સુધી પહોંચાડવાના પૈસા લેતા હતા. આરોપી ઓની વધુ તપાસ કરતા સામે આવ્યું કે પ્રયાગ સિંહ જોધા બે વર્ષ પહેલાં મધ્યપ્રદેશથી દેશી બનાવટની પિસ્ટલ લાવ્યો હતો અને પોતે પિસ્ટલ સાથે શેરગઢ પોલીસ સ્ટેશન જોધપુર ખાતે પકડાઈ ગયો હતો. તેના મિત્ર ભવાની ચૌધરી અને અશોક બિશનોઈ દ્વારા પણ તેની પાસેથી બે પિસ્તોલ અને કારતૂસ મંગાવ્યા હતા. જેથી પૈસાની લાલચમાં આવીને તે હથિયાર લેવા માટે મધ્ય પ્રદેશ ગયો હતો ગયો હતો. આ ગુનામાં ઝડપાયેલો આરોપી પ્રયાગ સિંહ જોધા અગાઉ સુરતમાં તેમજ રાજસ્થાન ખાતે ફલસૂન અને શહેરગઢ અને ઓશિયા પોલીસ સ્ટેશન ખાતે ગેરકાયદેસર હથિયાર ના ગુનામાં ઝડપાયો ચુક્યો છે. આ મામલે રામોલ પોલીસે આરોપી ઓની ધરપકડ કરી આ ગુનામાં સામેલ અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. સાથે આરોપીઓ હથિયાર કેટલા રૂપિયામાં લાવ્યા હતા.

# સંજેલી તાલુકામાં આવેલ શ્રી શ્રધ્ધા વિદ્યાલયમાં ચાંદીપુરમ રોગ વિશે બાળકોને જાગૃત કરવામાં આવ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રધ્ધા વિદ્યાલય સંજેલી ઠાકોર ફળિયામાં કાર્યરત છે. જેમાં કેજી ૧/૨ તેમજ ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે સાથે સાથે જ્ઞાન - ગમ્મત સાથે શિક્ષણ આપવામાં આવે છે. સમગ્ર રાજ્યમાં ચાંદીપૂરા રોગે માથું ઉચક્યું છે ત્યારે સરોરી. પી. એચ. સી. દ્વારા રોગનો ફેલાવો એક પ્રકારની રેતની માખી દ્વારા ફેલાય છે રોગનો ફેલાવો મકાનો ની કાચી દીવાલ, લીંપણ વાળા ઘરોની તિરાડના છીદ્રોમાં જોવા મળે છે. સેન્ડ ફ્લાયથી ફેલાતા ચાદીપુરા તાવના લક્ષણો જેવા કે ભારે તાવ, ઝાડા થવા, ઉલ્ટી થવી, અર્ધ ભાન, ખેંચ આવવી એ તેના લક્ષણો છે. આ રોગથી બચવા માટે ઘરની દીવાલ પરના છિદ્રો તેમજ તિરાડો પૂરી દેવી, ઘરની અંદર સૂર્ય પ્રકાશ રહે તેવી વ્યવસ્થા કરવી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથી તમે ખુશ થશો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે સવારથી તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે.

**કર્ક (ડ,હ) :**

આજે કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. રોમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે.

**સિંહ (મ,ટ) :**

આજે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પ્રેમ જીવન આશા લાવશે. કામના સ્થળે તમારી કાર્યકુશળતા વધારવા માટે તમારી આવડતનું સ્તર ઊંચું લાવો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈએ। પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે। યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે. આજે કાર્ય ક્ષેત્ર માં ઘર ની કોઈ બાબત ને લીધે તમારી ઉર્જા ઓછી રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમારા પ્રિયપાત્રની બાહોંમાં તમને આરામ મળશે. મિત્રો તમારા પર વખણની વર્ષા કરશે કેમ કે તમે મુશ્કેલ કાર્ય પૂરૂં કરી શક્યા છો.

## ન્યૂઝ બ્રિફ

### કાશ્મીરમાં આતંકવાદીઓ પાસેથી પ્રથમ વખત મળી Steyer AUG રાઈફલ

। (એજન્સી) જમ્મુ, તા.૨૦ ।

જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાના કેરન સેક્ટરમાં ગુરુવારે થયેલી અથડામણમાં ઠાર કરવામાં આવેલા આતંકવાદીઓ પાસેથી સેનાના જવાનોને ઓસ્ટ્રિયામાં બનેલી **Steyer AUG** અસોલ્ટ રાઈફલ મળી આવી છે. સ્ટેયર એયૂજી અસોલ્ટ રાઈફલ મળી આવતા સુરક્ષા એજન્સીઓ ચિંતિત છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઠાર કરવામાં આવેલા આતંકવાદીઓ પાસેથી હથિયારો અને દારૂગોળો, યુદ્ધ જેવી વસ્તુઓ અને એક પાકિસ્તાની ઓળખપત્ર મળી આવ્યું છે. સૂત્રોએ જણાવ્યું કે રિકવર કરાયેલી વસ્તુઓમાં **Steyer AUG** પણ સામેલ છે. આતંકવાદીઓ પહેલાથી જ અમેરિકમાં નિર્મિત એમ-૪ કાર્બાઈન રાઈફલ્સનો ઉપયોગ કરી રહ્યા છે. સુરક્ષા દળોને જમ્મુ ક્ષેત્ર અને કાશ્મીર બંનેમાં માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી તે મળી આવી હતી. એક સુરક્ષા અધિકારીએ કહ્યું કે, એમ-૪ નો ઉપયોગ મોટાભાગે ટોચના કમાન્ડરો અને જમ્મુ-કાશ્મીરમાં સક્રિય પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા કરવામાં આવે છે. આ રાઈફલ્સ ઘણી એડવાન્સ છે અને તેમાં નાઈટ વિઝન ડિવાઈસ હોય છે. જમ્મુ-કાશ્મીરના પૂર્વ પોલીસ પ્રમુખ એસપી વૈદે કહ્યું કે પાકિસ્તાનની **ISI** નાર્કો વેપાર દ્વારા ખૂબ પૈસા મળે છે. તેઓ તેનો ઉપયોગ જમ્મુ અને કાશ્મીરમાં ઉપયોગ માટે હથિયાર ખરીદવા માટે કરી રહ્યા છે. ગુરુવારે કુપવાડાના કેરન સેક્ટરમાં સેનાએ બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા.

### હવામાન વિભાગની મોટી આગાહી, લોપર વાવાઝોડું ત્રાટકવાની આશંકા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતના મેદાની અને પહાડી વિસ્તારોમાં ચોમાસાએ ફરી ઝડપ પકડી લીધી છે. ઘણા રાજ્યોમાં ભારે વરસાદના અણસાર બની રહ્યાં છે. આ દરમિયાન **IMD**એ કહ્યું કે બંગાળની ખાડીથી એક ઓછા દબાણ વાળી સિસ્ટમ લોપર નામના તોફાનમાં બદલાઈ ગઈ છે. આઈએમડી અનુસાર આ સિસ્ટમ છેલ્લા છ કલાકોમાં ૭ કિલોમીટર પ્રતિ કલાકની ગતિની ઝડપથી પશ્ચિમ-ઉત્તર પશ્ચિમ તરફ વધી છે. ચોમાસાની ટ્રફ વર્તમાનમાં સક્રિય છે અને પોતાની સામાન્ય સ્થિતિના દક્ષિણમાં સ્થિત છે. આગામી ૨-૩ દિવસ સુધી તેની આ સ્થિતિમાં રહેવાની આશા છે. વધુ એક ટ્રફ સમુદ્ર તળિયા પર હાજર છે. જે દક્ષિણ ગુજરાતથી ઉત્તર કેરળ સુધી ફેલાયેલી છે. આ સિવાય એક ચક્રવાતી પરિભ્રમણ ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર અને સૌરાષ્ટ્ર વિસ્તારને અસર કરી રહ્યું છે. આઈએમડી અનુસાર આગામી ૫ દિવસ દરમિયાન ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, તેલંગાણા, દક્ષિણ આંતરિક કર્ણાટક, તટીય કર્ણાટક અને વિદર્ભમાં અલગ-અલગ સ્થળો પર ભારે વરસાદ પડવાની શક્યતા છે. આ દરમિયાન કેરળ, તટીય આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, ઓડિશા અને છત્તીસગઢમાં પણ ભારે વરસાદની શક્યતા છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં અલગ-અલગ વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદની શક્યતા છે.

### એન્ડ્રૂ ફલિન્ટોફના દીકરા રોકી ફલિન્ટોફની સદી

# ક્રિકેટર એન્ડ્રૂ ફલિન્ટોફના દીકરાએ ૧૬ વર્ષની ઉંમરે રચ્યો ઇતિહાસ

### પિતાની હાજરીમાં રોકી ફલિન્ટોફ ઈંગ્લેન્ડ માટે અંડર-૧૯ ક્રિકેટમાં સદી ફટકારનાર સૌથી ઓછી ઉંમરનો ક્રિકેટર બન્યો

। (એજન્સી) લંડન, તા.૨૦ ।

ઈંગ્લેન્ડ અને શ્રીલંકાની અંડર-૧૯ ટીમો વચ્ચે હાલ ટેસ્ટ મેચ રમાઈ રહી છે. બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર એન્ડ્રૂ ફલિન્ટોફના દીકરા રોકી ફલિન્ટોફે પોતાની પ્રતિભાનો પરિચય આપતા તેનાં પિતાની ક્રિકેટ જગતમાં આબરૂને છાજે એવું કામ કરી બતાવ્યું છે. ઈંગ્લેન્ડના ચેલ્ટનહેમમાં શ્રીલંકા વિરુદ્ધ બીજી યૂથ મેન્સ ટેસ્ટના ત્રીજા દિવસે ઈંગ્લેન્ડની ટીમે પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. આ મેચમાં રોકી ફલિન્ટોફે એક એવું કામ કરી બતાવ્યું હતું જે અંડર-૧૯ ક્રિકેટમાં આજ સુધી કોઈ કરી શક્યું નથી. પોતાના



પિતા એન્ડ્રૂ ફલિન્ટોફની હાજરીમાં રોકી ફલિન્ટોફ ઈંગ્લેન્ડ માટે અંડર-૧૯ ક્રિકેટમાં સદી ફટકારનાર સૌથી ઓછી ઉંમરનો ક્રિકેટર બન્યો હતો. ૧૬ વર્ષના રોકી ફલિન્ટોફે ૧૦૬ રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ માટે તેણે ૧૮૧ બોલ લીધા હતા. પોતાની ઈનિંગમાં તેણે ૨ છગ્ગા અને ૯ ચોગ્ગા ફટકાર્યા હતા. જેક કાર્ની સાથે તેણે છઠ્ઠી વિકેટ માટે ૭૮ રન જોડ્યા હતા. જેની મદદથી ઈંગ્લેન્ડની ટીમ ૩૨૪ રન બનાવી શકી હતી. ૨૦૦૭ના ૨૦ વર્લ્ડકપને ક્રિકેટ પ્રેમીઓ ભૂલી નહીં શકે. આ ટુર્નામેન્ટમાં ભારત અને ઈંગ્લેન્ડની મેચ દરમિયાન યુવરાજ સિંહ એન્ડ્રૂ ફલિન્ટોફના કારણે ઉશ્કેરાઈ ગયો હતો. આ ઉશ્કેરણીના કારણે બાદમાં સ્ટુઅર્ટ બ્રોડની ઓવરમાં યુવરાજે ૬ બોલમાં ૬ છગ્ગા ફટકારી દીધા હતા. એન્ડ્રૂ ફલિન્ટોફે ઈંગ્લેન્ડ માટે ૨૨૭ મેચમાં ૪૦૦ વિકેટ લીધી છે. ક્રિકેટના ત્રણ ફોરમેટમાં ૭ હજાર રન બનાવ્યા છે. ક્રિકેટ જગતમાં બાપ દીકરો બંને ક્રિકેટ રમ્યા હોય એવી ઘણી ઘટનાઓ અગાઉ પણ બની છે.

### કોચિંગ ટીમ તૈયાર, સત્તાવાર જાહેરાત બાકી

# કોચ ગૌતમ ગંભીરના મનપસંદ લોકોની સપોર્ટ સ્ટાફમાં થશે એન્ટ્રી

### અભિષેક નાયર અને ટેન ડોશેટ બંનેને આસિસ્ટન્ટ કોચ બનાવવામાં આવશે. નવા બોલિંગ કોચને લઈને અમુક અસ્પષ્ટતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

પોતાની અધ્યક્ષતામાં પહેલી ટીમ જાહેર કર્યા બાદ હવે કોઈ પણ પળે હેડ કોચ ગૌતમ ગંભીરના સપોર્ટ સ્ટાફનું એલાન થઈ શકે છે. ભારતીય ક્રિકેટ બોર્ડે ગંભીરના નામ પર મોહર લગાવી દીધી છે, બસ જાહેરાત થવાની બાકી છે. ભારતના પૂર્વ હરફનમૌલા ખેલાડી અભિષેક નાયર અને નેધરલેન્ડ્સના દિગ્ગજ ક્રિકેટર રહેલા રેયાન ટેન ડોશેટ ભારતીય ટીમના કોચિંગ સ્ટાફમાં સામેલ થવા માટે તૈયાર છે. રાહુલ દ્રવિડના કાર્યકાળમાં ફીલ્ડિંગ કોચ રહી ચૂકેલા ટી દિલીપ પોતાના સ્થાન પર અકબંધ રહેશે. દિલીપ પ્રભાવી ફીલ્ડિંગ કોચની સાથે-



સાથે ડ્રેસિંગ રૂમના માહોલને પણ સકારાત્મક બનાવવા માટે જાણીતા છે. એવું માનવામાં આવે છે કે તે ટીમ બોન્ડિંગ અભ્યાસમાં ખૂબ સારા છે, જેને વધુ પ્રતિસ્પર્ધી માહોલમાં ખેલાડીઓ માટે એક મહત્વની જરૂરની જેમ જોવામાં આવે છે. અભિષેક નાયર અને ટેન ડોશેટ બંનેને આસિસ્ટન્ટ કોચ બનાવવામાં આવશે. નવા બોલિંગ કોચને લઈને અમુક અસ્પષ્ટતા છે પરંતુ સાઉથ આફ્રિકાના પૂર્વ ઝડપી બોલર મોર્ને મોર્કલ એક મજબૂત ઉમેદવાર છે અને ગૌતમ ગંભીર તેમના માટે એડીચોટીનું જોર લગાવી ચૂક્યો છે. જો બધું ઠીક રહ્યું તો મોર્કલ જ ભારતના આગામી બોલિંગ કોચ હશે. મોર્કલ ક્યારે અને કેવી ટીમની સાથે જોડાશે. આ વિશે કોઈ સ્પષ્ટતા નથી. કોચિંગ ટીમમાં સામેલ કરવામાં આવેલા અભિષેક નાયર, ટેન ડોશેટ અને મોર્ને મોર્કલ અલગ-અલગ ફ્રેંચાઈઝીમાં ગૌતમ ગંભીરની સાથે આઈપીએલમાં કામ કરી ચૂક્યા છે. ગત સિઝનમાં કોલકાતા નાઈટરાઈડર્સે જ્યારે ગંભીરની મેન્ટરશિપમાં ટ્રોફી ઉઠાવી તો અભિષેક નાયર અને રેયાન ટેન ડોશેટ તેમની સાથે હતા.



આર્થિક સર્વે એ ૩૧ માર્ચે પૂરા થતા વર્ષ દરમિયાન સરકારની નાણાકીય કામગીરી અને અર્થવ્યવસ્થાની સ્થિતિ પર એક સત્તાવાર રિપોર્ટ કાર્ડ છે.

### 'હું ઈચ્છું છું કે તેમને જુઠ્ઠાણા માટે એવોર્ડ મળે'

# દાનિશ અલીએ આસામના મુખ્યમંત્રી હિમંતા પર કરી વિવાદાસ્પદ ટિપ્પણી

### છેલ્લા ૧૦ વર્ષમાં રાજ્યમાં હિંદુઓની વસ્તીમાં લગભગ ૧૬ ટકાનો વધારો થયો છે : દાનિશ અલી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

કોંગ્રેસ નેતા દાનિશ અલીએ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા પર ટિપ્પણી કરી. તેમણે કહ્યું કે જો કોઈ જુઠ્ઠાણું પુરસ્કાર આપી શકાય તો હું ઈચ્છું છું કે નરેન્દ્ર મોદી સરકાર આ એવોર્ડ આસામના મુખ્યમંત્રીને આપે.હકીકતમાં, આસામના મુખ્યમંત્રીએ શુક્રવારે દાવો કર્યો હતો કે તેમના રાજ્યમાં દર ૧૦ વર્ષે મુસ્લિમોની વસ્તી લગભગ ૩૦ ટકા વધી રહી છે. અને આગામી દિવસોમાં આસામ મુસ્લિમ બહુમતી ધરાવતું રાજ્ય બનશે. તેમણે એમ પણ કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં રાજ્યમાં હિંદુઓની વસ્તીમાં લગભગ ૧૬ ટકાનો વધારો થયો છે. દાનિશ અલીએ આ મુદ્દે વળતો જવાબ આપ્યો છે.મીડિયા સાથે વાત કરતા દાનિશ અલીએ કહ્યું કે જો જુઠ્ઠાણા માટે એવોર્ડ આપવામાં આવી શકે છે તો હું ઈચ્છું છું કે નરેન્દ્ર મોદી સરકાર અસમના મુખ્યમંત્રીને જુઠ્ઠાણા માટે એવોર્ડ આપે. તેઓ માત્ર લોકોને વિભાજીત કરવા અને જુઠ્ઠાણા ફેલાવવા માટે દિવસ-રાત કામ કરે છે...મુખ્યમંત્રી એટલા અજ્ઞાન ન હોવા જોઈએ, તેઓ જાણી જોઈને કહેવાનો પ્રયાસ કરી રહ્યા છે... વસ્તી ગણતરીના આંકડા બધાની સામે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૧૯૫૧ની વસ્તી ગણતરી મુજબ આસામમાં લગભગ ૨૫ ટકા મુસ્લિમ વસ્તી હતી. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, આસામમાં મુસ્લિમોની વસ્તી ૩૪.૨૨ ટકા હતી... આ વધારો કેમ થયો તેની પાછળનું સત્ય તેઓ નથી કહી રહ્યા. ૧૯૫૧ ના આધારે, તે સમયના આસામમાંથી ચાર વધુ રાજ્યોની રચના કરવામાં આવી હતી... નાગાલેન્ડ, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, આ બધા આસામનો ભાગ હતા.હવે તેઓ અલગ રાજ્યો બની ગયા છેપ હવે સ્વાભાવિક છે કે તેમાં બિન-મુસ્લિમ વસ્તી બહુમતી હતી. જ્યારે ૪ રાજ્યો તેમની વચ્ચે અલગ થયા, ત્યારે મુસ્લિમ વસ્તી સરખામણીમાં વધતી જણાઈ હતી... હું ગંભીરતાથી ભલામણ કરીશ કે જૂઠાણા માટેનો સૌથી મોટો એવોર્ડ, જો આપણા દેશમાં કોઈ હોય તો, આસામના મુખ્યમંત્રીને આપવામાં આવે.આ સાથે દાનિશ અલીએ કંવર યાત્રા દરમિયાન કંવર રૂટ પર આવતી તમામ ખાણીપીણીની દુકાનો, ઢાબા અને કોન્ટ્રાક્ટ પર માલિક અને કર્મચારીના નામ લખવાની સૂચનાની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું કે આપણું પશ્ચિમી ઉત્તર પ્રદેશ ગંગા-જમુના સંસ્કૃતિ ધરાવતો વિસ્તાર છે. તમે લોકોમાં કેટલું વહેંચશો? પછી તે હિંદુ હોય કે મુસ્લિમ.તેમણે એમ પણ કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપનું રાજકીય મેદાન સરકી ગયું છે. એટલા માટે તેઓ લોકોને આ સાંપ્રદાયિક વાતાવરણમાં ધકેલવા માંગે છે, પરંતુ જનતા સમજી ગઈ છે.

### વિસ્તારમાં ૫૦૦ પેરા કમાન્ડો તૈનાત

# જમ્મુમાં આતંકીઓ સામે લડવા માટે સેનાએ તૈયાર કર્યો પ્લાન

### લગભગ એક દાયકા બાદ આતંકવાદીઓએ કાશ્મીરની ખીણને બદલે જમ્મુના પહાડી વિસ્તારોમાં હુમલો કર્યો છે

। (એજન્સી) જમ્મુ, તા.૨૦ ।

છેલ્લા કેટલાક સમયથી આતંકીઓએ જમ્મુના ઘણા વિસ્તારોને નિશાન બનાવ્યા છે. લગભગ એક દાયકા બાદ આતંકવાદીઓએ કાશ્મીરની ખીણને બદલે જમ્મુના પહાડી વિસ્તારોમાં હુમલો કર્યો છે. જમ્મુ વિસ્તારમાં ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓનો સામનો કરવા માટે સેનાના જવાનોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે અને આ વિસ્તારમાં ૫૦૦ પેરા કમાન્ડોને તૈનાત કરવામાં આવ્યા છે.સેનાના સૂત્રોએ આજતકને જણાવ્યું હતું કે ભારતીય સેના હવે આતંકવાદીઓનો સામનો કરવા માટે જમ્મુ ક્ષેત્રમાં તેના સૈનિકોને ફરીથી તૈનાત કરી રહી છે. ભારતીય સેનાએ આ વિસ્તારમાં પ્રશિક્ષિત આતંકવાદીઓને શોધવા માટે લગભગ ૫૦૦ પેરા કમાન્ડોને તૈનાત કર્યા છે. જમ્મુ ક્ષેત્રમાં કાર્યરત તમામ આતંકવાદીઓ મોટાભાગે પાકિસ્તાની છે જેઓ તેમના સ્થાનિક ગાઈડ અને સપોર્ટ સિસ્ટમ સાથે કામ કરી રહ્યા છે. આ આતંકવાદીઓ આ વિસ્તારમાં જમ્મુ ક્ષેત્રમાં આતંકવાદને પુનઃજીવિત કરવા માટે કામ કરી રહ્યા છે.સૂત્રોએ જણાવ્યું હતું કે આ ક્ષેત્રમાં સેના અને અન્ય સુરક્ષા એજન્સીઓ હવે ઘૂસણખોરીના પ્રયાસોનો સામનો કરવા માટે આ વિસ્તારમાં તેમની ગુપ્તચર માહિતી અને આતંકવાદ વિરોધી ગ્રીડને મજબૂત બનાવી રહી છે. હવે આ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સરહદે ઘૂસણખોરીના પ્રયાસોની તપાસ કરવામાં આવી રહી છે, જેમાં કાઉન્ટર ટેરરિસ્ટ ગ્રીડના બીજા સ્તરને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.તેમણે કહ્યું કે આ વિસ્તારમાં ઈન્ટેલિજન્સ કલેક્શન ગ્રીડને પણ કડક કરવામાં આવી રહી છે કારણ કે ગાઢ જંગલોથી ઘેરાયેલા વિસ્તારોમાં આ આતંકવાદીઓને જે સ્થાનિક સમર્થન મળી રહ્યું છે તેને ખતમ કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.તેમણે કહ્યું કે ભારતીય સેનાએ ૨૦૦ થી વધુ સશસ્ત્ર સંરક્ષિત વાહનોના કાફલાથી સજ્જ સૈનિકો પહેલેથી જ વિસ્તારમાં તૈનાત કરી દીધા છે, જે તમામ કટોકટીની પ્રાપ્તિ પ્રક્રિયાઓ હેઠળ હસ્તગત કરવામાં આવ્યા છે.તેમણે કહ્યું કે કોઈપણ આતંકવાદી હુમલાનો સામનો કરવા માટે આ વિસ્તારમાં ૨૦૦ થી વધુ નિષ્ણાત સુરક્ષિત વાહનો તૈનાત કરવામાં આવ્યા છે અને સૈનિકો આ વાહનોમાં માત્ર ઓપરેશન માટે જ વિસ્તારમાં ફરે છે.

### 'સબકા સાથ, સબકા વિકાસ ભાજપનો આત્મા છે'

# શુભેન્દુ અધિકારીના નિવેદન પર ભાજપના નેતા જમાલ સિદ્દીકી નારાજ

### ભારતીય જનતા પાર્ટી લઘુમતી મોરચાના વડા જમાલ સિદ્દીકીએ શુભેંદુ અધિકારીની ટીકા કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતીય જનતા પાર્ટી લઘુમતી મોરચાના વડા જમાલ સિદ્દીકીએ શુભેંદુ અધિકારીની ટીકા કરી છે. અધિકારીએ કહ્યું હતું કે 'સબકા સાથ, સબકા વિકાસ'ને બદલે હવે ભાજપે કહેવું જોઈએ કે 'કોણ અમારી સાથે છે, અમે તેમની સાથે છીએ'.આજતક સાથેની વાતચીતમાં સિદ્દીકીએ કહ્યું કે 'સબકા સાથ, સબકા વિકાસ' ભાજપની આત્મા છે. 'મને લાગે છે કે તેણે હતાશામાં આ નિવેદન આપ્યું છે. 'સબકા સાથ, સબકા વિકાસ' ભાજપનો આત્મા છે. અમે અહીં સત્તા માટે નહીં પરંતુ સમાજના દરેક વર્ગના કલ્યાણ માટે કામ કરવા આવ્યા છીએ.સિદ્દીકીએ કહ્યું, 'અમારી વિચારધારા સંપૂર્ણપણે 'કોણ અમારી સાથે છે, અમે તેમની સાથે છીએ' વિરુદ્ધ છે. વડાપ્રધાન મોદી હંમેશા કહે છે કે અમે પ્રચાર દરમિયાન જ રાજનીતિ કરીએ છીએ. પરંતુ પરિણામો પછી અમારો એક જ ઉદ્દેશ્ય 'સબકા સાથ, સબકા વિકાસ' છે.બુધવારે પશ્ચિમ બંગાળની ભાજપ કાર્યકારી સમિતિની બેઠકને સંબોધતા સુભેન્દુ અધિકારીએ કહ્યું, 'મેં રાષ્ટ્રવાદી મુસ્લિમોની વાત કરી હતી અને તમે પણ 'સબકા સાથ, સબકા વિકાસ' કહ્યું હતું. પણ હું આ અત્યારે નહીં કહું, બલ્કે હવે કહીશું 'જે અમારી સાથે છે, અમે તેમની સાથે છીએ'. જોકે,



બાદમાં તેણે પોતાના નિવેદનની સ્પષ્ટતા કરી અને કહ્યું કે તે 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્રને નિષ્ઠાપૂર્વક અનુસરે છે.મહારાષ્ટ્રથી આવેલા જમાલ સિદ્દીકીએ કહ્યું કે મુસ્લિમોએ અમને વોટ નથી આપ્યા તે જોઈને નિરાશા થઈ, પરંતુ વિકસિત ભારત માટે બધાને સાથે લઈને ચાલવું જરૂરી છે. તેમણે કહ્યું, 'અમારી નીતિ દરેક માટે કામ કરવાની છે, પછી ભલે વ્યક્તિ કોઈપણ જાતિ, સંપ્રદાય અથવા ધર્મનો હોય. આપણે ત્યારે જ મજબૂત રાષ્ટ્ર બની શકીશું જ્યારે આપણે એક થઈશું. મને એ પણ ખરાબ લાગે છે કે મુસ્લિમોએ અમને વોટ નથી આપ્યા. આ એટલા માટે પણ છે કારણ કે કેટલાક લોકો ચૂંટણી દરમિયાન એવું કહીને ઝેર ઉગાડે છે કે મુસ્લિમોએ પાકિસ્તાન જવું જોઈએ.

## વિશેષ

### બાવળા રેન્જના ફોરેસ્ટ અધિકારીશ્રી તેમજ કેસરડી ગામના સરપંચ સહિત સ્થાનિક આગેવાનોએ હાજરી આપી

# સાણંદના કેસરડી ગામે ૧૨ હેક્ટરમાં 'કવચ વન'નું નિર્માણ કરાયું

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

પ્રદૂષણ ઘટાડી ગ્રીન કવર વધારવાના ઉદ્દેશ્યથી અમદાવાદના સાણંદ તાલુકાના કેસરડી ગામે ૧૨ હેકટરમાં 'કવચ વન'નું નિર્માણ કરાયું છે. અહીં મહત્તમ ઓક્સિજન આપતા અને પર્યાવરણનું રક્ષણ કરતા વિવિધ ૫૨ પ્રકારના છોડ રોપવામાં આવ્યા છે. જેનો ફાયદો થોડા વર્ષો બાદ સમગ્ર વિસ્તારને મળતો થઈ જશે. કેસરડી બાયોડાયવર્સિટી કમિટી, ટાટા મોટર્સ અને ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી કુલ ૩૫,૦૦૦ છોડ રોપી તેનું જતન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. વસુંધરા પ્રોજેક્ટ અંતર્ગત પ્લાન્ટેશનને ટાટા મોટર્સના સીએસઆર દ્વારા સહયોગ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે બાવળા રેન્જ ફોરેસ્ટ વિભાગમાંથી રજનીભાઈ બલોલિયા તેમજ અન્ય સ્ટાફ, ટાટા મોટર્સ લિમિટેડના સિનિયર કર્મચારીઓ તેમજ ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કેસરડી ગામના સરપંચ અને ગ્રામ પંચાયતના સભ્યો તેમજ આગેવાનોએ પણ ઉત્સાહભેર હાજરી આપી હતી.. પ્રદૂષણ ઘટાડી ગ્રીન કવર વધારવાના ઉદ્દેશ્યથી અમદાવાદના સાણંદ તાલુકાના કેસરડી ગામે ૧૨ હેકટરમાં 'કવચ વન'નું નિર્માણ કરાયું છે. અહીં મહત્તમ ઓક્સિજન આપતા અને પર્યાવરણનું રક્ષણ કરતા વિવિધ ૫૨ પ્રકારના છોડ રોપવામાં આવ્યા છે. જેનો ફાયદો થોડા વર્ષો બાદ સમગ્ર વિસ્તારને મળતો થઈ




જશે. કેસરડી બાયોડાયવર્સિટી કમિટી, ટાટા મોટર્સ અને ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી કુલ ૩૫,૦૦૦ છોડ રોપી તેનું જતન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. વસુંધરા પ્રોજેક્ટ અંતર્ગત પ્લાન્ટેશનને ટાટા મોટર્સના સીએસઆર દ્વારા સહયોગ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે બાવળા રેન્જ ફોરેસ્ટ વિભાગમાંથી રજનીભાઈ બલોલિયા તેમજ અન્ય સ્ટાફ, ટાટા મોટર્સ લિમિટેડના સિનિયર કર્મચારીઓ તેમજ ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કેસરડી ગામના સરપંચ અને ગ્રામ પંચાયતના સભ્યો તેમજ આગેવાનોએ પણ ઉત્સાહભેર હાજરી આપી હતી.. પ્રદૂષણ ઘટાડી ગ્રીન કવર વધારવાના ઉદ્દેશ્યથી અમદાવાદના સાણંદ તાલુકાના કેસરડી ગામે ૧૨ હેકટરમાં 'કવચ વન'નું નિર્માણ કરાયું છે. અહીં મહત્તમ ઓક્સિજન આપતા અને પર્યાવરણનું રક્ષણ કરતા વિવિધ ૫૨ પ્રકારના છોડ રોપવામાં આવ્યા છે. જેનો ફાયદો થોડા વર્ષો બાદ સમગ્ર વિસ્તારને મળતો થઈ જશે. કેસરડી બાયોડાયવર્સિટી કમિટી, ટાટા મોટર્સ અને ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી કુલ ૩૫,૦૦૦ છોડ રોપી તેનું જતન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. વસુંધરા પ્રોજેક્ટ અંતર્ગત પ્લાન્ટેશનને ટાટા મોટર્સના સીએસઆર દ્વારા સહયોગ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે બાવળા રેન્જ ફોરેસ્ટ વિભાગમાંથી રજનીભાઈ બલોલિયા તેમજ અન્ય સ્ટાફ, ટાટા મોટર્સ લિમિટેડના સિનિયર કર્મચારીઓ તેમજ ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### કોલકાતા-અબુ ધાબી ફ્લાઈટ મોલેસ્ટેશન કેસ

# જિંદાલ સ્ટીલના અધિકારીએ ફ્લાઈટમાં મહિલાને અશ્લીલ વીડિયો બતાવ્યો

## પહેલા અધિકારીએ તેની પસંદગીઓ પૂછી, પછી તેણે વીડિયો બતાવવાનું શરૂ કર્યું

| (એજન્સી) અમદાવાદ,તા.૨૦ |

એક મહિલાએ જિંદાલ સ્ટીલના અધિકારી પર ગંભીર આરોપ લગાવ્યા છે. મહિલાએ ઠ પર તેની અગ્નિપરીક્ષા શેર કરી. ૬૫ વર્ષીય અધિકારીનો પુત્ર યુએસમાં રહે છે. પહેલા અધિકારીએ તેની પસંદગીઓ પૂછી, પછી તેણે વીડિયો બતાવવાનું શરૂ કર્યું. આ દરમિયાન તેનો ઘમંડ વધુ વધી ગયો. એક મહિલાએ જિંદાલ સ્ટીલ ગ્રુપના અધિકારી પર ચાલુ ફ્લાઈટમાં તેની સાથે છેડતી કરવાનો આરોપ લગાવ્યો છે. મહિલાએ ઠ (અગાઉ ટ્વિટર) પર તેની આપવીતી શેર કરી છે. આરોપીનું નામ દિનેશ કુમાર સરોગી છે, જે કોલકાતાથી અબુ ધાબી જતી ફ્લાઈટમાં મહિલાની બાજુમાં બેઠો હતો. મહિલા અબુધાબીથી બોસ્ટન જવાની હતી. જિંદાલ સ્ટીલ એન્ડ પ ાવર લિમિટેડના ચેરમેન નવીન જિંદાલે




કહ્યું છે કે આ મામલે કાર્યવાહી કરવામાં આવશે. મહિલાએ ઠ પર લખ્યું કે ૬૫ વર્ષીય દિનેશ કુમાર ઓમાનમાં રહે છે. તેઓ લાંબા સમયથી જિંદાલ સ્ટીલ ગ્રુપ સાથે જોડાયેલા છે. તેમની ન્હીદ્ભેંહ પ્રોફાઈલ ફેદ્ભષ્ઠટ્ઠહ યીહ જીદ્ભ ઝઈ દર્શાવે છે. જે જિંદાલ સ્ટીલ ગ્રુપ સાથે છે. સરોગીએ ફ્લાઈટમાં મહિલાને જણાવ્યું કે તે મૂળ રાજસ્થાનના ચુરુની છે. તેમનો પુત્ર યુએસમાં રહે છે. તેણે સામાન્ય રીતે વાતચીત શરૂ કરી. બાદમાં તેઓ તેમને તેમની પસંદ-નાપસંદ વિશે પૂછવા લાગ્યા. પછી પૂછ્યું કે શું તેને ફિલ્મો ગમે છે? મહિલાનો જવાબ હકારાત્મક હતો. બાદમાં ફોન પર કેટલીક ક્લિપ્સ દેખાવા લાગી. પછી તેમને અશ્લીલ વીડિયો પણ બતાવ્યો. મહિલા સંપૂર્ણપણે અસ્વસ્થ થઈ ગઈ અને શૌચાલય તરફ ગઈ. જે બાદ સ્ટાફને આ સમગ્ર ઘટનાની જાણ કરવામાં આવી હતી. સ્ટાફે મહિલાની સીટ બદલી નાખી. મહિલાના કહેવા પ્રમાણે, તેની સારી રીતે કાળજી લેવામાં આવી હતી. પ રિચારકે તેમને ખાદ્યપદાર્થો આપ્યા અને તેમની સુરક્ષાની ખાતરી આપી. તેમજ અબુધાબી પોલીસને પણ એલર્ટ કરવામાં આવી હતી. તેણીને બોસ્ટન જવાનું હતું, તેથી તે આ અંગે ફરિયાદ નોંધાવી શકી ન હતી. એટલું જ નહીં સ્ટાફે મહિલાને બીજા ગેટમાંથી બહાર કાઢી હતી.

### લાલ સમુદ્રના સંકટને કારણે નિકાસ મોંઘી થઈ છે

# કન્ટેનરની અછત અને નૂરના વધતા ખર્ચથી ટેક્સ્ટાઇલ ડિલિવરીને ફટકો

## કન્ટેનરની અનુપલબ્ધતાને કારણે નિકાસકારો તેમનો ઉત્પાદિત માલ મોકલી શકતા નથી પરિણામે, ભાડા પર ઉપલબ્ધ ગોડાઉનની માંગ વધુ છે

| (એજન્સી) અમદાવાદ,તા.૨૦ |

કન્ટેનરની અછત અને નૂર ખર્ચમાં વધારો થવાને કારણે ટેક્સટાઈલ ડિલિવરીને ફટકો પડ્યો છે. આ સ્થિતિ સ્થાનિક અને નિકાસ ઓર્ડર પર અસર કરી રહી છે. ડેનિમ નિકાસકારો અછતને કારણે વેરહાઉસમાં નિકાસ માટે તૈયાર ફેબ્રિકના લગભગ ૫૦૦ કન્ટેનરનો સ્ટોક કરવાની ફરજ પાડતા ઉત્પાદકોને શિપમેન્ટના ઢગલા પર નજર રાખી રહ્યા છે. યાર્ન ઉત્પાદકોની પણ આવી જ સ્થિતિ છે. ઉદ્યોગ નિષ્ણાતો કહે છે કે નવા ઓર્ડર આવી રહ્યા નથી કારણ કે ઉત્પ ાદકો અગાઉના ઓર્ડરને ડિલિવર કરવામાં અસમર્થ છે. અમદાવાદમાં ડેનિમ ઉત્પાદક વિનોદ મિત્તલે જણાવ્યું હતું કે, "FY24 ના છેલ્લા ક્વાર્ટરમાં ડેનિમ ઉદ્યોગમાં પુનરુત્થાન જોવા મળ્યું હતું પરંતુ તે




પછી સમય પડકારજનક રહ્યો છે. ત્યાં એક સ્થિર ઓફશોર માંગ છે પરંતુ અમે કન્ટેનર સમસ્યાઓના કારણે નિકાસ કરવામાં અસમર્થ છીએ. પરિણામે, સ્ટોક સ્ટોર કરવા માટે ગોડાઉનની માંગ વધી છે અને તેના ભાડા પણ વધી ગયા છે કારણ કે વિવિધ ક્ષેત્રો સમાન પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. જ્યાં સુધી અમે અગાઉના ઓર્ડરો ન આપીએ ત્યાં સુધી અમને નવા ઓર્ડર મળતા નથી. ઉદ્યોગના અંદાજ મુજબ, ગુજરાતમાં માત્ર ડેનિમ સેક્ટરમાં જ લગભગ ૫૦૦ કન્ટેનર (૨૦ ટન દરેક)નો સ્ટોક જોવા મળ્યો છે. આનાથી એકમોની ક્ષમતાનો ઉપ યોગ ત્રણ મહિના પહેલા લગભગ ૯૦% થી ઘટીને ૬૦-૭૦% થયો છે. કન્ટેનરની અનુપ લબ્ધતાને કારણે નિકાસકારો તેમનો ઉત્પ ાદિત માલ મોકલી શકતા નથી. પરિણામે, ભાડા પર ઉપલબ્ધ ગોડાઉનની માંગ વધુ છે. જ્યારે ચુકવણી ચક્ર વિસ્તરે છે ત્યારે આ એક વધારાનો ખર્ચ આકર્ષે છે.

# કાલોલમાં ભેળસેળયુક્ત ખાદ્યતેલનું કૌભાંડ ઝડપાયું

| (એજન્સી) અમદાવાદ,તા.૨૦ |

કાલોલ તાલુકાના દેલોલ ગામમાં એક મોટું તેલ કૌભાંડ ઝડપાયું છે. સ્થાનિક અધિકારીઓએ શ્રીનાથ પ્રોટીન નામની ઓઈલ મિલમાં દરોડો પાડ્યો, જ્યાં પામ તેલને કપ ાસિયા તેલ તરીકે વેચવામાં આવતું હતું. જિલ્લા પુરવઠા અધિકારી અને કાલોલ મામલતદારની ટીમે મિલમાં તપાસ કરતા અનેક નામી બ્રાન્ડના સ્ટીકરો અને ખાલી ડબ્બાઓ મળી આવ્યાતપાસમાં ૨૧,૦૦૦ વિવિધ બ્રાન્ડના લેબલ, ૧૫ કિલોગ્રામના ૨,૦૦૦ ખાલી ડબ્બા, ૧ લિટરના ૪૩,૦૦૦ ડબ્બા અને ૫૦૦ મિલિલિટરના ૩,૦૦૦ ખાલી ટીન જપ્ત કરવામાં આવ્યા. અધિકારીઓએ આશરે રૂ. ૩.૭૦ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો અને મિલને સીલ કરી દીધી છે. હવે તપાસનો વિસ્તાર વધારવામાં આવી રહ્યો છે, જેમાં કપાસિયા તેલના નામે પામ તેલનું વેચાણ કોણે કર્યું.

### ત્રણ કલાકમાં નવ ઈંચ વરસાદ, અનેક ગામોમાં પૂર જેવી સ્થિતિ

# સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદથી જીવન અસ્તવ્યસ્ત થઈ થયું

| (એજન્સી) અમદાવાદ,તા.૨૦ |

સૌરાષ્ટ્ર અને પશ્ચિમ ગુજરાતના વિસ્તારોમાં હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જાહેર કરાતા સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી રહ્યો છે, જેને પગલે રાજકોટના ધોરાજીમાં છેલ્લા ૨૪ કલાકમાં ધોધમારી વરસાદ વરસ્યો છે. તેવામાં ધોરાજીના ચિચોડમાં ત્રણ કલાકની અંદરમાં નવ ઈંચ વરસાદ વરસતા ગામની નદીમાં ઘોડાપૂરની સ્થિતિ નિર્માણ પામી હતી. બીજી તરફ, છેલ્લા ૨૪ કલાકની અંદરમાં ભાડેર ગામમાં ૧૨ ઈંચ જેટલો વરસાદ પડતાં ગ્રામજનોને હાલાકીનો સામનો કર્યો હતો. આ સાથે રાજકોટના જામકંડોરણા તાલુકાના ગામડાઓમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગ દ્વારા રાજકોટ, જામનગર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર સહિતના જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું, ત્યારે પ ોરબંદર અને રાજકોટ સહિતના જિલ્લામાં ધોધમાર વરસાદ પ ડી રહ્યો છે. જેમાં રાજકોટના ધોરાજીમાં મેઘરાજાએ ધબળાટી બોલાવી હતી. જેમાં ધોરાજીના ચિચોડ ગામમાં ત્રણ કલાકની અંદરમાં નવ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. આ સાથે ધોરાજી ઉપલેટાના તાલુકા સહિતના વિસ્તારોમાં અતિભારે વરસાદને પગલે નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ ઉભી થઈ હતી. આ ઉપરાંત, ઉપલેટા પ ંથકમાં મેઘરાજા મહેરબાન થતા ચારેય તરફ પાણી ભરાયા હતા. જેમાં રાજકોટ-પોરબંદર હાઈવે પરના ખેતરોમાં પાણી ભરાતા ખેડૂતોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

### બે લગ્ન, સોગંદનામામાં અપરિણીત દર્શાવ્યું

# ભાજપના મહિલા કોર્પોરેટરના સોગંદનામાને લઈને વિવાદ સામે આવ્યો

## પુત્રના ઘરે પણ પુત્રો છે, ૨૦૨૨માં બીજા લગ્ન પણ કર્યા હતા

| (એજન્સી) અમદાવાદ,તા.૨૦ |

ભાજપના કોર્પોરેટર તરીકે ચૂંટાઈને આવેલાં લલિતાબેન હમીરભાઈ મકવાણાએ કરેલા સોગંદનામાને લઈને વિવાદ સામે આવ્યો છે. તેમણે પરિણીત અને સંતાનો હોવા છતાં પણ અપ રિણીત હોવાનું ખોટું સરનામું દર્શાવ્યું હતું. બાદમાં ખોટું સોગંદનામું ચૂંટણી કમિશનર સમક્ષ રજૂ કર્યુ હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્ષ ૨૦૨૧ની ચૂંટણીમાં નવા વાડજ વોર્ડમાંથી તેઓ કોર્પોરેટર તરીકે ચુંટાયા હતા. આ અંગે કોંગ્રેસમા-ંથી ઉમેદવારી નોંધાવનાર પુષ્પાબેન પરમાર દ્વારા કોર્ટમાં ફરિયાદ કરવામાં આવી છે. આ મામલે કોર્ટમાં પ્રાથમિક રીતે લલિતાબેન મકવાણાએ ખોટું સોગંદનામું કર્યુ હોવા અંગે પુરાવા મળી આવતા હવે ક્રિમિનલ કેસ કોર્ટમાં ચાલશે તેમણે પહેલા લગ્ન ૧૯૯૫માં થયા હતા અને બીજા લગ્ન ચૂંટણી પછી ૨૦૨૨માં કર્યા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. લલિતાબેન વિરુદ્ધ મળી આવેલા પુરાવા અને પોલીસ તપાસમાં અનેક હકીકતો સામે આવી છે. લલિતાબેન મકવાણા બે વર્ષ પહેલાં તેમના બંને દીકરાને મળવા માટે રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકામાં આવેલા કરમાળ પીપળિયા ગામે ગયાં હતાં અને દીકરાના બે નાના દીકરા માટે એક એક જોડી કપડાં પણ લઈને ગયાં હતાં.

લલિતાબેન મકવાણાએ વર્ષ ૧૯૯૫માં રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકામાં આવેલા કરમાળ પીપળિયા ગામે રમેશભાઈ પ ાલાભાઈ પરમાર સાથે લગ્ન કર્યા હતા. રમેશભાઈ પાલાભાઈના પિતા પાલાભાઈ પરમાર દીકરો સુનિલ, ભાવેશ અને પુત્રવધૂનાં નિવેદન પોલીસે લીધાં છે. જેમાં અનેક ચોંકાવનારી બાબતો સામે આવી છે. જેના આધારે લલિતાબેનના અગાઉ લગ્ન થઈ ચૂક્યાં છે અને તેમને સંતાનો પણ છે. છતાં પણ તેઓએ અપરિણીત હોવાનું ચૂંટણીના સોગંદનામાં દર્શાવ્યું હતું. ૨૦ વર્ષથી વધુ સમયથી તેઓ અમદાવાદ ખાતે રહે છે અને વર્ષ ૨૦૨૨માં બીજા લગ્ન પણ કરી લીધા છે.

લગ્ન બાદ રમેશભાઈ મજૂરી કામ કરતા હતા એ તેઓને ગમતું નહોતું. જેના કારણે તેઓ પિયરમાં રહેવા જતાં રહ્યાં હતાં. ત્યારબાદ એક વખત તેઓને સમજાવીને પરત લાવ્યાં હતાં. પરંતુ ચાર-પાંચ મહિના રહ્યા બાદ રિસાઈને તેઓ પરત અમદાવાદ જૂના વાડજ ખાતે તેમના પિતાના ઘરે આવતાં રહ્યાં હતાં. ૨૦ વર્ષથી વધુ સમયથી લલિતાબેન જૂના વાડજમાં રહે છે.

રમેશભાઈ છેલ્લાં અનેક વર્ષોથી માનસિક બિમાર હોવાનું કહેવાય છે. લગ્ન બાદ લલિતાબેનને ત્રણ સંતાનો થયાં હતાં. સુનિલ, ભાવેશ અને અન્ય એક દીકરીનો જન્મ થયો હતો. જો કે, દીકરીનું મૃત્યુ થયું છે. સુનિલ અને ભાવેશ તેમના પિતા સાથે રહે છે. લલિતાબેનના જ્યારે લગ્ન થયાં ત્યારે તેઓના સાસરીમાં ત્રણ નામ ચાલતાં હતાં. લલિતાબેન, કાંતાબેન અને લતાબેન નામથી ઓળખાતાં હતાં. લલિતાબેનના સસરા પાલાભાઈ પરમારે પોલીસ સમક્ષ એફિડેવિટ કરી અને આપ્યું છે કે, તેઓના દીકરાનાં પત્ની લલિતાબેન મકવાણાનાં ત્રણ નામ હતાં. જેને હાલમાં બે પુત્રો પણ છે.લલિતાબેન મકવાણાએ વર્ષ ૨૦૨૨માં જૂના વાડજના ગાંધીનગરના ટેકરા ખાતે રહેતા હસમુખભાઈ પરમાર સાથે લગ્ન કરી લીધાં છે. જે અંગેનું મેરેજ સર્ટિફિકેટ પણ વાડજ પોલીસની તપાસમાં લેવામાં આવ્યું છે. હસમુખભાઈ લલિતાબેનને છેલ્લાં ૧૦ વર્ષથી ઓળખે છે અને વર્ષ ૨૦૨૨માં જ તેઓએ લગ્ન કરી લીધાં છે. લલિતાબેનનાં લગ્ન રમેશભાઈ બાલાભાઈ પરમાર સાથે થયા છે કે કેમ અને રમેશભાઈને જાણતા નથી તેવી હકીકત પણ પોલીસને તેઓએ જણાવી છે. ફરિયાદી પુષ્પાબેન પરમારનું કહેવું છે કે વર્ષ ૨૦૨૧માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં તેઓએ કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે સામે ભાજપના ઉમેદવાર લલિતાબેન મકવાણાએ ઉમેદવારી નોંધાવી. જેમાં તેઓએ જે સોગંદનામું રજૂ કર્યું હતું તે ખોટું હતું.

**૨૦ વર્ષથી વધુ સમયથી લલિતાબેન જૂના વાડજમાં રહે છે.**

**લગ્ન બાદ રમેશભાઈ મજૂરી કામ કરતા હતા એ તેઓને ગમતું નહોતું. જેના કારણે તેઓ પિયરમાં રહેવા જતાં રહ્યાં હતાં. ત્યારબાદ એક વખત તેઓને સમજાવીને પરત લાવ્યાં હતાં. પરંતુ ચાર-પાંચ મહિના રહ્યા બાદ રિસાઈને તેઓ પરત અમદાવાદ જૂના વાડજ ખાતે તેમના પિતાના ઘરે આવતાં રહ્યાં હતાં. ૨૦ વર્ષથી વધુ સમયથી લલિતાબેન જૂના વાડજમાં રહે છે. રમેશભાઈ છેલ્લાં અનેક વર્ષોથી માનસિક બિમાર હોવાનું કહેવાય છે. લગ્ન બાદ લલિતાબેનને ત્રણ સંતાનો થયાં હતાં. સુનિલ, ભાવેશ અને અન્ય એક દીકરીનો જન્મ થયો હતો. જો કે, દીકરીનું મૃત્યુ થયું છે. સુનિલ અને ભાવેશ તેમના પિતા સાથે રહે છે. લલિતાબેનના જ્યારે લગ્ન થયાં ત્યારે તેઓના સાસરીમાં ત્રણ નામ ચાલતાં હતાં. જો કે, દીકરીનું મૃત્યુ થયું છે. સુનિલ અને ભાવેશ તેમના પિતા સાથે રહે છે. લલિતાબેનના જ્યારે લગ્ન થયાં ત્યારે તેઓના સાસરીમાં ત્રણ નામ ચાલતાં હતાં. લલિતાબેન, કાંતાબેન અને લતાબેન નામથી ઓળખાતાં હતાં. લલિતાબેનના સસરા પાલાભાઈ પરમારે પોલીસ સમક્ષ એફિડેવિટ કરી અને આપ્યું છે કે, તેઓના દીકરાનાં પત્ની લલિતાબેન મકવાણાનાં ત્રણ નામ હતાં. જેને હાલમાં બે પુત્રો પણ છે.લલિતાબેન મકવાણાએ વર્ષ ૨૦૨૨માં જૂના વાડજના ગાંધીનગરના ટેકરા ખાતે રહેતા હસમુખભાઈ પરમાર સાથે લગ્ન કરી લીધાં છે. જે અંગેનું મેરેજ સર્ટિફિકેટ પણ વાડજ પોલીસની તપાસમાં લેવામાં આવ્યું છે.**

# સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર વરસાદને કારણે લીલો દુષ્કાળ સર્જાવાની ભીતિ



| (એજન્સી) અમદાવાદ,તા.૨૦ |

સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ વચ્ચે હવામાન વિભાગે આજે ૧૦ જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. જે અંતર્ગત સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાંક સ્થળો પર રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલીમાં રેડ એલર્ટ અપાયું છે. ગીર સોમનાથ અને રાજકોટમાં પણ અત્યંત ભારેની આગાહી કરાઈછે. બીજી તરફ ૧૧ જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ અપાયું છે. જેમાં કચ્છ, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગરનો સમાવેશ થાય છે. મધ્ય ગુજરાતના ૫ જિલ્લા અમદાવાદ, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદમાં યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

અનરાધાર વરસાદથી ફરી એક વખત જુનાગઢ જિલ્લો જળબંબાકાર બન્યો. ખાસ કરીને જુનાગઢના કેશોદ પંથકમાં સ્થિતિ વિકટ બની. કેશોદના ઘેડ પંથકમાં આવેલ અખોદર ગામે ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમનાં દરવાજા ખોલવામાં આવતાં સમગ્ર ઘેડ પંથકમાં પાણી ફરી વળ્યાં છે. ત્યારે અખોદર ગામે વાડી વિસ્તારમાં ૪ પશુપાલકો ફસાયા. ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યૂ ટીમ સ્થળ પર પહોંચી અને વોટર બોટની મદદથી ચારેયને સહીસલામત પ ાણીમાંથી બહાર કાઢ્યા.જુનાગઢમાં અવિરત વરસાદને કારણે ઘેડ પંથકના ગામો ત્રીજી વાર બેટમાં ફેરવાયા. ઘેડ પંથકના સરમા, સમરડા, સાંઢા, ઘોડાદર, ભાથરોટ સહિતના ગામો જળમગ્ન થયા. અવિરત વરસાદ પડતાં ક્યાંક ખુશી ક્યાંક તારાજી જોવા મળી રહી છે. ખેડૂતોના ખેતરોમાં નદી જેવી સ્થિતિ સર્જાઇ છે. ખેડૂતોએ મગફળી, સોયાબીન, કપાસ જેવા પાકોનું વાવેતર કર્યું છે. પરંતુ ઓઝત નદીના પાળા તૂટ્યા બાદ સ્થિતિ વધુ વિકટ બની છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨